પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૯-૪-૨૦૨૬, બુધવાર
વર્ષ: ૧૫, અંક : ૪૫

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જયારે અક્કલ ઉપર પડદો લાગી જાય ત્યારે સમજાવાવાળા જ ખોટા લાગે છે...

હોમ ડીલીવરી મળશે
ચણાદાળ
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

# જનાદેશનો આજ ટ્રેન્ડ જળવાઈ રહેશે તો વિધાનસભામાં ચૂંટણીમાં ભાજપ ૧૭૦થી વધુ બેઠકો જીતશે

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શાનદાર જીતે ભાજપ માટે ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં જીતનો માર્ગ વધુ સરળ અને મજબુત બનાવી દીધોઃ હવે વિધાનસભામાં પણ ભાજપ અખતરા કરતા અચકાશે નહીં

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપનો શાનદાર વિજય થયો છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં તમામ ૧૫ મહાપાલિકામાં ભાજપ તોતીંગ બહુમતિ સાથે વિજેતા બન્યું છે. જ્યારે ૩૪ જિલ્લા પંચાયતમાંથી ભાજપે ૩૩ જિલ્લા પંચાયત અંકે કરી છે. ૮૪ નગરપાલિકાઓમાંથી ૭૬ નગરપાલિકાઓમાં ભાજપને પૂર્ણ બહુમત પ્રાપ્ત થયો છે. જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકાપંચાયતમાં કમળ પૂર્ણ બહુમત સાથે સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. મોટાભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસને માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો પણ મળી નથી. જો જનાદેશનો આ જ ટ્રેન્ડ યથાવત રહે તો દોઢ વર્ષ પછી એટલે કે, વર્ષ ૨૦૨૭ના અંતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૧૭૦ બેઠકો જીતી રાજ્યમાં સતત ૮ મી વખત સત્તારૂઢ થાય તેવા સંજોગો હાલ દેખાઈ રહ્યા છે. સત્તાના સેમિફાઈનલ સમા જંગમાં ભાજપની શાનદાર જીતે વિધાનસભાની આગામી ચૂંટણીમાં પક્ષની જીતનો માર્ગ વધુ સરળ સાથે મજબુત બનાવી દીધો છે. કારમાં પરાજય બાદ જો હવે કોંગ્રેસ ચિંતન કરવાના બદલે ગંભીરતાથી ચિંતા



## મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પદાધિકારીઓની નિમણુંક બાદ આરામ કરવાના બદલે ભાજપ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દેશે

નહીં કરે તો ગુજરાતની રાજનીતિ માંથી પંજાનું અસ્તિત્વ સંપૂર્ણપણે વિખેરાઈ જશે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. ગમે તેટલી મોટી જીત મળી હોય છતાં ભાજપ ક્યારેય જીતના ઉન્માદમાં રહેતો નથી એક ચૂંટણી પૂરી થાય કે બીજી ચૂંટણીમાં ફતેહ મેળવવા માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવે છે. હવે મહાપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પદાધિકારીઓને નિમણુંક કર્યા બાદ ભાજપ દ્વારા તુરંત જ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દેવામાં આવશે.

ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ પૂર્ણ બહુમત સાથે સત્તાસુખ ભોગવી રહ્યુ છે. ૧૯૯૫માં પ્રથમવાર ગુજરાતમાં ભાજપને સત્તાસુખ મળ્યું હતું. ત્યારબાદ સરકાર દ્વારા એક માત્ર વિકાસની રાજનીતિને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જેના કારણે કમળ વિધાનસભાની છેલ્લી સાત ચૂંટણીથી પૂર્ણ બહુમત સાથે સોળે કળાએ ખીલી રહ્યું છે. ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રેકોર્ડબ્રેક ૧૫૬ બેઠકો મળી હતી. ત્યાર બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના (અનુ. આઠમા પાને)

**કોંગ્રેસ કારમાં પરાજય બાદ હવે ચિંતન કરવાને બદલે ગંભીરતા સાથે ચિંતા નહીં કરે તો ગુજરાતની રાજનીતિમાંથી પંજાનું અસ્તિત્વ સંપૂર્ણપણે વિખેરાઈ જશે**

### સરકાર અને સંગઠનની જોડીના કારણે સુંદર પરિણામ

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા વચ્ચે જબરજસ્ત સંકલન છે. સરકાર અને સંગઠન એક જોડી બનીને પ્રજાલક્ષી કાર્યો કરી રહી છે.

જેના કારણે ગુજરાતમાં ભાજપને ધાર્યા કરતા સવાયા પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. સરકાર દ્વારા લેવામાં આવતા પ્રજાલક્ષી નિર્ણયોને સંગઠનના કાર્યકરો છેક છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચાડી દે છે એટલું જ નહીં ચુંટાયેલા જનપ્રતિનિધિઓના લોકસંપર્ક કાર્યાલયો પણ સતત ધમધમતા રહે છે. જેના કારણે લોકોને સરળતાથી સરકારી સુવિધાઓ પ્રાપ્ત થઈ જાય છે. સરકાર અને સંગઠન વચ્ચેના સુંદર સમનવયના કારણે ભાજપને ધાર્યા કરતા સારા પરિણામો પ્રાપ્ત થાય છે.

# મહાપાલિકાઓમાં ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા અને જિલ્લા પંચાયતમાં ૫૨.૨૩ ટકા રહ્યો!

## નગરપાલિકાઓમાં ભાજપને મળેલા મતની ટકાવારી ૫૨.૫૧ ટકા અને તાલુકા પંચાયતમાં ૫૧ ટકાથી વધુ નોંધાઈ : વોટ શેરમાં કોંગ્રેસ ભાજપથી માઈલો દૂર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં કમળના વાવાઝોડાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને તહસ-નહસ કરી નાખ્યું છે. શહેરી વિસ્તારોમાં તો વરસોથી ભાજપનું વર્ચસ્વ જોવા મળી રહ્યુ છે. હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમળ કાઠુ કાઢી રહ્યું હોય તેવું લાગી રહ્યુ છે. વોટ શેરની દ્રષ્ટિએ કોંગ્રેસ કરતા ભાજપ ઘણું આગળ છે. ચૂંટણી હોય કે ન હોય ભાજપની સંગઠનની ટીમ હંમેશા પક્ષનો વોટ શેર કેવી રીતે વધે તેના માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. કાયમી ધોરણે પ્રજા વચ્ચે રહેવાની પક્ષની નીતિના કારણે ગુજરાતમાં ભાજપ છેલ્લા ત્રણ દાયકાથી એકહથુ શાસન ધરાવે છે. મહાપાલિકામાં ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા જેવો રહેવા પામ્યો હતો. જ્યારે જિલ્લા પંચાયતોમાં ભાજપનો વોટ શેર ૫૨.૨૩ ટકા જેવો રહ્યો છે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપની જીત થઈ છે. જેમાં વોટ શેરની વાત કરવામાં આવે તો ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા રહેવા પામ્યો હતો. જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૨૬.૪૬ ટકા રહ્યો છે. ૧૫ મહાપાલિકાની ૧૦૪૪ બેઠકો માંથી ભાજપ ૯૩૭ બેઠકો જીત્યું છે. જ્યારે કોંગ્રેસ તેનાથી ૧૦ ટકા બેઠકો જીતી શક્યું છે. કોંગ્રેસના ફાળે માત્ર ૯૫ બેઠક આવી છે. જ્યારે અન્ય પક્ષોના ફાળે ૧૨ બેઠક આવી છે. ૩૪ જિલ્લા પંચાયતો પૈકી ૩૩ જિલ્લા પંચાયતોમાં ભાજપને પૂર્ણ બહુમત પ્રાપ્ત થયો છે. જિલ્લા પંચાયતમાં ભાજપના વોટ શેરની ટકાવારી ૫૨.૨૩ ટકા રહી છે. જ્યારે સામાપક્ષે કોંગ્રેસનો વોટ શેર ૩૩.૭૦ ટકા રહ્યો છે. જિલ્લા પંચાયતની કુલ ૧૦૯૦ બેઠકો માંથી ભાજપ ૮૯૨ બેઠકો જીત્યું છે. સામાપક્ષે કોંગ્રેસ ૧૩૬ બેઠકો જીતવામાં સફળ રહ્યુ છે. જ્યારે અન્યના ફાળે ૬૨ બેઠકો આવી છે. ૮૪ નગરપાલિકાઓમાંથી ૭૮ નગરપાલિકાઓમાં ભાજપનું કમળ સોળેકળાએ ખીલી ઉઠ્યું છે. નગરપાલિકાઓમાં ભાજપનો વોટ શેર ૫૨.૫૧ ટકા રહ્યો છે. સામાપક્ષે કોંગ્રેસનો વોટ શેર ૩૦.૭૮ ટકા રહેવા પામ્યો છે. નગરપાલિકાઓની કુલ ૨૬૨૪ બેઠકમાંથી ભાજપે ૧૯૯૧ બેઠકો જીતી છે. જ્યારે કોંગ્રેસના ફાળે ૪૫૯ બેઠક આવી છે. અને (અનુ. આઠમા પાને)

# બંગાળમાં બપોર સુધીમાં ૬૪ ટકા જેટલું જંગી મતદાન

## મતદાન દરમિયાન અનેક વિધાનસભા મતવિસ્તારોમાં હિંસા, લાઠીચાર્જ, સૂત્રોચ્ચાર અને ઈવીએમ સાથે છેડછાડની ઘટનાઓ નોંધાઈઃ સામાન્ય રીતે ભારતમાં કોઈપણ ચૂંટણીમાં ૯૦ ટકાથી વધુ મતદાન થવું તે દુર્લભ માનવામાં આવે છે, ત્યારે પ્રથમ તબક્કાની જેમ અંતિમ તબક્કામાં પણ ૯૦ ટકાથી વધુ મતદાન થાય તો નવાઈ નહિ

### જ્યાં પણ ઈવીએમ પર ટેપ મળી આવશે ત્યાં ફરીથી મતદાન કરવામાં આવશેઃ ચૂંટણી પંચ


બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલે જણાવ્યું હતું કે જે મતદાન મથકોમાં ઈવીએમ પર કાળી કે સફેદ ટેપની ફરિયાદો મળશે ત્યાં ફરીથી મતદાન કરવામાં આવશે.તેમણે જણાવ્યું હતું કે જો કોઈ એક વિધાનસભા મતવિસ્તારમાં મોટી સંખ્યામાં બૂથ પર આવી ફરિયાદો આવશે તો સમગ્ર મતવિસ્તાર માટે ફરીથી મતદાન કરવામાં આવશે.



**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે, પરંતુ આ વખતે લડાઈ માત્ર પક્ષો વચ્ચે નથી, પણ આંકડાઓ અને 'ડર' વચ્ચે પણ છે. પ્રથમ તબક્કામાં થયેલા ૯૩% જેટલા તોતિંગ મતના ટકાએ રાજકીય પંડિતોને વિચારતા કરી દીધા છે. જે વિસ્તારો અત્યાર સુધી તૃણમૂલ કોંગ્રેસ માટે સુરક્ષિત માનવામાં આવતા હતા, ત્યાં હવે કાંટાની ટક્કર જોવા મળી રહી છે. આ વખતે એસઆઈઆર (જેના કારણે મતદાર યાદીમાંથી લાખો નામો કપાયા છે) ના કારણે મતદારોમાં એક પ્રકારનો ડર અને જાગૃતિ છે, જેના લીધે તેઓ મોટી સંખ્યામાં બહાર નીકળી રહ્યા છે.

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણીમાં ૧૪૨ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. (અનુ. આઠમા પાને)






## દરેક પગલામાં સંસ્કૃતિ, દરેક તાલમાં દુનિયા

# માનવ શરીર જ્યાં સુધી ધબકશે ત્યાં સુધી "નૃત્ય" જીવંત રહેશે

**નૃત્ય એટલે પોતાની લાગણી, સંસ્કૃતિ, ભક્તિ અને કલાને અભિવ્યક્ત કરવાનું ઉત્તમ માધ્યમ: ભારતમાં કુચીપુડી, ભારત નાટ્યમ, કથ્થક, ઓડિસી, કથ્થકકલી, ગરબા, મણિપુરી, ભાંગડા જેવા વિવિધ નૃત્યોના પ્રકારો છે: ગુજરાતના ગરબા જે દેશ વિદેશોમાં પણ આજે પ્રસિદ્ધ છે : ભારતના દરેક રાજ્યોમાં પોતાના નૃત્યો અને લોક કલાઓનો અમૂલ્ય વારસો છે**

ગઈકાલનું નૃત્ય એ સંસ્કૃતિ, ધર્મ અને પરંપરાનું પ્રતિબિંબ હતું. ભારતમાં ભરતનાટ્યમ, કથક, કુચીપુડી જેવા શાસ્ત્રીય નૃત્યો મંદિરો અને રાજદરબાર સાથે જોડાયેલા હતા, તો ગરબા, ભાંગડા, ઘૂમર જેવા લોકનૃત્યો ઉત્સવો અને ઋતુચક્ર સાથે વણાયેલા હતા. નૃત્ય ગુરુ-શિષ્ય પરંપરાથી શીખવાતું અને તેનો હેતુ ભકિત, કથાકથન કે સામાજિક એકતા હતો. આજનું નૃત્ય વૈશ્વિક અને પ્રાયોગિક બન્યું છે. શાસ્ત્રીય નૃત્યો મંચ, ફિલ્મો અને ડિજિટલ પ્લેટફોર્મ પર પહોંચ્યા છે, જ્યારે હિપ-હોપ, કન્ટેમ્પરરી, સાલ્સા અને બોલીવુડ જેવી શૈલીઓએ યુવાનોને નવો અવકાશ આપ્યો છે. સોશિયલ મીડિયા, રિયાલિટી શો અને ઓનલાઈન ક્લાસીસના કારણે નૃત્ય શીખવું અને રજૂ કરવું સરળ બન્યું છે. આજે નૃત્ય માત્ર કલા નથી, પણ ફિટનેસ, થેરાપી, અને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ પણ છે.

આવતીકાલનું નૃત્ય ટેકનોલોજી અને સર્જનાત્મકતાના સમન્વયનું હશે. VR/AR સ્ટેજ, મોશન કેપ્ચર અને અઈ-આધારિત કોરિયોગ્રાફી નવા પ્રયોગો શકય બનાવશે.ભૌગોલિક સીમાઓ વધુ ભૂંસાશે અને ભારતીય શાસ્ત્રીય મુદ્રાઓ પશ્ચિમી સ્ટ્રીટ સ્ટાઈલ સાથે ભળીને નવી 'ફ્યુઝન' ભાષા રચશે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

છતાં, નૃત્યનો મૂળ આત્મા લાગણી, લય અને વાર્તા કહેવાની તાકાત અકબંધ રહેશે, કારણ કે માનવ શરીર જ્યાં સુધી ધબકશે ત્યાં સુધી નૃત્ય જીવતું રહેશે. આજનો દિવસ વિશ્વમા નાચો, ગાવો અને ઝુમવાનો છે. પૃથ્વી પર વસતો ગમે તે માનવી કે પશુ-પંખીઓ આનંદ વ્યકત કરવા ઝુમવા લાગે છે, નૃત્ય કરે છે. આજે વૈશ્વિક નૃત્ય કે ડાન્સ દિવસ છે. નૃત્ય માનવ જીવન સાથે જન્મજાત જોડાયેલો ભાગ છે.

નાનકડા બાળકો પણ ગીત, સંગીત સાંભળે છે, ત્યારે ઝુમવા લાગે છે. નવરાત્રીમાં પ્રાચિન અર્વાચિન ગરબા નૃત્ય કે ડિસ્કો દાંડીયા નર્તનનો એક ભાગ છે. નૃત્ય માનવ ઈતિહાસમાં ૮૦૦૦ બીસી પૂર્વે ભારતના ગુફા ચિત્રોમાં પણ જોવા મળે છે, આ અગાઉ ૩૩૦૦ બીસીથી ઈજિપ્તવાસીઓના આશ્રય સ્થાનોમાં તેના ચિત્રો જોવા મળ્યા હતા. માનવસૃષ્ટિના વિકાસ સાથે ૧૬૦૦ મી સદીમાં કથક નૃત્યનો ભારતમાં પ્રારંભ થયો હતો. ભારતમાંથી ઉદભવતા નૃત્યના વિવિધ આઠ સ્વરુપોમાંથી તે એક છે. મંદિરો અને ધાર્મિક નૃત્યનો પણ આપણાં દેશમાં ઈતિહાસ જોવા મળે છે.વિશ્વની પ્રથમ સત્તાવાર ડાન્સ સ્કુલ, રોયલ એકેડમી ઓફ ડાન્સની સ્થાપના ફ્રાન્સ દેશમાં થઈ હતી. ૧૮૦૦ મી સદીમાં આધુનિક ડાન્સ કે નૃત્યની શરુઆત થઈ હતી. શાસ્ત્રીય નૃત્યો જેવા કે જાઝ, ટેપ, સાલસા અને હિપ-હોપ તરફ આગળ વધીને નૃત્યનો વિકાસ થયો હતો. ડાન્સ થીમ આધારીત ડર્ટી ડાન્સીંગ, બિલી ઈલિયટ, બ્લેક સ્વાન અને ફુટલુઝ જેવી હોલીવુડ ફિલ્મો પણ ઘણી સફળ રહી હતી. નૃત્ય એક કસરતના ભાગરુપે સમજીને શરીર સ્વાસ્થ્ય માટે સારુ ગણાય છે. આનાથી સુગમતા, સંતુલન, સંકલન જેવી ઘણી બાબતો શીખવા મળે છે. નૃત્ય આપણને એરોબિક કસરત આપે છે. જેનાથી હ્રદય અને ફેફસાના ફાયદો થાય છે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ નૃત્ય શારીરિક પ્રવૃતિના ફાયદા સાથે હોર્મોન્સમાં બદલાવ લાવીને તણાવ ઘટાડે છે. ડાન્સ નૃત્યના ફાયદામાં સૌથી સારી બાબત એ છે કે તે આપણી યાદ શકિત બુસ્ટ અપ કરે છે. આધુનિક બેલેના પ્રણેતા જીન જ્યોર્જ નોવરની જન્મજયંતી અવસરે આ દિવસ વિશ્વના ૨૦૦થી વધુ દેશો ઉજવાય છે. વિવિધ કલાઓમાં નૃત્યકલા પણ આપણા દેશમાં વર્ષોથી પ્રચલિત છે. ૧૯૮૨માં આઈ.ટી.આઈ.ની ડાંસ કમિટી દ્વારા આજે



આંતરરાષ્ટ્રીય ડાન્સ દિવસની ઉજવણી કરવાનું નકકી કરાયું હતું.

નૃત્ય અને ડાન્સ શબ્દોમાં ભલે ફેર ન દેખાય પણ ભારતીય નૃત્ય કલાનાં વિવિધ પ્રકારો અને પાર્ટીમાં કે દાંડિયા રાસના ડાન્સ અવશ્ય જુદા પડી શકે છે. ભારત નાટયમ કે વિવિધ રાજયોનાં પારંપરીક નૃત્ય એ આપણી સંસ્કૃતિ છે. જીન જર્યોજ નોવરે જેનો સમયગાળો ૧૭૨૭ થી ૧૮૧૦ સુધીનો હતો. તે આધુનિક બેલે નૃત્યનાં પ્રણેતા કહેવાય છે. આપણે ત્યાં નૃત્યનાં પ્રકારોમાં કુચીપુડી ભારત નાટયમ, કથક, ઓડીસી, કથ્થકકલી અને મણીપુરી જેવા વિવિધ નૃત્યનાં પ્રકારો છે આ બધાને ઈન્ડિયન કલાસિકલ ડાન્સ કે નૃત્ય કહેવામાં આવે છે. વૈશ્વિક આઈટીઆઈ સંસ્થા દર વર્ષે શ્રેષ્ઠ કોરિયોગ્રાફર કે ડાન્સરનો એક સંદેશ દુનિયાભરમાં પ્રસારિત કરે છે. ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટીટયુટનું મુખ્યાલય શાંઘાઈ-ચીનમાં આવેલું છે. પેરીસમાં પણ આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન કાર્યરત છે. વૈશ્વિક સ્તરે વિવિધ કાર્યક્રમો જેવા કે ઓપન, ડોર, કોર્સ, પ્રદર્શની, લેખ, સ્ટ્રીટ શો વિગેરે જેવાનું આયોજન થાય છે. આપણે ત્યાં ઉત્સવો સાથે નૃત્ય કલાને વર્ષોથી જોડેલ છે. સામાન્યજન સુધી પણ જનજાગૃતિનાં ભાગરૂ પે આપણી પ્રાચિન ધરોહર નૃત્ય કલાને વેગ મળે એ આશયથી પણ વિવિધ સંસ્થાનો કાર્યરત થઈને સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ આયોજન કરે છે. ભારતમાં વિવિધ રાજ્યોના લોક નૃત્ય કલા પણ વૈશ્વિક લેવલે નોંધ લેવાયને સરાહના કરી છે. નૃત્યનાં વિવિધ આર્ટ સ્વરૂપોમાં મહત્વનાં દસ પ્રકારો પ્રચલિત છે.

ઓડિસી ડાન્સ આ નૃત્યની શુદ્ધ શાસ્ત્રીય શૈલી છે. મોહક મુદ્રાઓથી સમૃદ્ધ છે. આ નૃત્યમાં ભાવવાહી સાથે વાર્તાતત્વ હોય છે. ઓડિશાના મંદિરોમાં થતી પ્રાચિનકલા છે. ભરત નાટયમ તે સૌથી પ્રાચીન શાસ્ત્રીય પરફોર્મિંગ કલા છે. જે સમગ્ર વિશ્વમાં પ્રચલિત છે. આ નૃત્યના સ્વરૂપનું મુળ તામિલનાડુથી છે. સમકાલિન ડાન્સ તે થીમ સ્ટાઈલવાળા નૃત્ય સાથે સંકળાયેલ છે. એનું સ્વરૂપ આજે ચલણમાં છે.નિયો કલાસિકલ ડાન્સ તે પરફોર્મિંગ આર્ટસનું નવિનતમ સ્વરૂપ છે. ૨૦૧૯ની વર્તમાન ઝેન એક્સ સાથે મેળ ખાતી આધુનિક શૈલીથી ઓળખાય છે. તાંડવ નૃત્ય શિવતાંડવ નૃત્ય સ્વરૂપમાં પૌરાણિક કલા છે, જે ભગવાન શિવ સાથે સંબંધિત છે. જેમાં તેના વિવિધ સ્વરૂપોમાં ચિત્રિત કરવામાં આવેલ છે. કુચિપુડી નૃત્ય મૂળ આંધ્રપ્રદેશની શાસ્ત્રીય નૃત્યકલા છે.કથ્થક નૃત્ય ભારતના અત્યાર સુધીના સૌથી આકર્ષક શાસ્ત્રીય નૃત્યમાંની એક કલા છે. આની ઉત્પતિ બનારસ, લખનઉ, જયપુર જેવા વિવિધ સ્થળોએ જોવા મળે છે. ચૌ નૃત્ય તે સ્ટેજ ડાન્સનું અર્થ શાસ્ત્રીય સ્વરૂપ છે અને તે ભારતીય ઉપખંડના પૂર્વ ભાગમાંથી શરૂઆત થઈ હતી.કથકલી નૃત્ય તે ડાન્સનું કલ્પિત સ્ટેજ આર્ટ ફોર્મ છે, જે ભારતીય ઉપખંડનાં દક્ષિણ ભાગમાંથી ઉદભવેલ છે. આજ સુધીનાં સૌથી મુશ્કેલ નૃત્ય સ્વરૂપ માનવામાં આવે છે. મણિપુરી નૃત્ય નામ ઉપરથી ખ્યાલ આવે કે તે મણિપુર રાજયનાં ઉત્તર-પૂર્વ ભાગમાંથી શરૂ થયેલ છે. તે એક જીવંત શાસ્ત્રીય નૃત્ય છે જે ભારતીય દેવી-દેવતાઓની શુદ્ધ ભારતીય પૌરાણિક કથાઓની આસપાસ ફરે છે.

### હિન્દુ શાસ્ત્ર અનુસાર બ્રહ્માએ ભરતમુનિને નાટ્ય શાસ્ત્ર લખવા પ્રેરિત કર્યા હતા

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ કલાઓ સાથે નૃત્ય કલાનો પણ ઘણો વિકાસ થયો છે. પ્રાચીન કાળથી જ આપણા દેશમાં નૃત્યનું મહત્વ રહ્યું છે. હિન્દુ શાસ્ત્ર અનુસાર બ્રહ્માએ ભરતમુનિને નાટ્ય શાસ્ત્ર લખવા પ્રેરિત કર્યા હતા. આ શાસ્ત્રમાં નૃત્ય અને અભિનયને લગતા વિષયો સામેલ કર્યા હતા. ઋગ્વેદમાંથી પથ્ય અર્થાત શબ્દ, યજુર્વેદમાંથી અભિનય, સામવેદમાંથી ગીત અને અથર્વવેદમાં રસ લઈને બધાના સંગમથી આ ગ્રંથ લખાયો હતો જે, નાટ્યવેદ તરીકે ઓળખાય છે.વિવિધ કલાઓમાં નૃત્યકલા પણ આપણા દેશમાં વર્ષોથી પ્રચલિત છે. પ્રાચિન કાળથી રાજ દરબારમાં નર્તન કલાને વિશેષ દરજજો આપવામાં આવ્યો છે.

**હિન્દુઓના દેવતા શિવ ભગવાનને નૃત્યના દેવતા તરીકે પૂજાય છે, તેનું શિવતાંડવ, શ્રીકૃષ્ણનો ગોપીરાસ અને મહાકાલી માતાનું ઉગ્ર અને પ્રકોપી નૃત્ય પ્રાચીન કાળમાં જોવા મળેલ છે, આમ દેવી-દેવતાના યુગથી જ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ નૃત્ય રહ્યો છે: આઠ હજાર વર્ષ પહેલાના ગુફા ચિત્રોમાં પણ નૃત્યનાં ચિત્રો જોવા મળ્યા હતા**

# વિશ્વ ભારતીય સંસ્કૃતિને અપનાવવા તત્પર છે, આપણે ફેંકી દીધેલી સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ

ભારત પ્રાચીન કાળથી જ આધ્યાત્મિકતા, સંસ્કાર, નૈતિકતા અને માનવતાના મૂલ્યો માટે વિશ્વમાં પ્રસિદ્ધ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિને 'દિવ્ય' અને 'ભવ્ય' કહેવાનું કારણ એ છે કે તેમાં માત્ર જીવન જીવવાની રીત જ નહીં, પરંતુ જીવનને અર્થપૂર્ણ અને સુખમય બનાવવાની પ્રણાલિકા પણ સમાયેલ છે. 'વસુધૈવ કુટુમ્બકમ્', 'સર્વે ભવન્તુ સુખિનઃ' અને 'અહિંસા પરમો ધર્મઃ' જેવાં સૂત્રો ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોને વ્યક્ત કરે છે. આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં એક પ્રશ્ન વારંવાર ઊભો થાય છે કે શું આ દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિના આદર્શો ફરી સમાજમાં સ્થાપિત કરી શકાય? ભારતીય સંસ્કૃતિનો આધાર સદીઓથી ધર્મ, કર્તવ્ય, નૈતિકતા અને સહ અસ્તિત્વના સિદ્ધાંતો પરરહેવા પામ્યો છે. પ્રાચીન સમયમાં સમાજની વ્યવસ્થા એવી હતી કે દરેક વ્યકિત પોતાના કર્તવ્યને શ્રેષ્ઠ રીતે નભાવતી. ગુરુકુલ પ્રણાલીમાં શિક્ષણ માત્ર પુસ્તકના જ્ઞાન પૂરતું સીમિત નહોતું, પરંતુ સંસ્કાર, શિસ્ત, નૈતિકતા અને જીવન મૂલ્યોના પણ સંસ્કાર આપવામાં આવતા, પરિણામે વ્યક્તિ માત્ર વિદ્વાન જ નહીં, પરંતુ ઉત્તમ ચરિત્ર વાળો નાગરિક બનતો.

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

સમયના વહેણ સાથે સમાજમાં અનેક પરિવર્તનો આવ્યાં. ઔદ્યોગિકરણ, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, ટેક્નોલોજીનો વધતો ઉપયોગ અને ભૌતિક સુખ- સાધનોની દોડને કારણે લોકો ધીમે ધીમે મૂળ મૂલ્યોને ભૂલતા ગયા. આજના યુગમાં પૈસા અને પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, જ્યારે સદાચાર, સત્ય અને કરુણાનાં મૂલ્યો પાછળ ધકેલાઈ ગયાં છે. પરિવારમાં પણ સંસ્કારનું શિક્ષણ ઓછું થતું જોવા મળે છે.

તેમ છતાં, એવું માનવું યોગ્ય નથી કે ભારતીય સંસ્કૃતિના આદર્શો ફરી સ્થાપિત થઈ ન શકે! ખરેખર જો સમાજમાં યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો આ દિવ્ય પરંપરા ફરી જીવંત બની શકે છે. તેની શરૂઆત વ્યકિતગત સ્તરેથી થવી જોઈએ. દરેક વ્યકિતએ પોતાના જીવનમાં સત્ય, અહિંસા, સહનશીલતા અને કરુણા જેવા ગુણોને સ્થાન આપવું જોઈએ.

પરિવાર પણ સંસ્કૃતિના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. માતા-પિતા જો બાળકોને બાળપણથી જ સારા સંસ્કાર આપે, વડીલોનો આદર કરવાનું શીખવે અને ભારતીય પરંપરાઓ વિશે સમજાવે, તો નવી પેઢી પણ આ મૂલ્યોને સ્વીકારશે. સંસ્કૃતિ માત્ર પુસ્તકોમાં નહીં પરંતુ જીવવાની બાબત છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ સંસ્કૃતિનાં મૂલ્યોને પ્રાથમિકતા આપવાની જરૂર છે. શાળાઓ અને મહા વિદ્યાલયોમાં માત્ર રોજગારલક્ષી શિક્ષણ પૂરતું નથી, પરંતુ નૈતિક શિક્ષણ, આધ્યાત્મિક વિચારધારા અને ભારતીય પરંપરાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવવું જોઈએ. આ રીતે શિક્ષિત યુવાનો માત્ર બુદ્ધિશાળી જ નહીં પરંતુ સંસ્કારી નાગરિક બની શકે.




આજના સમયમાં મીડિયા અને ટેક્નોલોજી પણ મહત્વપૂર્ણ સાધન બની શકે છે. જો ફિલ્મો, ટીવી કાર્યક્રમો અને સામાજિક માધ્યમો દ્વારા ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યોનો પ્રચાર કરવામાં આવે, તો તેનો સમાજ ઉપર સકારાત્મક પ્રભાવ પડી શકે છે. આધુનિક સાધનોનો ઉપયોગ કરીને પ્રાચીન મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિનું એક મહત્વપૂર્ણ તત્ત્વ સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ છે. વિવિધ ધર્મો, ભાષાઓ અને પરંપરાઓ હોવા છતાં ભારતીય સમાજ સદીઓથી એકતામાં બંધાયેલો રહ્યો છે. આ એકતા અને સહ અસ્તિત્વની ભાવના જ ભારતને વિશ્વમાં અલગ પાડે છે. જો આપણે આ ભાવનાને ફરી મજબૂત બનાવી શકીએ, તો સમાજમાં શાંતિ અને સુખનું વાતાવરણ સર્જાઈ શકે. આ ઉપરાંત, આધ્યાત્મિકતા પણ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે. યોગ, ધ્યાન અને સત્યના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપતી પરંપરાઓ આજે વિશ્વભરમાં સ્વીકારવામાં આવી રહી છે. ઘણા વિદેશી લોકો પણ ભારતીય સંસ્કૃતિ તરફ આકર્ષાઈ રહ્યાં છે. જ્યારે વિશ્વ ભારતની સંસ્કૃતિને અપનાવવાની કોશિશ કરી રહ્યું છે, ત્યારે આપણે વિશ્વએ ફેંકેલી સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ. અંતમાં કહી શકાય કે ભારતીય સંસ્કૃતિના દિવ્ય અને ભવ્ય આદર્શો ક્યારેય નષ્ટ થશે નહીં. તે ક્યારેક સમયના ધુમ્મસમાં ઝાંખા થઈ જાય છે, પરંતુ યોગ્ય પ્રયત્નોથી ફરી પ્રકાશિત થઈ શકે છે. વ્યક્તિ, પરિવાર, શિક્ષણ અને સમાજ-આ ચાર સ્તરે જો સંકલિત પ્રયાસ કરવામાં આવે, તો ભારતીય સંસ્કૃતિની મહાન પરંપરા ફરી જીવંત બની શકે છે.

અર્થાત ભારતીય સંસ્કૃતિના આદર્શો અને પ્રણાલિકા સમાજમાં ફરી ઊભા કરી શકાય. આ માટે જરૂર છે, સંકલ્પ, સંસ્કાર અને સંયુક્ત પ્રયાસની...! જો આપણે આપણા મૂળ મૂલ્યોને ઓળખી અને જીવનમાં ઉતારી શકીએ, તો ભારત ફરીથી વિશ્વમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક નેતૃત્વ કરી શકે છે.

# જગતમંદિરમાં કાલે નૃસિંહ જયંતિની ઉજવણી

## શ્રીજીના દર્શન ક્રમમાં ફેરફાર





**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આગામી વૈશાખ સુદ ચતુર્દશી તા.૩૦-૦૪-૨૦૨૬ને ગુરૂવારના રોજ નૃસિંહ જયંતિની ધર્મમય ઉજવણી કરવામાં આવશે. જગતમંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણની યાદીમાં જણાવ્યાનુસાર ઉત્સવને અનુલક્ષીને શ્રીજીના દર્શન ક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. જે અનુસાર ગુરૂવારે શ્રીજીની મંગલા આરતી સવારે ૬:૩૦ કલાકે, સવારના અન્ય ક્રમ નિત્યક્રમાનુસારથ રહેશે. બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી અનોસર (મંદિર બંધ) રહેશે. સાંજે ૫ કલાકે શ્રીજીના ઉત્થાપન દર્શન, સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે. સાંજે ૬ થી ૭:૩૦ સુધી અભિષેક પૂજા બંધ પડદે યોજાશે. સાંજે ૭:૩૦ કલાકે નૃસિંહ જયંતિ ઉત્સવ તેમજ સંધ્યા આરતી યોજાશે. સાંજના અન્ય ક્રમ નિત્યક્રમાનુસાર યોજાશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૯-૦૪-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ ગૌધામ શિવ કથા' અંતર્ગત 'દિવ્ય ભક્તિ સંધ્યા'(લાઈવ)
**તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૦-૪-૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ ચૌદશ શ્રી નૃહસિંહ જયંતી
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વજ **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૧૭ **સુર્યાસ્ત:** ૭.૧૨
**ચંદ્ર રાશી** કન્યા બપોરે ૧.૧૬થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત
**દિશાશૂળ** દક્ષીણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા**
શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા**
અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | ૬ | | ૯ |
| | ૩ | | ૬ | ૮ | | ૭ | | |
| | ૧ | ૮ | | | ૯ | ૫ | ૪ | |
| | ૬ | ૩ | | ૫ | | | ૨ | ૮ |
| | | ૨ | | | | | ૫ | |
| | | ૧ | | | | ૯ | | |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | | | ૬ | |
| | | | | ૪ | ૩ | | ૯ | |
| ૫ | | | ૨ | ૬ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૨ | ૯ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૦.૪.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ ચતુર્દશી, ચિત્રા નક્ષત્ર, વજ યોગ, વણિજ કરણ આજે બપોરે ૧.૧૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ)** : તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ)** : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય)** : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ)** : કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રૂકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

# મેયર, ડે.મેયર અને સ્ટે. ચેરમેન માટે ભાજપ દ્વારા સેન્સ લેવાશેઃ પ્રદેશમાંથી નિરીક્ષકો આવશે

## ગત ટર્મથી પ્રદેશ ભાજપ દ્વારા શરૂ કરવામાં આવેલી નવી સિસ્ટમ આ વખતે પણ ચાલુ રાખવામાં આવશેઃ આવતીકાલ સુધીમાં ક્યા નિરીક્ષકો ક્યાં જશે તેનું નામ જાહેર કરી દેવામાં આવશે

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ચૂંટણીમાં ટિકિટ ફાળવણી પૂર્વે દાવેદારોને સાંભળવા માટે ભાજપના શિર્ષ નેતૃત્વ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. પરંતુ આજથી ત્રણ વર્ષ પૂર્વે પક્ષ દ્વારા એક નવી પરંપરા શરૂ કરવામાં આવી છે. જેમાં કોર્પોશન કે, જિલ્લા પંચાયતના પદાધિકારીઓની નિયુક્તિ માટે પણ પક્ષ દ્વારા જે તે શહેર કે જિલ્લામાં નિરિક્ષકોને મોકલી દાવેદારોને સાંભળવામાં આવતા હોય છે. કોર્પોરેશનની ગત ટર્મની બીજી બોડીની નિયુક્તિ વખતે આ સિસ્ટમ એક્ટિવ કરવામાં આવી હતી. શહેર ભાજપ પ્રમુખની નિયુક્તિમાં પણ પક્ષે નિરિક્ષકોને મોકલ્યા હતાં. હવે મેયર ડેપ્યુટી મેયર અને સ્ટે. કમિટિના ચેરમેન બનવા માટે ઈચ્છુકોને સાંભળવા પ્રદેશમાંથી આવતા સપ્તાહે નિરિક્ષકોને મોકલવામા આવે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

કોર્પોરેશનની ગત ટર્મમાં બીજા અઢી વર્ષ માટે મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીઓની નિમણુંક કરવા માટે દાવેદારોને સાંભળવા પ્રદેશ હાઈ કમાન્ડ દ્વારા તમામ મહાપાલિકામાં નિરિક્ષકોને મોકલવામાં આવ્યા હતાં નિરિક્ષકો સમક્ષ સેન્સ પ્રક્રિયા દરમિયાન હોદો મેળવવા માટે ઈચ્છુક પક્ષના જનપ્રતિનિધિઓને સાંભળવામાં આવ્યા હતાં. ત્યાર બાદ નિરિક્ષકોએ આ દાવેદારોનું મોટુ લિસ્ટ પ્રદેશ સમક્ષ મોકલી દીધું હતું. જેના આધારે નિયુક્તિ કરવામાં આવી હતી. પદાધિકારીઓની વરણી બાદ શહેર ભાજપ પ્રમુખની નિયુક્તિ માટે પણ હાઈકમાન્ડે આજ સિસ્ટમ ચાલુ રાખી હતી. જેમાં શહેર ભાજપ કે જિલ્લા ભાજપના પ્રમુખ બનવા માટે ઈચ્છુક હોય તેઓની દાવેદારી સ્વીકારવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને ટુંક સમયમાં પદાધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા હાથ પર લેવામાં આવનાર છે. તે પૂર્વે ભાજપ પ્રદેશમાંથી તમામ મહાનગરો અને જિલ્લાઓમાં ત્રણ-ત્રણ નિરિક્ષકોને મોકલી સેન્સ પ્રક્રિયા હાથ પર લેશે.

ટિકિટ ફાળવણી માટે લેવાતી સેન્સ પ્રક્રિયા દરમિયાન કોઈ મોટી માથાકુટ કે વેરઝેર ઉભા થતાં નથી પરંતુ જ્યારે કોર્પોરેશન કે સંગઠનમાં પદાધિકારીઓની નિમણુંક માટે નિરિક્ષકોને મોકલવામાં આવતા હોય છે. ત્યારે શહેર ભાજપના હોદ્દેદારો એકાબીજાની સામે સામે થતાં હોય છે. કારણ કે, કોઈ નેતા પાસેથી સુચન માગવામાં આવે ત્યારે જે નામ ચાલતું હોય તે નામના બદલે બીજુ નામ આપે તો તે વ્યક્તિના મનમાં રાગદ્વેશ ઉભો થતો હોય છે. જેના કારણે જૂથવાદ વધુ વકરતો હોય છે. પરંતુ હવે પક્ષ દ્વારા એવુ કારણ આપવામાં આવે છે કે, ચૂંટણીમાં ટિકિટ ફાળવણીની માફક હોદેદારોની નિયુકિત પણ સંપૂર્ણપણે લોકશાહી ઢબે થાય તેવા પ્રયાસો છે. આવામાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવી ખુબ જરૂરી છે. જો કે, સેન્સ પ્રક્રિયા નર્યા નાટકથી વિશેષ કશુ નથી શહેર ભાજપ પ્રમુખ પદ માટે લેવાયેલી સેન્સમાં ૨૯ નેતાઓએ દાવેદારી નોંધાવી હતી. માધવ દવેએ દાવેદારી માટે ફોર્મ પણ ભર્યુ ન હતું છતાં હાઈકમાન્ડ દ્વારા તેઓને રાજકોટ શહેર ભાજપના સુકાની તરીકે નિયુક્ત કરી દેવામાં આવ્યા હતાં. લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં પણ સેન્સ પ્રક્રિયામાં જે નામો ગુંજતા હોય તેને જ ટિકિટ મળતી હોય તેવું ફાઈનલ હોતુ નથી.

# રાજકોટમાં ત્રણ બેઠકો કેમ ઘટી ? હાઈકમાન્ડ ઉઘરાણી કરશે

## જંગલેશ્વર ડિમોલીશનના કારણે વોર્ડ નં. ૧૬ ગુમાવવો પડ્યો હોવાની વાત શહેર ભાજપના હોદેદારોએ હાઈ કમાન્ડના ગળે ઉતારવી પડશેઃ વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડયાનો જશ પણ ખાટશે

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૭૨માંથી ૬૫ બેઠકો જીતી છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર સાત બેઠકો આવી છે. આમ આદમી પાર્ટીએ જે રીતે ગર્જના કરી હતી તેવું પરિણામ આવ્યું નથી. રાજકોટની જનતાએ ત્રીજા મોરચાને નહીં સ્વીકારવાની પરંપરા યથાવત રાખી છે. શાનદાર પરિણામ છતાં શહેર ભાજપના પ્રમુખ ડો. માધવ દવે સહિતના સંગઠનના હોદેદારોએ રાજકોટમાં ત્રણ બેઠક કેમ ઘટી તે અંગે હાઈકમાન્ડ સમક્ષ ખુલાસો આપવાની માનસીક તૈયારી રાખવી પડશે કારણ કે, ભાજપ બેઠકમાં ઘટાડો થાય તે કયારેય ચલાવી લેતું નથી. ઉમેદવારોની લીડમાં પણ ઘટાડો થાય તો સ્થાનિક લેવલે નેતાઓને ઠપકો આપવામાં આવતો હોય છે. જ્યારે પ્રદેશ પરિણામોનું પોસ્ટમોટર્મ કરવા બેસસે ત્યારે રાજકોટમાં ત્રણ બેઠક ઘટવા પાછળનું કારણ શું તેનો ખુલાસો ચોક્કસ પુછવામાં આવશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

૨૦૨૧માં યોજાયેલી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે શહેરના ૧૮ વોર્ડ પૈકી ૧૭ વોર્ડમાં શાનદાર જીત મેળવી હતી અને ૬૮ બેઠકો સાથે સત્તારૂઢ થયું હતું. એક માત્ર વોર્ડ નં. ૧૫માં કોંગ્રેસના ચારેય કોર્પોરેટરો ચૂંટાયા હતાં. આ વખતે પરિણામમાં બહુ મોટો ફેરફાર થયો નથી. ગત ચૂંટણીમાં ૬૮ બેઠક જીતેલુ ભાજપ આ વખતે ૬૫ બેઠકો સાથે ફરી સત્તારૂઢ થશે પરંતુ જે રીતે ત્રણ બેઠકો ઘટી છે તેની ચિંતા હાઈ કમાન્ડ ચોક્કસ કરશે જંગલેશ્વરમાં થોડા મહિનાઓ પહેલા હાથ ધરવામાં આવેલા મોટા ડિમોલીશનના કારણે ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવો પડ્યો હતો. આ વાત સ્થાનિક નેતાઓએ પ્રદેશ હાઈકમાન્ડને સારી રીતે સમજાવવી પડશે અન્યથા તેના માટે પણ પક્ષ દ્વારા ઠપકો આપવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે. ટિકિટ ફાળવણી બાદ વિવિધ સમાજની નારાજગી ૭૦ ટકા નવા ચહેરાઓને ચૂંટણી જંગમાં ઉતારવા સહિતના અનેક એવા મુદ્દાઓ હતા જેના કારણે ભાજપની શાનદાર જીત સામે અનેક સવાલો મોઢુ ફાડીને ઉભા હતાં છતાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, પૂર્વ પ્રમુખ મુકેશ દોશી સહિતના ભાજપના ધુરંધરોએ એક એક વોર્ડ અને વિસ્તારમાં ભાજર તરફી મતદાન થાય તે માટે સોલીડ રણનીતિ ઘડી હતી. જેના કારણે શહેરના ૧૬ વોર્ડમાં ભાજપની આખી પેનલ વિજેતા બની છે.

જંગલેશ્વર ડિમોલેશનની વ્યાપક અસર પડશે અને ભાજપે વોર્ડ નં. ૧૬ ગુમાવવો પડશે તેવીવાત તો જ્યારે ચૂંટણીની તારીખ પણ જાહેર થઈ ન હતીં તે પહેલા થતી હતી જે સાચી ઠરી છે. બીજી તરફ છેલ્લા ત્રણ દાયકાથી કોંગ્રેસના અડીખમ ગઢ એવા વોર્ડ નં. ૧૫માં ભાજપ ગાબડુ પાડવામાં સફળ રહ્યું છે. કોંગ્રેસના કદાવર નેતા વશરામ સાગઠિયાને ભાજપના નિલેશ હેરભાએ ૧૫૪ મતોથી હરાવ્યા છે. આ વાત હાઈ કમાન્ડ સમક્ષ મુકી સંગઠનના હોદેદારો પોતાની વાહવાહી મેળવવાના પણ પ્રયાસ કરશે. પરંતુ એકવાત નિશ્ચિત છે કે, રાજકોટ જેવા શહેરમાં ભાજપની ત્રણ બેઠકો ઘટવા પાછળનું સાચુ અને સોલીડ કારણ ડો. માધવ દવેએ હાઈ કમાન્ડને આપવું પડશે.

# પદાધિકારીઓની નિમણુંક માટે કોર્પોરેશનમાં ૧૧થી ૧૬ મે વચ્ચે મળશે બોર્ડ બેઠક

## આવતા સપ્તાહે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિદ્ધ થયા બાદ રાજ્ય સરકારના આદેશ મુજબ મ્યુનિસિપલ કમિશનર બોર્ડ બેઠકની તારીખ જાહેર કરશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ ગઈકાલે આવી ગયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આજ સાંજ સુધીમાં ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓના નામ રાજ્ય ચૂંટણી આયોગને મોકલી દેવામાં આવશે. ત્યાર બાદ આવતા સપ્તાહે સંભવતઃ ગેઝેટમાં તમામ નામ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. કોર્પોરેશનના મુખ્ય પાંચ પદાધિકારીઓની નિમણુંક માટે આગામી ૧૧ થી ૧૬ મે વચ્ચે બોર્ડ બેઠક બોલાવવામાં આવે તેવી શક્યતા હાલ દેખાઈ રહી છે. રાજ્યની તમામ ૧૫ મહાપાલિકામાં એક જ દિવસે પદાધિકારીઓની નિમણુંક કરવાની ગણતરી સાથે સરકાર અને સંગઠન હાલ આગળ વધી રહ્યું છે.

ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ એકાદ સપ્તાહમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ કરી દેવામાં આવતા હોય છે. ત્યાર બાદ રાજ્ય સરકારની સુચના મુજબ જે તે મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને બોર્ડ બેઠક બોલાવવા માટે એજન્ડા પ્રસિદ્ધ કરી દેવાની જાણ કરવામાં આવતી હોય છે. દર વખતે અલગ અલગ મહાપાલિકાઓમાં અલગ અલગ તારીખે બોર્ડ બેઠક મળતી હોય છે. જેના કારણે જ્યારે મુદત પુર્ણ થાય ત્યારે જુદી જુદી તારીખ હોવાના કારણે થોડીક વિસંગતતાઓ ઉભી થતી હોય છે. આવામાં આ વખતે સરકાર અને સંગઠનની એવી ગણતરી છે કે તમામ મહાપાલિકામાં પદાધિકારીઓની નિમણુંક માટે એક જ દિવસે બોર્ડ બેઠક બોલાવવી. હાલના સંજોગો જોતા એવું લાગી રહ્યું છે કે આવતા સપ્તાહે બુધવાર સુધીમાં ગેઝેડમાં નામ પ્રસિધ્ધ થઈ જશે ત્યાર બાદ સરકારની સૂચના મળ્યે બોર્ડની તારીખ જાહેર કરી દેવામાં આવશે ૧૧ થી ૧૬ મે વચ્ચે ગમે ત્યારે તારીખ નિયત કરાશે.

પ્રથમ બોર્ડ બેઠકનો એજન્ડા મ્યુનિસિપલ કમિશનર દ્વારા સાત દિવસ પૂર્વે નિયમ અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેમાં માત્ર ત્રણ જ દરખાસ્તો હશે મેયરની નિમણુંક કરવી, ડે. મેયરની નિમણુંક કરવી અને સ્ટે. કમિટિના ૧૨ સભ્યોની વરણી કરવામાં આવશે. બોર્ડબેઠક પૂર્ણ થયા બાદ જ સ્ટેન્ડિંગ કમિટિની બેઠક મળશે જેમાં નવ નિયુક્ત ૧૨ સભ્યો દ્વારા ચેરમેનની નિયુક્તિ કરવામાં આવશે. સામાન્ય રીતે ૧૨ સભ્યોની નામાવલીમાં જે નામ પ્રથમ ક્રમે હોય તે ચેરમેન બનતા હોય છે. બોર્ડ બેઠકમાં શાસકપક્ષના નેતા અને દંડકની નિયુક્તિ માટેની દરખાસ્ત હોતી નથી. કારણ કે, આ બન્ને પદ બંધારણીય નથી. પરંતુ પ્રથમ બોર્ડમાં જ પાંચ મુખ્ય પદાધિકારીઓની નિયુક્તિ કરી દેવામાં આવતી હોય છે. ત્યાર બાદ મેયર સત્તાની રૂએ એક સપ્તાહમાં વિશેષ બોર્ડ બોલાવતા હોય છે. જેમાં અલગ અલગ ખાસ સમિતિના સભ્યોની નિયુકિત કરવામાં આવતી હોય છે. પ્રથમ બોર્ડમાં કાર્યકારી મેયરની નિયુક્તિ કરાયા બાદ તેઓ બોર્ડમાં અન્ય નિયુક્તિ માટેની પ્રક્રિયા હાથ પર લેતા હોય છે. હાલ જે રીતે ચર્ચા ચાલી રહી છે તે જોતા એવુ લાગી રહ્યુ છે કે, ૧૫ મે સુધીમાં રાજ્યની તમામ મહાપાલિકાઓમાં ચૂંટાયેલા પદાધિકારીઓ સત્તા રૂઢ થઈ જશે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક® સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-




બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ

**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-




પ્રીમીયમ ૧ કિલો ચા

**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234

### મોઢ વણિક જ્ઞાતિના ક્રિકેટવીરો માટે

# મોઢ પ્રીમિયર લીગ સીઝન-૩માં ૨૧ ટીમો મેદાનમાં ઉતરશે

## આગામી શનિવારે અને રવિવારે ૨૧ ટીમો અને ૨૦૦થી વધુ ખેલાડીઓ વચ્ચે જામશે બોક્સ ક્રિકેટનો જંગ

**અબતક, રાજકોટ**

શહેરના મોઢ યુથ ઓર્ગેનાઈઝેશન (MYO) દ્વારા મોઢ વણિક જ્ઞાતિના ખેલાડીઓ માટે આગામી તા. ૨ અને ૩ મે, ૨૦૨૬ના રોજ મોઢ પ્રીમિયર લીગ સીઝન-૩ (બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલ 'ડગ આઉટ બોક્સ ક્રિકેટ' ખાતે સાંજે ૪૦૦ કલાકથી આ ટુર્નામેન્ટનો પ્રારંભ થશે.

આ ટુર્નામેન્ટની વિશેષતા એ છે કે તેમાં જ્ઞાતિના ૭૦થી વધુ બાળકો, ૩ મહિલા ટીમો અને ૧૪ પુરુષોની ટીમો સહિત કુલ ૨૧ ટીમો મેદાનમાં ઉતરશે. ૨૦૦થી વધુ રમતવીરો આ ખેલ ઉત્સવમાં ભાગ લઈને પોતાની પ્રતિભા બતાવશે. કાર્યક્રમના ટાઈટલ સ્પોન્સર તરીકે છાપીયા કન્સલ્ટિંગ ગ્રુપ (સીએ યદિત છાપીયા)નો સહયોગ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત, સનબોન્ડ એનર્જી પ્રા.લી. (ટીશર્ટ પાર્ટનર), ઓટોબ્રેઈન ઈન્ટેલીજન્સ (ડિઝાઈનિંગ પાર્ટનર) અને સમ્યક હોસ્પિટલ- ડો. નીરજ મહેતા (મેડિકલ પાર્ટનર) તરીકે જોડાયા છે.

જ્ઞાતિના વિવિધ શ્રેષ્ઠીઓ અને ઉદ્યોગપતિઓ દ્વારા ૨૧ ટીમોને સ્પોન્સર કરવામાં આવી છે, જેમાં રોહનભાઈ ગાંધી, ધર્મેશભાઈ વોરા, પાર્થભાઈ પારેખ, કેતનભાઈ પારેખ, અમિતભાઈ પટેલ સહિતના અનેક મહાનુભાવોનો સમાવેશ થાય છે.





તસવીરઃ શૈલેષ વાડોલિયા

ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે મોઢ યુથ ઓર્ગેનાઈઝેશનના ફાઉન્ડર મેમ્બર્સ યશ રાઠોડ, શ્રેયાંસ મહેતા, પ્રશાંત ગાંગડીયા તથા ટીમનાં દર્શિત વોરા, આદિત્ય વોરા, કિશન પારેખ, હેનીલ બાબરીયા, જય કલ્યાણી અને અન્ય સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વધુ માહિતી માટે જ્ઞાતિજનો ૭૮૭૮૪ ૮૭૮૪૫ અથવા ૯૬૬૪૭ ૨૯૯૫૦ પર સંપર્ક કરી શકે છે.

અબતક ની શુભેચ્છા મુલાકાતમાં શ્રેયાંશ મહેતા, પ્રશાંત ગાગડીયા, દર્શિતી વોરા ,આદિત્ય વોરા, ચૈતાલી શાહ સાહિલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

---

### આર.બી. કોઠારી નિદાન કેન્દ્ર

# દરરોજ ૫૫૮ દર્દીઓ લે છે, નિદાન સેવાનો લાભ

## ૧૯૯૨થી કાર્યરત આ કેન્દ્રનો વર્ષે દોઢ લાખથી વધુ દર્દીઓ અદ્યતન ટેકનોલોજીના ટેસ્ટીંગ મશીનો દ્વારા નિદાન કરાવે છે

**અબતક, રાજકોટ**

આર.બી.કોઠારી નિદાન કેન્દ્રનો પ્રારંભ ૧૯૯૨માં થયેલ અને તે પણ દર્દી દરરોજના ૫૦થી થયેલ. જે આજે એક લાખ સડસઠ હજારના વાર્ષિક દર્દીઓની સેવા આપે છે. દરરોજ ૫૫૮ દર્દીઓ આ કેન્દ્રની ટેસ્ટીંગ લેવાનો લાભ લઈ રહ્યા છે.

આ કેન્દ્ર નવા સમય અનુસાર નવી ટેકનોલોજીના મશીનો અને રીપોર્ટ એકદમ સારી ક્વોલીટી અને તેના અનુરૂપ કુશળ સ્ટાફ તેમજ લાયકાત ધરાવતા ડોક્ટર્સ મારફત કરવામાં આવે છે તેમજ સંસ્થા દર્દીઓની સેવા તત્પર રીપોર્ટ અને સ્વચ્છતા ધરાવવા પ્રયત્નશીલ રહે છે.



રમણીકભાઈ જસાણી ટ્રસ્ટી

નિરંજનભાઈ દોશી ટ્રસ્ટી

આ જાતની સેવાઓને એન.એ.બી.એચ. સર્ટીફીકેટ મળેલ છે. જેમ જેમ દર્દીઓ વધે તે રીતે અનુભવી ડોકટર્સ અને કુશળ સ્ટાફનો વધારો કરવામાં આવે છે. સંસ્થાને મળેલ એનએબીએચ સર્ટીફિકેટમાં રિપોર્ટ અને મશીનો સારી કંપનીના, દર્દીની સલામતી અને સુરક્ષા ઈન્ફેક્શન લાગે તેનું ધ્યાન રાખવું, દર્દીઓ અધિકારોની સલામતી જળવાય, રીપોર્ટની ગોપનીયતા રાખવી, વિમાનું કવચ મેળવવા દરેક મુદ્દાનું ધ્યાન રાખવું, સંસ્થાની પારદર્શક, ગુણવત્તા ધરાવવા નાની બાબતોનું પુરતું ધ્યાન સાથે તપાસના ભાવપત્રક પ્રમાણે સફળ સંચાલન કરવામાં આવે છે.

હાલમાં ટેકનિકલ સ્ટાફ ૭૦નો છે અને ડોકટર્સમાં રેડીયોલોજીસ્ટ ૮ તથા પેથોલોજીસ્ટ ૩ અને કાર્ડીયોલોજીસ્ટ ૧ ઉપરાંત અને એનેસ્થેટીક રાખવામાં આવેલ છે. જેથી દર્દીઓને મુશ્કેલી પડતી નથી.

આ સંસ્થાનો હરણફાળ વિકાસ થઈ રહ્યો છે. તેમાં રાજકોટ તથા સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજાનો વિશ્વાસ, દાતાઓ તરફથી દાનનો પ્રવાહ, સ્ટાફ તથા ડોકટર્સની સેવાભાવનાનું કારણ છે. દર વર્ષે નવા ટેકનોલોજી વાળા સાધનો વસાવવા હંમેશા આ સંસ્થા તૈયાર જ રહે છે.

મુળ આ સંસ્થાના સ્વ.રમણીકલાલ ભાઈચંદ કોઠારી તથા તેમના ધર્મપત્નિ સ્વ.રેવાકુંવરબેન રમણીકભાઈ કોઠારીના પુણ્ય અને આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તેમાં સ્વ.રમાબેન કોઠારી ધાર્મિક શ્રાવીકા હતા. તેમનું પુણ્ય છે. ઉપરાંત મસ્કત નિવાસી સ્વ.ધરમસી નેણસી ટોપરાણી, અશ્વિનભાઈ તથા શ્રી મતિ દિવ્યાબેન મસ્કત નિવાસી ખીમજી રામદાસ તથા સ્વ.નાગરદાસ મનજી શાહ (ઓમાન). આ મુખ્ય દાતા ઉપરાંત સ્વ.હરકીશનભાઈ તથા સ્વ.સરલાબેન કામદાર તેમના સુપુત્રો નરેશભાઈ, જયેશભાઈ, ભાવેશભાઈ ઉપરાંત જે. વી. શેઠીયાવાળા સ્વ.લક્ષ્મીબેન જે.

(અનુ. આઠમા પાને)

---

### ગાંધીનગરના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત

# ગાર્ડી વિદ્યાપીઠ ખાતે ફોરેન્સિક અને બાયોમેડિકલના છાત્રોએ મેળવ્યું પ્રાયોગિક જ્ઞાન

## એઓયુ અંતર્ગત આયોજિત મુલાકાતમાં ૬૦ વિદ્યાર્થીઓએ અદ્યતન પ્રયોગશાળાઓ અને આયુર્વેદિક ક્લિનિકલ ટોક્સિકોલોજીનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો



**અબતક, રાજકોટ**

રાજકોટની ખ્યાતનામ ગાર્ડી વિદ્યાપીઠ ખાતે ગાંધીનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રિસર્ચ (IAR) ના ફોરેન્સિક અને બાયોમેડિકલ વિભાગના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને સંસ્થાઓ વચ્ચે થયેલા એમ.ઓ.યુ. (MoU) ના ભાગરૂપે આયોજિત આ મુલાકાતમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ફોરેન્સિક વિજ્ઞાનના આધુનિક માળખા અને

(અનુ. આઠમા પાને)

---

# આભાર રાજકોટઃ ભાજપ દ્વારા કાલે વિજય ઉત્સવ-ઋણ સ્વીકાર રેલી

## ગીરીરાજ પાર્ટી પ્લોટ જુના મોરબી રોડથી સાંજે ૫.૦૦ કલાકે શરૂ થઈ ક્રમશઃ શહેરમાં ફરી બહુમાળી ભવન ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સમાપન કરવામાં આવશેઃ રાજમાર્ગો પર કેસરીયો લહેરાશે ૫૦૦થી વધુ ગાડીઓ અને ૫૦૦ થી વધુ સ્કુટર સાથેની વિશાળ વિજયોત્સવ રેલી

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોની સભાઓ યોજવામાં આવી રહી છે ત્યારે રાજકોટ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બહોળી બહુમતીથી જીત હાંસલ કરે તે માટે ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી રાજકોટ શહેરમાં સમગ્ર ગુજરાતમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચુંટણી અંતર્ગત યોજાયેલ રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૬૫ ઉમેદવારોએ જંગી બહુમતીથી વિજય મેળવ્યો છે. રાજકોટ શહેરની જનતાએ ભારતીય જનતા પાર્ટીના વિકાસ અને વિશ્વાસના રોડ મેપ ને ખોબલે ખોબલે મત આપી સ્વીકાર્યુ છે. ત્યારે રાજકોટના નગરજનોનો ઋણ સ્વીકાર કરવા અને ભારતીય જનતા પાર્ટીના વિજયોત્સવને વધાવવા માટે આવતી કાલ તા. ૩૦-૪-૨૬ ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ કલાકેથી રાજકોટ શહેરના સામા કાંઠા વિસ્તારમાં આવેલ ગીરીરાજ પાર્ટી પ્લોટ, જુના મોરબી રોડ ખાતેથી એક વિશાળ વિજય ઉત્સવ અને ઋણ સ્વીકાર મહારેલીનું ભારતીય જનતા પાર્ટીનું રાજકોટ મહાનગર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

આ જીતને વધાવવા અને મતદારોનો ઋણ સ્વીકાર કરવા રાજકોટના રાજમાર્ગો ઉપર વિજયોત્સવ મનાવવા ઋણ સ્વીકાર મહારેલીનું આવતીકાલે આયોજન કરવામાં આવ્યું છે. આ મહારેલીનું સંપૂર્ણ આયોજન રાજકોટ શહેરના ઝોન પ્રભારી અને મહામંત્રી અનિરુધ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાની સાથે સંકલન કરી પૂર્વ શહેર અધ્યક્ષ નીતીનભાઈ ભારદ્વાજ, મુકેશભાઈ દોશી, પૂર્વ કોર્પોરેટર પુષ્કરભાઈ પટેલ અને દેવાંગભાઈ માંકડના નેતૃત્વમાં અને દેખરેખ હેઠળ યોજાશે. આ મહારેલી અંગેની સંપૂર્ણ વ્યવસ્થા ઉપરોકત ટીમ સંભાળવાની છે.

આ મહારેલીના રૂટ અને વિશેષ માહિતી આપતાં નીતીનભાઈ ભારદ્વાજ, મુકેશભાઈ દોશી, પુષ્કરભાઈ પટેલ અને દેવાંગભાઈ માંકડ એ જણાવ્યું છે કે, આવતી કાલ તા. ૩૦-૪-૨૬ ને ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે થી ગીરીરાજ પાર્ટી પ્લોટ જુના મોરબી રોડ ખાતેથી શરૂ થશે અને આ મહારેલી ક્રમશઃ માનવ સેવા ટ્રસ્ટ, વોર્ડ નં.૪ નું કાર્યાલય, રણછોડદાસજી બાપુ આશ્રમ, પાણીનો ધોડો, બાલક હનુમાનજી, સંત કબીર રોડ, ચુનારાવાડ ચોક, જીલ્લા ગાર્ડન, ૮૦ ફુટ રોડ, સોરઠીયાવાડી



સર્કલ , ભકિતનગર સર્કલ , નાગરિક બેંક ઉદ્યોગનગર શાખા, ઢેબર રોડ અટીકા ફાટક તરફ , માલવીયા ચોક, સ્વામીનારાયણ ચોક, મવડી રોડ, મવડી ઓવર બ્રીજ નીચે, ૧૫૦ ફુટ રીંગ રોડ , નાના મવા રોડ સર્કલ, ઈન્દીરા સર્કલ , રૈયા સર્કલ - આમ્રપાલી સીનેમા - અન્ડરબ્રીજ - કિશાનપરા ચોક - અકિલા ચોક (જીલ્લા પંચાયત ચોક) , બહુમાળી ભવન - સરદાર પટેલ પ્રતિમા ખાતે સમાપન કરવામાં આવશે.

આ મહારેલીમાં શણગારેલ જીપ તથા ગાડીઓમાં ભારતીય જનતા પાર્ટીના વિજયી તમામ ઉમેદાવારો ઉપસ્થિત રહશે. સાથો સાથ રાજકોટ મહાનગરના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, રાજકોટ મહાનગરના સંગઠનના સૌ હોદ્દેદારો તેમજ યુવા મોરચા, મહિલા મોરચો, કિશાન મોરચો, બક્ષીપંચ મોરચો, લઘુમતી મોરચો, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ અને ભારતીય જનતા પાર્ટીના રાજકોટ શહેરના તમામ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં જોડાશે અને રાજકોટ શહેરના મતદારોનો આભાર વ્યકત કરશે.

આ મહારેલીનું મુખ્ય આકર્ષણ નાસિક ઢોલ, શણગારેલી છત્રી સાથે પરંપારિક વેશ ભુષા સાથે યુવાનો રહેશે. ડી.જે. અને સંગીતના તાલે યોજાનાર આ મહારેલીમાં ૫૦૦ થી વધારે ગાડીઓ, જીપ તથા ૫૦૦ થી વધુ સ્કુટરો જોડાશે. આ મહારેલીના રૂટ ઉપર ભારતીય જનતા પાર્ટીનો કેશરીયો ધ્વજ લહેરાશે. ભારતીય જનતા પાર્ટીના બહેનો કેસરી સાડીના ડ્રેસ કોડમાં જોડાશે. મહારેલીના રૂટના અલગ અલગ પોઈન્ટ ઉપર મહારેલીનું સ્વાગત અને અભિવાદન પણ કરવામાં આવશે. આ મહારેલી રાજકોટ શહેરના ઈતિહાસમાં આજ સુધી કયારેય પણ ન યોજાઈ હોય તેવી જાજરમાન અને અભુતપૂર્વ સ્વરૂપે યોજાશે. આ મહારેલીના રૂટની તમામ વ્યવસ્થા રાજકોટ મહાનગરના વિવિધ યુવા મોરચા, મહિલા મોરચો, કિશાન મોરચો, બક્ષીપંચ મોરચો, લઘુમતી મોરચો, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ મોરચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ટીમ દ્વારા સંભાળવામાં આવશે.

---

# સુરતમાં પોલીસના પરાક્રમ અને આધુનિક શસ્ત્રોનો જલવો ગુજરાત ગૌરવ દિવસે ભવ્ય શસ્ત્ર પ્રદર્શન

## ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ચેતક કમાન્ડો અને ના અત્યાધુનિક હથિયારો નિહાળવા ઉમટ્યા શહેરીજનો; ૧લી મે સુધી સુરતવાસીઓને મળશે ગૌરવવંતો લ્હાવો

**અબતક, રાજકોટ**

દક્ષિણ ગુજરાતના હૃદય સમાન સુરત શહેરમાં ૬૬મા ગુજરાત ગૌરવ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીનો ધમધમાટ શરૂ થયો છે. આ અવસરે સુરત શહેર પોલીસ દ્વારા અઠવાલાઈન્સના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજિત ત્રિ-દિવસીય શસ્ત્ર પ્રદર્શનને જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શનમાં દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષામાં વપરાતા અત્યાધુનિક શસ્ત્રો સુરતવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

પ્રદર્શનના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં શાળાના બાળકો, કોલેજિયનો અને પરિવારો ઉમટી પડ્યા હતા. યુવાનોમાં સેના અને પોલીસ દળમાં જોડાઈ દેશસેવા કરવાનો








જોશ જોવા મળ્યો હતો. પોલીસ જવાનો પોતે દરેક શસ્ત્રની કાર્યપદ્ધતિ અને તેની ક્ષમતા વિશે રસપ્રદ માહિતી આપી રહ્યા છે, જે નાગરિકો માટે એક નવો અનુભવ સાબિત થઈ રહ્યો છે.

આ શસ્ત્ર પ્રદર્શનમાં પોલીસની વિવિધ વિશિષ્ટ પાંખો જેવી કે ચેતક કમાન્ડો ફોર્સ, સાયબર સેલ, એસ.ડી.આર.એફ., મરીન ટાસ્ક ફોર્સ અને એટીએસ દ્વારા ઉપયોગમાં લેવાતા આધુનિક હથિયારોનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. માત્ર હથિયારો જ નહીં, પરંતુ ટેકનોલોજીના માધ્યમથી ગુનાઓ કેવી રીતે ઉકેલાય છે તે માટે સાયબર સુરક્ષા અને એફ.એસ.એલ.ના પણ વિશેષ સ્ટોલ્સ ઊભા કરાયા છે. ૧લી મે સુધી ચાલનારા આ પ્રદર્શનમાં શહેરીજનો દરરોજ સવારે ૧૦૩૦ થી રાત્રે ૧૦૩૦ વાગ્યા સુધી મુલાકાત લઈ શકશે. ઉદ્ઘાટન પ્રસંગે શાળાના બાળકો અને યુવાનોમાં પોલીસના આ શસ્ત્રો અને તેમની કામગીરી પ્રત્યે ભારે કુતૂહલ અને દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

# સાબરકાંઠાના જશવંતગઢ નજીક બેકાબુ બસે કારને ટક્કર મારતા છ મહિલાઓના મોત : આઠ ઘાયલ

## ગાભોઈ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે કારમાં ફસાયેલ મૃતદેહને ભારે જહેમતથી બહાર કાઢ્યા

### મૃતકોની ઓળખ

(૧)સકરીબેન કમલેશભાઈ નાયક(૨) હેતલબેન અરવિંદભાઈ નાયક (૩) આશિકીબેન ચીમનભાઈ (૪) મીનાબેન ભીખાભાઈ ભોઈ (૫) સરલાબેન કાંતિભાઈ ભોઈ (૬) કાંતાબેન કાનાભાઈ ભોઈ






### ઈજાગ્રસ્તોની યાદી

(૧)નાયક અંજુબેન ઉંમર વષે ૪૫ (૨) ભોઈ નીતાબેન ઉંમર ૩૬ (૩)નાયક મીનાક્ષીબેન.ઉંમર વર્ષ ૫૦ (૪)પટેલ કામિનીબેન ઉંમર વર્ષ ૫૬ (૫)નાયક કંચનબેન ઉંમર વર્ષ ૬૦ (૬)પ્રજાપતિ નીતાબેન ઉંમર વર્ષ ૫૫ (૭)ગોસ્વામી રેખાબેન ઉંમર વર્ષ ૬૦ (૮)રાવલ અનિલકુમાર (ડ્રાઈવર) ઉંમર ૨૫ વર્ષીય

**અબતક રાજકોટ**

સાબરકાંઠા જિલ્લામાં આજે સવારે એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. હિંમતનગર નજીક જસવંતગઢ પાટિયા પાસે એક પુરપાટ ઝડપે આવતી ખાનગી બસે કારને પાછળથી એટલી જોરદાર ટક્કર મારતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ગંભીર અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા અને ઈજા ગ્રસ્ત લોકો ને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા

આ અંગ મરજી માહિતી મુજબ શામળાજીથી અમદાવાદ તરફ જતાં નેશનલ હાઈવે પર આ દુર્ઘટના સર્જાઈ હતી. પૂરપાટે ઝડપી ખાનગી બસે ઈકો કાર જોરદાર ટક્કર મારતા ટક્કર કારનો પાછળનો અને ઉપરનો ભાગ સાવ દબાઈ ગયો હતો. કારમાં સવાર મુસાફરો લોહીલુહાણ હાલતમાં અંદર જ ફસાઈ ગયા હતા. આ અકસ્માતમાં અન્ય ૬ લોકો ઘટના સ્થળે મોત નીપજ્યા હતા આ અકસ્માતમાં મોડાસા તાલુકાના સરઢોઈ ગામના ૬ લોકોનું નું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું આ અંગે મૃતકો મોડાસા ગામથી કુમ્પ ગામ જઈ રહ્યા હતા ત્યારે ગંભીર અકસ્માત સર્જાયો હતો અને ૮ લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અને બે વ્યક્તિની હાલત ગંભીર હોવાની માહિતી મળી રહી છે ઘટનાની જાણ થતા સાબરકાંઠા જિલ્લાના ગાભોઈ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અને સ્થાનિક લોકો મદદ થી કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. હાલ પોલીસે મૃતકોના પોસ્ટમોર્ટમ હિતમનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હાઈવે પર સતત વધતા અકસ્માતોએ ફરી એકવાર વાહન ચાલકોની સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.

આ ગંભીર અકસ્માત માં થતા ટ્રાફિક જામના દ્રશ્યો અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. પોલીસે ક્રેન દ્વારા અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી માર્ગ ખુલ્લો કરાવવાની કામગીરી કરી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.ગેરકાયદે કટ અને શોર્ટકટ કાળમુખા બન્યા નેશનલ હાઈવે પરના નિયમોના ઉલ્લંઘન અને શોર્ટકટ લેવાની વૃત્તિએ ૬ વ્યક્તિઓનો ભોગ લીધો હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસ અને હાઈવે ઓથોરિટીની પ્રાથમિક તપાસમાં અકસ્માત પાછળના સંભવિત કારણો ગેરકાયદે કટ હોવાનું જાણવા મળ્યું છે. નેશનલ હાઈવે પર ડિવાઈડર વચ્ચે પાડવામાં આવેલા ગેરકાયદેસર કટનો ઉપયોગ કરવા જતાં આ અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે. હાઈવે પરના જોખમી ઊંચા કટ પર કાર ચઢાવવા જતી વખતે પાછળથી આવતી ખાનગી બસ કાર સાથે અથડાઈ હોવાની માહિતી મળી રહી છે

## અકસ્માતમાં ઘવાયેલા મુસાફરોને સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડાયા : બેની હાલત ગંભીર

# બજારમાં તેજીનો તોખાર: સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો ઉછાળો

## નિફ્ટી પણ ૨૧૦ પોઈન્ટ ઉચકાઈ, તમામ સેક્ટર ઈન્ડેક્સ ગ્રીનઝોનમાં

**અબતક, રાજકોટ**

ભારતીય શેરબજારમાં આજે તેજીનો ટોન જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઉછાળા રહેવા પામ્યા હતાં. તમામ સેક્ટર ઈન્ડેક્સ આજે ગ્રીનઝોનમાં કામકાજ કરતા નજરે પડ્યા હતાં. બુલિયન બજારમાં નર્માશ રહેવા પામી હતી. ભારતીય રૂપિયો ડોલર સામે ૨૭ પૈસાના ઘટાડા સાથે ૯૪.૮૩ની નીચલી સપાટીએ સરકી ગયો છે. ડોલર સામે રૂપિયામાં ઘટાડો છતાં બજારમાં તેજી જળવાઈ રહેવા પામી હતી.

આજે મુંબઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેક્સ ઉછાળા સાથે ખુલ્યા હતાં. ઈન્ટ્રાડેમાં સેન્સેક્સે વધુ એક વખત ૭૭,૫૦૦ની સપાટી ઓળંગી હતી. અને ૭૭,૯૮૨.૫૧ની દિવસ દરમિયાનની સપાટી હાંસલ કરી લીધી હતી. જ્યારે નિચલી સપાટી ૭૭,૧૭૬.૨૦ રહેવા પામી હતી. આજે નિફ્ટીએ પણ ૨૪૦૦૦ની સપાટીને ઓળંગી હતી. નિફ્ટીની આજની ઉપલી સપાટી ૨૪,૩૩૪.૭૦ રહેવા પામી હતી. જ્યારે નિચલી સપાટી ૨૪,૦૫૯.૯૫ની નોંધાઈ હતી. બેંક નિફ્ટીમાં પણ ૨૦૪ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે નિફ્ટી, મીડકેપ-૧૦૦ માં પણ ૧૦૦ પોઈન્ટનો વધુનો



ઉછાળો રહ્યો હતો. આજની તેજીમાં બંધનબેંક, ગુડફાય ફિલીપ, આરબીએલ બેંક, કોચીન સીપ્યાડ, વેદાંતા, ઈન્ટરનલ, રિલાયન્સ, એચડીએફસી બેંક, વોડાફોન આઈડિયા અને યશ બેંક સહિતની કંપનીઓના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે જેડબલ્યુએસ એનર્જી, પાવર ફાઈનાન્સ, આરઈસી, બોસ, જીંદાલ સ્ટીલ, સુઝલોન એનર્જી સહિતની કંપનીઓના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સમાં ઉછાળો હતો તો બુલિયન બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે એમસીએક્સ પર ચાંદીના ભાવમાં ૯૯૫ રૂપિયાનું ગાબડુ પડ્યું હતું અને પ્રતિ એક કિલો ચાંદીના ભાવ રૂા. ૨,૩૬,૩૫૦ બોલાયા હતાં. જ્યારે સોનાના ભાવમાં ૭૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. સોનાના પ્રતિ ૧૦ ગ્રામ ભાવ રૂા. ૧,૪૯,૩૩૦ નોંધાયા હતાં. ડોલર સામે આજે રૂપિયો પટકાયો હતો. ૨૭ પૈસાના ઘટાડા સામે ૯૪.૮૩ સુધી નીચે સરકી ગયો હતો. આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૭૧૦ પોઈન્ટના ઉછાળા સાથે ૭૭,૫૯૭ પોઈન્ટ પર અને નિફ્ટી ૨૧૧ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૨૦૭ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. તમામ સેક્ટરર ઈન્ડેક્સમાં વધારો હોવાના કારણે રોકાણકારોમાં ભારે રાજીપો વ્યાપી જવા પામ્યો છે.

# જૈવિક ખાતરમાં દેશને સ્વનિર્ભર બનાવવાનો સુરતનાં ખેડૂતનો ભગીરથ યજ્ઞ: ‘ઘનજીવામૃત’નું શરૂ કર્યુ ઔદ્યોગિક ઉત્પાદન

## પલસાણાના કમલેશ પટેલ રોજનું ૪૦ હજાર કિલો ઘનજીવામૃત બનાવી રાજ્યભરમાં કરશે સપ્લાય; વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સમાં આયાતના વિકલ્પ પર આપશે માર્ગદર્શન

**અબતક રાજકોટ**

પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં ગુજરાત આજે દેશનું રોલ મોડેલ બની રહ્યું છે

ત્યારે સુરત જિલ્લાના પલસાણા તાલુકાના અંભેટી ગામના પ્રગતિશીલ ખેડૂત કમલેશ પટેલે રાસાયણિક ખાતરની આયાત ઘટાડવા માટે ‘ઘનજીવામૃત’ના ઉત્પાદનનો મોટો યજ્ઞ શરૂ કર્યો છે. વર્ષ ૨૦૧૭થી પ્રાકૃતિક ખેતી તરફ વળેલા કમલેશ પટેલ આજે માસ્ટર ટ્રેઈનર તરીકે હજારો ખેડૂતોને પ્રેરણા આપી રહ્યા છે. ખેડૂતોમાં જીવામૃત બનાવવાની ઝંઝટ દૂર કરવા તેમણે ઔદ્યોગિક સ્તરે ઉત્પાદન શરૂ કર્યું છે, જેમાં હાલ રોજની ૧૦૦૦ બેગ (૪૦ કિલોની એક બેગ) તૈયાર કરવામાં આવે છે.

આગામી ૧લી મેના રોજ સુરત ખાતે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ માં કમલેશ પટેલ ‘‘રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા‘‘ વિષય પર આયોજિત ખાસ ચર્ચામાં જોડાશે. તેઓ રાસાયણિક ખાતરના મજબૂત વિકલ્પ તરીકે ઘનજીવામૃતના ઉપયોગ અને તેની વ્યૂહરચના અંગે પોતાના અનુભવો રજૂ કરશે. રાજ્યમાં હાલ ૮ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે ત્યારે ખેડૂતોની વધતી માંગને પહોંચી વળવા તેમણે ચાલુ વર્ષે એક લાખ બેગ ઘનજીવામૃત બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

ખેતીમાં શેરડીના મબલખ પાકથી શરૂ થયેલી આ સફર આજે એક મોટા વ્યવસાયમાં પરિવર્તિત થઈ છે. કમલેશ પટેલ દરરોજ આશરે ૪૦,૦૦૦ કિલો ઘનજીવામૃત અને ૧,૦૦૦ લીટર જીવામૃત તૈયાર કરી અત્યંત કિફાયતી દરે વેચાણ કરે છે. ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા પણ તેમને બાયો રિસોર્સ સેન્ટર (BRC) માટે આર્થિક સહાય અને સબસિડી પૂરી પાડવામાં આવી છે. સુભાષ પાલેકરની પદ્ધતિથી પ્રભાવિત થઈને શરૂ કરેલી આ પહેલ આજે ‘ઝીરો બજેટ’ ખેતીને સાચા અર્થમાં સાર્થક કરી રહી છે.

# કેરીના રસિયાઓ માટે ‘મેન્ગો ફેસ્ટિવલ’મા ખેડૂતો સીધું જ કરશે કાર્બાઈડમુક્ત કેરીનું વેચાણ

## વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ અંતર્ગત ૧ થી ૫ મે દરમિયાન ઓરો યુનિવર્સિટી ખાતે જામશે મહોત્સવ; દેશ-વિદેશની આંબાની વિવિધ જાતોનું કરાશે પ્રદર્શન

**અબતક રાજકોટ**

સુરતવાસીઓ માટે ઉનાળાની સિઝન વધુ મધુર બનવા જઈ રહી છે. આગામી ૧ અને ૨ મે દરમિયાન યોજાનારી ’વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ’ના ઉપલક્ષ્યમાં રાજ્યના બાગાયત વિભાગ દ્વારા હજીરા રોડ સ્થિત ઓરો યુનિવર્સિટી ખાતે પાંચ દિવસીય ’મેન્ગો ફેસ્ટિવલ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ થી ૫ મે સુધી ચાલનારા આ મહોત્સવમાં દક્ષિણ ગુજરાતના અંદાજે ૪૦ થી ૫૦ જેટલા ખેડૂતો પોતાની ઉત્તમ ગુણવત્તાની પ્રાકૃતિક કેરીનું પ્રદર્શન અને વેચાણ કરશે. સુરતના શહેરીજનો ઓરો યુનિવર્સિટીના ડોમ નં. ૩ માંથી કોઈપણ વચેટિયા વગર સીધી જ ખેડૂતો પાસેથી શુધ્ધ, સ્વાદિષ્ટ અને કાર્બાઈડમુક્ત પ્રાકૃતિક કેરીની ખરીદી કરી શકશે.

આ ફેસ્ટિવલમાં માત્ર કેરીનું વેચાણ જ નહીં, પરંતુ ભારતના અન્ય પ્રાંતો સહિત કેટલીક વિદેશી આંબાની જાતોનું પણ વિશેષ નિદર્શન કરવામાં આવશે. તા. ૧લી મેના રોજ આ પ્રદર્શન ખુલ્લું મૂકવાની સાથે બાગાયતી ખેતીના વિવિધ વિષયો પર વિશેષ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે ખેતીવાડી ક્ષેત્રે રસ ધરાવતા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. કુદરતી રીતે પકવેલી અને સ્વાસ્થ્યપ્રદ કેરીનો સ્વાદ માણવા માટે બાગાયત વિભાગ દ્વારા સુરતની જનતાને આ મહોત્સવની મુલાકાત લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ ૭ વિદેશી ભાષા સાથે સ્નાતક-અનુસ્નાતક થઇ શકશે

## પ્રવેશ માટે ફરજિયાત જીકાસમાં જ રજિસ્ટ્રેશન કરાવવું પડશે

**અબતક, રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટી સહિત તમામ સરકારી યુનિવર્સિટીઓની સાથે જોડાયેલ કોલેજોમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ સહિતના કોર્સમાં પ્રવેશ માટે જીકાસના માધ્યમથી જ પ્રવેશ કાર્યવાહી કરવાની છે. આ સાથે જ હવે યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ ભાષાઓમાં અંડર ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સમાં પ્રવેશ માટે પણ જીકાસના માધ્યમથી જ પ્રવેશ થશે તેવી જાહેરાત કરી દેવામાં આવી છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨નું પરિણામ આગામી દિવસોમાં જાહેર કરાશે. આ પરિણામ બાદ સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે જીકાસના માધ્યમથી કાર્યવાહી હાથ ધરાશે. વિદ્યાર્થીઓ કોઈપણ કોર્સમાં પ્રવેશ લેવો હોય તો જીકાસમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતાં ફોરેન લેગ્વેંજ એટલે કે વિદેશી ભાષા માટે અત્યાર સુધી અલગથી ડિપાર્ટમેન્ટ ચલાવાતો હતો. જેમાં છ માસ કે એક વર્ષ-બે વર્ષના સર્ટિફિકેટ કોર્સ ચલાવવામાં આવતાં હતા. યુનિવર્સિટી દ્વારા હવે પછી વિદેશી ભાષામાં પણ અંડર ગ્રેજ્યુએશન એટલે કે બી.એ. અને માસ્ટર ડિગ્રી એટલે કે એમ.એ. થઈ શકાશે. યુનિવર્સિટી દ્વારા બી.એ. ઈન જર્મન, સ્પેનિસ, ફ્રેંચ, જાપાનીસ અને ચાઈના એમ, કુલ પાંચ ભાષામાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. અંડર ગ્રેજ્યુએશન કોર્સમાં ત્રણ વર્ષ અને ચાર વર્ષ પ્રમાણે પ્રવેશ ફાળવવામાં આવશે. આ જ રીતે માસ્ટર ડિગ્રીમાં બે વર્ષ પ્રમાણે પ્રવેશ ફાળવવામાં આવશે. આમ, વિદ્યાર્થીઓ હવે ધો.૧૨ પાસ કર્યા પછી બી.એ. ઈન જર્મન સ્ટડીઝથી લઈને પાંચ ભાષામાં ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન થઈ શકશે. મહત્વની વાત એ કે તમામ કોર્સમાં પ્રવેશ માટે ફરજિયાત જીકાસમાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. એટલે કે જીકાસના માધ્યમથી મેરિટમાં આવતાં હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ ફાળવણી કરવામાં આવશે. અત્યાર સુધીમાં જે વિદ્યાર્થીઓ ઈચ્છતાં હોય તેમને સીધો જે તે વિદેશી ભાષામાં અભ્યાસ માટે પ્રવેશ મળતો હતો. પરંતુ હવે આ કોર્સમાં પ્રવેશ માટે પણ જીકાસના શરણે જવું પડશે. સૂત્રો કહે છે કે, આ કોર્સમાં પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળતાં નથી. આ સ્થિતિમાં આ પ્રકારના કોર્સને જીકાસમાંથી બાકાત રાખવામાં આવે તો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ સીધા પ્રવેશ મેળવી શકશે. અન્યથા આ પ્રકારનો કોર્સ શરૂ કર્યા પછી પણ બેઠકો ખાલી પડશે તે નક્કી છે.


# ઈસ્કોન મંદિરમાં કાલે નરસિંહ ચતુર્દશી મહોત્સવની થશે ભવ્ય ઉજવણી

## નરસિંહ યજ્ઞ, કથા અભિષેક મહાપ્રસાદ સહિતના યોજાશે કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ સ્થિત ઈસ્કોન મંદિર ખાતે કાલે ૩૦ એપ્રિલ, ગુરુવારના રોજ ભગવાન નરસિંહ દેવના પ્રાગટ્ય ઉત્સવ - નરસિંહ ચતુર્દશીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

ઈસ્કોન મંદિરના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજીએ જણાવે છે કે ભગવાન નરસિંહદેવ સર્વવિઘ્ન વિનાશક અને ભક્તવત્સલ છે. આજના સમયમાં પણ ભક્તોના જીવનમાં આવતી મુશ્કેલીઓમાંથી રક્ષણ આપે છે.



આ નરસિંહ ચતુર્દશીની ૩૦ એપ્રિલ ગુરૂવારે રાજકોટના ઈસ્કોન મંદિર ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યેઃ વિશ્વ શાંતિ માટે વિશેષ મહા નરસિંહ યજ્ઞ, સાંજે ૬:૦૦ વાગ્યેઃ ભગવાન નરસિંહ પ્રાગટ્ય ઉત્સવની કથા, ૭:૦૦ વાગ્યેઃ ભગવાનનો ભવ્ય મહા અભિષેક બાદ મહાપ્રસાદ અપાશે.

આ નરસિંહ ચતુર્દશીના પાવન અવસર પર ઈસ્કોન મંદિર દ્વારા ધર્મપ્રેમી અને ઉત્સવપ્રેમી જનતાને મંદિરે આવી ભગવાન નરસિંહ દેવના દર્શન કરવાનો, યજ્ઞ કથા તથા મહાભિષેક, મહાપ્રસાદ ગ્રહણ કરવા માટે ઈસ્કોન પ્રમુખ વૈષ્ણવસેવા દાસે અનુરોધ કર્યો છે.

# દ્વારકાના વરવાળા ગામે તળાવમાં ડૂબી જવાથી બે બાળકના મોત: એકનો બચાવ

## બાપુ પીરના ઉર્સ મેળામા રમકડા વેચવા ગયેલા પરિવારના બાળકો રમતા રમતા તળાવમાં ગરક થયાઃ પરિવારમાં અરેરાટી

**અબતક, વિનાયક ભટ્ટ, જામ ખંભાળિયા**

દ્વારકા નજીક આવેલા વરવાળા ગામે તળાવમાં રમતા-રમતા ડૂબી જવાથી બે પરપ્રાંતીય શ્રમિક બાળકોના મોત નીપજ્યા છે, જ્યારે એક બાળકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે શ્રમિક પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, દ્વારકા પંથકમાં મજૂરી કામ કરતા અને છૂટક રમકડાં વેચી ગુજરાન ચલાવતા એક શ્રમિક પરિવારના સભ્યો વરવાળા ગામે ચાલી રહેલા એક ધાર્મિક પ્રસંગમાં રમકડાં વેચવા માટે આવ્યા હતા. વરવળાના તળાવ પાસે આ પરિવારોના બાળકો રમી રહ્યા હતા, તે દરમિયાન અચાનક ત્રણ બાળકો તળાવના ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા અને ડૂબવા લાગ્યા હતા.પાણીમાં ડૂબી રહેલા બાળકોને જોઈ આસપાસના લોકો બચાવવા દોડી આવ્યા હતા. જોકે, કમનસીબે ૧૨ વર્ષિય રાજીવ અને ૧૦ વર્ષિય અજયનામના બે બાળકોના પાણીમાં શ્વાસ રુંધાઈ જવાથી મોત નીપજ્યા હતા. જ્યારે તળાવમાં ડૂબેલા ત્રીજા બાળકને સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી બહાર કાઢી લીધો હતો. તેને તાત્કાલિક દ્વારકાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની પ્રાથમિક સારવાર બાદ હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો છે. એકસાથે બે વહાલસોયા બાળકોના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજીના વ્યાજખોર મુરલીએ ૭૨ વર્ષીય વૃદ્ધને ત્રણ લાખ આપી ૧૨ તોલા સોનુ પડાવી લીધું

## વૃદ્ધે સારવાર અર્થે આઠ વર્ષ પૂર્વે લીધેલા નાણાંનું ૨.૧૬ લાખ વ્યાજ ચૂકવ્યું છતાં દાગીના પરત ન આપ્યા : મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ધોરાજીણા વ્યાજખોર મુરલી ભાયાણીએ ૭૨ વર્ષીય વૃદ્ધને ૩ લાખ આપી વ્યાજના ૨.૧૬ લાખ પડાવી ગીરવે મુકેલ ૧૨ તોલા સોનું પણ પરત ન આપતાં પોલીસે વ્યાજખોર સામે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે ધોરાજીના ભૂખી ગામે રામપીરના મંદિર પાસે રહેતાં માવજીભાઈ વિરજીભાઈ મકવાણા (ઉ.વ.૭૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુરલીધર ભાયાણી (રહે. અમીધારા એપાર્ટમેન્ટ, ધોરાજી) નું નામ આપતાં ધોરાજી પોલીસે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ હાલ નિવૃત જીવન ગાળે છે. પરીવારમા પત્ની તથા બે દિકરા અને ચાર દિકરી છે. ૩૦-૩૫ વર્ષ પહેલા તેઓ ધોરાજીના સુપેડી ગામ આવેલ સોલ્વટ પ્લાન્ટ નોકરી કરતા અને આ સોલ્વટ પ્લાન્ટમાં મુરલીધર ભાયાણી ભાગીદાર હતા. જેથી તેમની સાથે ઓળખાણ થયેલ હતી. મુરલીધર ભાયાણી સાથે અવાર નવાર આર્થીક વ્યવહાર કરેલ બાદ આઠેક વર્ષ પહેલા મોટા દિકરા મહેશભાઈના પત્નીની કેન્સરની બીમારી હોય અને પોતાનું એક્સીડન્ટ થયેલ હોય જેથી રૂપિયાની જરૂરત થતા મુરલીધર ભાયાણી પાસે આશરે ૧૦ થી ૧૨ તોલા સોનુ ગીરવે રાખી રૂ.૩ લાખ ૨ ટકા લેખે લીધેલ હતાં.

ત્યારે વાયદો એવો થયેલ કે, દર મહિને ૨ ટકા વ્યાજના પૈસા રોકડમા આપવા જેથી સ્વખુશીથી આ વાયદો સ્વીકારેલ જે પૈસા આશરે ત્રણેક વર્ષ રોકડા મહીને છ હજાર નિયમીત વ્યાજ ચુકવેલ હતું. બાદ આર્થીક પરિસ્થિતી સારી થઈ જતા અને રૂપિયાની સગવડ થતા આરોપી પાસે ગયેલ અને કહેલ કે, મારી પાસે રૂપિયાની સગવડ થઈ ગઈ છે, અમારા દાગીના મને પરત આપો હું તમારા રૂપિયા ૩ લાખ તમને પરત આપી દઉં તો તે અલગ અલગ વાયદા કરતા તેમજ કહેતા કે, તમે કુલ ચાર લાખ રુપીયા આપો અને ઘરેણા લઈ જાઓ. જેથી ચાર લાખ રુપીયા લઈને ગયેલ તો આ મુરલીએ કહેલ કે, યોગી પાને આપી દયો, જેથી ચાર લાખ રુપીયા યોગી પાન ત્રણ દરવાજા પાસે પોસ્ટ ઓફીસ રોડ પર બેઠેલ રાજુભાઈને આપતા તેઓએ ઘરેણા આપેલ જે જોતા તેમા આપેલા દાગીનામાથી ત્રણ દાગીના ઓછા હોય જેથી આ દાગીના સ્વીકારેલ નહી અને પૈસા પરત લઈ લીધેલ હતાં. બાદ મુદ્દલ રુપિયા ત્રણ લાખ તેમને આપવા હોય પરંતુ તે જ્યારે પણ મોબાઈલ ફોનથી કે રુબરુ જઈ સંપર્ક કરતા ત્યારે કોઈપણ બહાના કરી ફોન કાપી નાખે છે અને રુબરુ મળે તો ગલ્લા તલ્લા જવાબ આપે છે. જેથી જાણવા મળેલ કે, આ મુરલીએ અમારુ સોનુ પાછુ આપવા માંગતા ન હોય જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરાજી પોલીસે ગુનો નોંધી વ્યાજખોરને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# પીઠડીયા ટોલ કર્મીની હત્યાનો પ્રયાસ કરનાર વિપુલ કાઠી ઝબ્બે : આકરી સરભરા




પોલીસે તુરંત જ આરોપીને દબોચી ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રકશન કરાવ્યું

## ફાસ્ટેગમાંથી ઓટોમેટિક રૂપીયા કપાઈ જતાં કાર ચાલક વિફર્યો અને કર્મીને ગળે ટૂંપો આપી મારી નાંખવાનો પ્રયાસ કર્યો’તો

**અબતક, રાજકોટ**

પીઠડીયા ટોલનાકાના કર્મીની હત્યાનો પ્રયાસ કરનાર વિપુલ કાઠીને વિરપુર પોલીસે પકડી પાડી આકરી સરભરા કરી હતી અને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્ટ્રકશન કરાવ્યું હતું.

બનાવ અંગે હાલ વિરપુરમાં આવેલ સોનલ કૃપા ગેસ્ટહાઉસમાં રહેતાં ભાવેશકુમાર રમેશકુમાર પરમાર (ઉ.વ. ૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિપુલ કાઠી (રહે. રબારીકા, જેતપુર) નું નામ આપતા વિરપુર પોલીસે હત્યાનો પ્રયાસ, એટ્રોસિટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે સવા વર્ષથી જેતપુર નજીક આવેલ પીઠડીયા ટોલ પ્લાઝા ખાતે ટીકીટ કલેકટર તરીકે તરીકે નોકરી કરે છે. ગઈ તા.૨૫ ના સાંજના ચાર વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી નોકરી રાજકોટથી જૂનાગઢ તરફ જતી લાઈનના બુથ નં.૦૧ ઉપર હતી. દરમિયાન રાત્રીના સાડા અગીયારેક વાગ્યે એક સ્કોર્પીયો કાર આવેલ તેના કાચ ઉપર ફાસ્ટેગ લગાવેલ હતું. જેથી ટોલનાકાના સ્કેનર વડે ફાસ્ટેગ સ્કેન થઈ જતાં રૂ. ૩૫ ઓટોમેટીક કપાઈ જતાં જેથી પ્રોસેસ કરી બૂમ બેરીઅર ઉંચુ કરેલ હતું.

દરમ્યાન આ કારનો ચાલકએ કહેલ કે, તું મને ઓળખશ હું વિપુલ કાઠી રબારીકા વાળો છું તે મારી ફોરવ્હીલ ગાડીનો ટોલના પૈસા કેમ કાપી લીધેલ? જેથી તેને કહેલ કે, તમારી ફોરવ્હીલ કારનું ફાસ્ટ ટેગ અમારા ટોલનાકાના સ્કેનરમાં ઓટોમેટીક સ્કેન થઈ જતાં રૂપીયા ઓટોમેટીક ટોલનું પેમેન્ટ થયેલ છે. જેથી કાર ચાલક વિપુલ કાઠી લ તેની ફોરવ્હીલ ગાડીથી નીચે ઉતરી ગાળો આપવા લાગેલ જેથી તેને ગાળો બોલવાની ના પાડેલ તો તે ઉશ્કેરાઈ જઈ આજે તો તને મારી નાખીશ તેમ કહી, મારી નાખવાના ઈરાદે ગળુ દબાવીને ગળાચીપ આપી શ્વાસ રૂંધાઈ ગયેલ ત્યાં સુધી દબાવી રાખેલ હતું.

આ દરમ્યાન ટોલનાકે કામ કરતા શીટ સુપરવાઈઝર આવી જતાં તેણે છોડાવેલ નહીંતર આ વિપુલ મારી નાખત, બાદ આરોપીએ થપ્પડ મારી ગાળો આપવા લાગેલ અને કહેલ કે, તારૂ નામ શું છે, જેથી તેને કહેલ કે, મારૂ નામ ભાવેશ પરમાર છે. બાદમાં જાતિ પૂછી ગાળો આપતા મેનેજર વનરાજભાઈ વાણવી સાથે મોબાઈલ ફોન ઉપર આ ભાઈની વાતચિત કરાવેલ બાદ ફરીથી મને થપ્પડ મારી ધમકી આપેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી વિરપુર પોલીસે તુરંત જ ગુનો નોંધી આરોપી વિપુલ કાઠીની ધરપકડ કરી આકરી સરભરા કરી પીઠડીયા ટોલનાકા પર લઈ જઈ રિકન્ટ્રકશન પણ કરાવ્યું હતું.

# સુરેન્દ્રનગરના દુધરેજમાં મકાનમાંથી જુગારધામ ઝડપાયું

## જુગાર રમતા ૦૮ શખ્સોને રોકડ અને મોબાઈલ મળી રૂ.૬૦,૫૦૦ના મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર કઈઈ પોલીસે દુધરેજ નર્મદા કેનાલ પાસે રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર બાતમીના આધારે રેઈડ કરી હતી.

જેમાં સ્થળ પર થી જુગાર રમતા ૦૮ શખ્સો (૧) રમજાનભાઈ મહેબુબભાઈ રફાઈ રહે.દુધરેજ કેનાલ મુળચંદ રોડ (૨) મહેબુબભાઈ રહેમાનભાઈ કટીયા રહે. સુધારા પ્લોટ રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૩) દાઉદભાઈ ગુલાબભાઈ જામ રહે. સુધારા પ્લોટ, સર્કીટ હાઉસ સામે, રતનપર (૪) આદીલભાઈ યુનુસભાઈ ખલીફા રહે.ઘાચીવાડ જુમા મસ્જીદ પાસે (૫) સુલેમાનભાઈ હનીફભાઈ મોવર રહે.સુધારા પ્લોટ, રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૬) સલીમભાઈ ઈકબાલભાઈ મનસુરી, રહે. સુધારા પ્લોટ રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૭) રીયાઝભાઈ રજાકભાઈ ચૌહાણ રહે. ટાંકી ચોક પાસે, સુરેન્દ્રનગર અને (૮) અસલમભાઈ ઈકબાલભાઈ મનસુરી રહે. ટાંકી ચોક, સુરેન્દ્રનગર વાળાને રોકડ રૂ.૩૦,૫૦૦ મોબાઈલ ફોન નંગ ૦૬ કિંમત રૂ.૩૦,૦૦૦ સહિત ફૂલ રૂ.૬૦,૫૦૦ નો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને તમામ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રોટરી મીડટાઉન લાયબ્રેરીમાં બાળકો માટે યોજાશે સમર વર્કશોપ

**અબતક, રાજકોટ**

વેકેશનની મજા સાથે રચનાત્મક પ્રવૃત્તિમાં બાળ રસ વધારવા રોટરી મીડટાઉન લાઈબ્રેરી દ્વારા સમર વેકેશન કેમ્પસના આયોજનો કરવામાં આવ્યુ છે. રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉન દ્વારા સંચાલિત રોટરી મિડટાઉન લાઈબ્રેરી ખાતે બાળકો માટે સમર વર્કશોપ્સનું આયોજન રાજકોટઃ રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન દ્વારા સંચાલિત રોટરી મિડટાઉન લાઈબ્રેરી ખાતે આવનારા સમર વેકેશન દરમ્યાન બાળકો માટે વિવિધ શૈક્ષણિક તથા મનોરંજક વર્કશોપ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ બાળકોમાં વાંચનની આદત, સર્જનાત્મકતા અને જીવન મૂલ્યોનો વિકાસ કરાવવાનો છે. ૧ થી ૩ મે દરમ્યાન શ્રીમદ ભગવદ ગીતામાંથી ટાઈમલેસ વિઝડમ વિષયક વર્કશોપ યોજાશે, જેમાં વિદ્યાર્થીઓને જીવન મૂલ્યો અને આધ્યાત્મિક સમજણ આપવામાં આવશે. ૫ થી ૧૦ મે દરમિયાન ફ્રેન્ચ ભાષા વર્કશોપ યોજાશે, જે દ્વારા બાળકોને નવી ભાષા શીખવાની તક મળશે.

૧૨ મેના રોજ નો-ફાયર રેસીપી વર્કશોપમાં બાળકોને રસોઈની મજા સાથે નવી વાનગીઓ બનાવતા શીખવાશે. ૧૫ મેના રોજ ડોલ મેકિંગ વર્કશોપ યોજાશે, જેમાં બાળકો પોતાની સર્જનાત્મકતા વ્યક્ત કરી શકશે. ૨૬ થી ૨૮ મે દરમિયાન ચેસ વર્કશોપ યોજાશે, જે બાળકોમાં તર્કશક્તિ અને એકાગ્રતા વિકસાવવામાં મદદરૂપ થશે. રોટરી મિડટાઉન લાઈબ્રેરી છેલ્લા ઘણા વર્ષોથી બાળકો અને વાચકો માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ અને સંસ્કારનું ઉત્તમ કાર્ય કરી રહી છે. આ તમામ વર્કશોપ્સ બાળકો માટે જ્ઞાનવર્ધક અને મનોરંજક સાબિત થશે. ઈચ્છુક વાલીઓએ પોતાના બાળકોનું નોંધણી માટે તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે.

**બાળકોના વાંચન સાથે રચનાત્મક પ્રવૃત્તિઓની ધગશ જગાવવા સમર કેમ્પ બનશે આશાવાદ**

# ચૂંટણી પૂર્ણ પણ વિવાદ ઉભા : કોંગી ઉમેદવારના પતિ પર છરી વડે હુમલો

## ઈન્સ્ટાગ્રામમાં મુકેલી પોસ્ટ બાબતે ડખ્ખો ઉદભવ્યો : પારૂલ બગીચા પાસે બોલાવી હોટલ સંચાલક અને તેના મિત્રને છરી ઝીંકી દેવાઈ

## આરોપીને પણ છરીનો ઘા વાગ્યો : લાતી પ્લોટમાં રહેતા ચૌહાણ બંધુ સામે ગુનો નોંધાયો

**અબતક રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે ચૂંટણી પરિણામ આવ્યા બાદ કોંગ્રેસી મહિલા ઉમેદવારના પતિ અને તેના મિત્ર પર લાતી પ્લોટમાં રહેતા બંધુનો છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેથી બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. ઈન્સ્ટાગ્રામમાં ચૂંટણીલક્ષી પોસ્ટ મૂકયા બાદ ગાળાગાળી થતા સમાધાન માટે ભેગા થયા હતા દરમિયાન આ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં આરોપીએ વચ્ચે પડતા તેના ભાઇને પણ છરી ઝીંકી દીધી હતી. બનાવ અંગે બી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે મહેશ્વરી પાર્ક મેઈન રોડ પર રહેતા કોંગ્રેસના મહિલા ઉમેદવારના પતિ હાર્દિક ખોડાભાઈ પરમાર(ઉ.વ.૩૬) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુવાડવા રોડ પર લાતી પ્લોટમાં રહેતા નિલેશ ચૌહાણ અને તેના ભાઈ અજય ચૌહાણનું નામ આપ્યું છે. યુવાને જ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે જામનગર રોડ પર ન્યારા ગામના પાટીયા પાસે સચ્ચા સોદા નામની હોટલ ધરાવે છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલ બપોરના ત્રણેક વાગ્યે તે ગોંડલ ચોકડી પાસે હતો તે વખતે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામમાં નિલેશ ચૌહાણનો મેસેજ આવ્યો હતો કે આખી જિંદગી ડબલયા વેળા જ કરજો કંઈ નહીં થાય તમારા કોંગ્રેસથી બાદમાં યુવાને તેને રિપ્લાય કર્યો હતો કે એ તો બધાને ખબર જ છે ડબલ્યા વેડા કોણ કરે છે, તેવો વોઈસ મેસેજ કર્યા બાદ નિલેશે વોઈસ મેસેજ દ્વારા યુવાનને ગાળો આપી હતી યુવાને પણ સામે ગાળો આપી હતી.

ત્યારબાદ સાંજના પોણા છ વાગ્યા આસપાસ હાર્દિક પાણીના ઘોડા પાસે પેડક રોડ પર હતો. ત્યારે નિલેશનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તું ક્યાં છો તું જલ્દીથી પારૂલ બગીચા પાસે આવ જેથી યુવાન તેના મિત્ર સંજય ગોવિંદભાઈ સોલંકીને સાથે લઈ સ્કોર્પિયો કાર લઈ કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે પારૂલ બગીચા નજીક ગયો હતો ત્યાં નિલેશ ઉભો હતો. બાદમાં બંને વચ્ચે વોઈસ મેસેજ બાબતે થયેલી ગેરસમજ મુદ્દે સમાધાન થઈ ગયું હતું.

દરમિયાન નિલેશનો ભાઈ અજય એકટીવા લઈને આવ્યો હતો અને તે સીધો ગાળાગાળી કરવા લાગ્યો હતો અને યુવાન સાથે ઝપાઝપી કરી પેન્ટના નેફામાંથી છરી કાઢી યુવાનના પડખાનાભાગે છરીનો ઘા ઝીંકી કી દીધો હતો. બાદમાં તે આડેધડ છરી ફેરવવા લાગતા યુવાનના મિત્ર સંજય વચ્ચે હાથ નાખતા તેને આંગણાના ભાગે છરી વાગી ગઈ હતી તેમજ ઢીંચણના ભાગે પણ છરી મારી દીધી હતી. અજયને સમજાવા તેનો ભાઈ નિલેશ વચ્ચે પડતા તેને પણ સાથળનાભાગે છરી મારી દીધી હતી. ઝપાઝપી દરમિયાન ફરિયાદી હાર્દિક તથા નિલેશ ઓટલા ઉપર પડ્યા હતા.

દરમિયાન અહીં લોકો એકત્ર થઈ જતા તેમણે છોડાવ્યા હતા. બાદમાં યુવાન તથા તેના મિત્ર સંજયને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે મધુરમ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ યુવાને આ અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નિલેશ ચૌહાણ અને તેના ભાઈ અજય ચૌહાણ વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજ્ય આરોગ્ય વિભાગમાં ૨૫૦૦થી વધુ જગ્યા પર ભરતી જાહેર

## ફિમેલ હેલ્થ વર્કરની ૧૯૪૮ જગ્યા, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના હોદ્દા માટે ૪૨૦ જગ્યા, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્કની ૧૬૪ જગ્યા, લેબોરેટરી ટેકનિશિયન ૬૧ જગ્યા પર ભરતી કરાશે

**અબતક, રાજકોટ**

સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ હેઠળ આરોગ્ય અને વહીવટી વિભાગમાં ૨,૫૦૦થી વધુ હોદ્દા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.ભરતી પ્રક્રિયા હેઠળ કુલ ૪ મુખ્ય સંવર્ગોમાં નિમણૂક કરાશે. ફિમેલ હેલ્થ વર્કરની ૧૯૪૮ જગ્યા, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના હોદ્દા માટે ૪૨૦ જગ્યા, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્કની ૧૬૪ જગ્યા, લેબોરેટરી ટેકનિશિયન ૬૧ જગ્યા પર ભરતી કરાશે. આ ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો માટે પણ અનામત બેઠકોની વિશેષ જોગવાઈ કરાઈ છે.

વર્ષ ૨૦૨૫ના સત્તાવાર આંકડા મુજબ, ગુજરાતના આરોગ્ય વિભાગમાં સ્ટાફની ભારે અછત જોવા મળી રહી છે. રાજ્યમાં તબીબોની ૨૩% અને નર્સોની ૬% જગ્યા ખાલી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પેરા-મેડિકલ સ્ટાફની અછતને કારણે આરોગ્ય સેવાઓ ખોરવાય નહીં તે હેતુથી આ બમ્પર ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે.

### કેવી રીતે કરશો અરજી?

ઉમેદવારોએ મંડળની અધિકૃત વેબસાઇટ પર જઈને ઓનલાઇન અરજી કરવાની રહેશે. પરીક્ષા ફીની ચુકવણી એસબીઆઈ ઈ-પે મારફતે કરવાની સુવિધા અપાઈ છે. ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે પૂર્ણ કરાશે. આ ભરતીથી રાજ્યના તમામ જિલ્લાઓમાં, ખાસ કરીને જ્યાં ૨૫%થી વધુ સ્ટાફની અછત છે, ત્યાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનશે તેવી આશા છે.

(પહેલા પાનાનું ચાલું)

### જનાદેશનો ટ્રેન્ડ...

ધારાસભ્યોએ રાજીનામા આપ્યા બાદ ભાજપનો ખેસ ધારણ કરી લઈ પેટા ચૂંટણીમાં ફરી વિજેતા બનતા હાલ વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનું સંખ્યાબળ ૧૬૨ છે. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં જે રીતે ભાજપને જનાદેશ પ્રાપ્ત થયો છે. જો આ જ ટ્રેન્ડ ઝળવાઈ રહે તો આજથી દોઢ વર્ષ પછી યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ ૧૭૦થી વધુ બેઠકો મેળવી તેવી પ્રબળ સંભાવના જણાઈ રહી છે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકામાંથી તમામ ૧૫માં ભાજપની જીત થઈ છે. આ વાત સાબીત કરે છે કે, શહેરી મતદારો ભાજપના પરંપરાગત મતદારો બની ગયા છે. હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ કમળનું કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. ૩૪ જિલ્લા પંચાયતમાંથી ૩૩ જિલ્લા પંચાયતમાં ભાજપને બહુમત પ્રાપ્ત થયો છે. જ્યારે ૮૪ નગરપાલિકામાંથી ૭૮ નગરપાલિકામાં કમળ પુરબહારમાં ખીલ્યું છે. જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવારો જીત્યા છે. આ તમામ સમીકરણોને આધારે જો ગુજરાત વિધાનસભાની ૨૦૨૭માં યોજાનારી સામાન્ય ચૂંટણીના પરિણામો અંગે અંદાજ લગાવવામાં આવે તો એવુ ચોક્કસ કહી શકાય કે ભાજપ ૧૭૦ બેઠકો જીતી જશે.

કોંગ્રેસ પાસે હજી દોઢ વર્ષનો સમય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે પક્ષનો કારમો પરાજય સહન કરવો પડ્યો છે. તેની ગંભીરતા સાથે સમીક્ષા કરે અને વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીઓ આરંભી દે તો શરમજનક પરિણામથી ૧૦૦ ટકા બચી શકાય છે. હાલ વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યનું સંખ્યાબળ માત્ર ૧૨ છે. આવુ ગરીબડુ પરિણામ હવે પછી ન મળે તે માટે કોંગ્રેસે ગંભીરતા દાખવવી પડશે. શાનદાર જીત બાદ પણ ભાજપ હવે આરામ નહીં કરે પદાધિકારીઓને નિમણુંક બાદ ફરી પ્રજા વચ્ચે જઈ સેવાકાર્યો શરૂ કરી દેવામાં આવશે. ટુંકમાં વિધાનસભાની ચૂંટણીની જોરશોરથી તૈયારીઓ આરંભી દેવાશે.

### ભાજપનો વોટશેર...

અન્યના ફાળે ૧૭૪ બેઠકો આવી છે. ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતોમાં ભાજપનું શાસન આવ્યું છે. તાલુકાપંચાયતમાં ભાજપનો વોટ શેર ૫૧ ટકાથી થોડોવધુ રહેવા પામ્યો છે. જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૩૨.૮૯ ટકા રહ્યો છે. તાલુકા પંચાયતની કુલ ૫૨૩૪ બેઠકોમાંથી ભાજપ ૩૬૭૪ બેઠકો જીત્યું છે. જ્યારે કોંગ્રેસ ૧૦૫૦ બેઠકો જીત્યું છે. અન્યના ફાળે ૫૦૪ બેઠક આવી છે. ૧૧ નગરપાલિકાઓની ૧૩ બેઠકોની પેટા ચૂંટણીમાં ચાર બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ૯ બેઠકોમાંથી ભાજપને ૬ બેઠકો મળી છે. આમ આદમી પાર્ટીને એક અને અન્યને બે બેઠકો પ્રાપ્ત થઈ છે. ટુંકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર એવુ ફરી વળ્યું છે કે, જેની કળ વળતા વર્ષો નિકળી જશે.

### બંગાળ...

બપોરે ૨ વાગ્યા સુધીમાં ૬૫ ટકા મતદાન નોંધાયું છે. મતદાન દરમિયાન અનેક વિધાનસભા મતવિસ્તારોમાં હિંસા, લાઠીચાર્જ, સૂત્રોચ્ચાર અને ઈવીએમ સાથે છેડછાડની ઘટનાઓ નોંધાઈ છે.ભાજપે આરોપ લગાવ્યો છે કે ડાયમંડ હાર્બરના ફાલ્ટામાં ઈવીએમ પર બીજેપી બટન ટેપથી બંધ કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચે જણાવ્યું છે કે જે મતદાન મથકો પર ઈવીએમ પર કાળી કે સફેદ ટેપ હોવાની ફરિયાદો મળી છે ત્યાં ફરીથી ચૂંટણી યોજાશે.ફાલ્તામાં એક મતદાન મથક પર સુરક્ષા કર્મચારીઓએ વિરોધીઓ પર લાઠીચાર્જ કર્યો. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં, ભાજપના ઉમેદવાર વિકાસ સરદારે ટીએમસી ગુંડાઓ પર તેમની કારની બારી તોડવાનો અને તેમના સુરક્ષા ગાર્ડની બંદૂક છીનવી લેવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં, તૃણમૂલ કોંગ્રેસે આ ૧૪૨ બેઠકોમાંથી ૧૨૩ બેઠકો જીતી હતી. ૨૩ એપ્રિલે ૧૫૨ બેઠકોના પ્રથમ તબક્કામાં રેકોર્ડ ૯૩% મતદાન નોંધાયું હતું. પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે.

(અગિયારમા પાનાનું ચાલુ)

### બ્રહ્માકુમારીઝ

ડિસ્ટર્બ કરે ત્યારે આપણે તેને રોકી શકીએ છીએ, પરંતુ મોબાઈલ વારંવાર ડિસ્ટર્બ કરે છતાં પણ આપણે તેને સ્વીકારી લઈએ છીએ. આજના જીવનમાં વોકિંગ, વર્કિંગ, કૂકિંગ, ઈટિંગ, સ્લીપિંગ, સ્ટડિંગ જેવી દરેક પ્રવૃત્તિમાં મોબાઈલનો વધતો ઉપયોગ વ્યકિતને પોતાની જાતથી અને પોતાના સ્નેહીજનોથી દૂર લઈ જઈ રહ્યો છે. અરે, હદ તો ત્યારે થઈ જ્યારે માણસ જાજરૂ જાય તો પણ મોબાઈલ કેડો મૂકતો નથી?!! માણહ મોબાઈલના ’હાથનું રમકડું’ બનવા મજબૂર, સ્વજનોથી થયો દૂર!!!

આ પ્રસંગે સૌને એક સુંદર સંકલ્પ અપાયો હતો -વર્કિંગ ટાઈમમાં ફોકસ મોડ અને ફન ટાઈમમાં એન્ટરટેઈનમેન્ટ મોડ અપનાવીને જીવનમાં સંતુલન લાવવું. સાથે સાથે તેમણે ભારપૂર્વક જણાવ્યું કે - દિવસની શરૂઆત મોબાઈલ સાથે નહીં પરંતુ ઈશ્વરની યાદ સાથે કરવી જોઈએ. આજના સમયમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ (એ આઈ) ઝડપથી આગળ વધી રહી છે, પરંતુ આપણે એંજલિક ઈન્ટેલીજન્સ વિકસાવીને માનવજાતની નિઃસ્વાર્થ સેવા માટે આગળ વધવું જોઈએ - એવો પ્રેરણાદાયક સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

### ગૌધામ શિવકથા

હોય પણ આત્મહત્યાનો વિચાર કરવો એ ગૌહત્યા સમાન મહાપાપ છે. શિવાલયને એક ’ધ્યાન કેન્દ્ર’ અને ’યંત્ર’ ગણાવતા તેમણે ઉમેર્યું કે, જ્યારે જીવનમાં અંધકાર દેખાય ત્યારે શિવાલયમાં જઈ શિવલિંગ સામે દ્રષ્ટિ રાખવી, તેનાથી મનના તરંગો શાંત થશે અને જીવન જીવવાની નવી શકિત મળશે.

કથાના સાતમા દિવસે શિવ-પાર્વતીના ભવ્ય લગ્ન પ્રસંગની ઉજવણી કરવામાં આવશે. આ સાથે જ રાત્રિના સમયે ઈશ્વરીય ભક્તિમય ઝાંખીના વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### આર.બી. કોઠારી...

શેઠીયા, હિમાંશુભાઈ અને અમેરીકાના સ્વ. ડો.મહેન્દ્રભાઈ વારીયા, ડો.ચંદ્રાબેન વારીયા તરફથી સારી રકમનું દાન પ્રાપ્ત થયેલ છે. આ સહયોગને કારણે સંસ્થા શ્રેષ્ઠ તબીબી સહાય પુરી પાડી રહ્યા છે. આ સંસ્થાનું સંચાલન ટ્રસ્ટી રમણીકભાઈ જસાણી તથા નિરંજનભાઈ દોશી જે બંને પુરી જવાબદારી પૂર્વક કાર્યરત છે. ડોક્ટર્સમાં રેડીયોલોજીસ્ટ, ડો. જગદીશ વિરાણી, ડો.હિમાંશુ મહેતા, ડો.રૂપાબેન વિસાણી, ડો.રાહીલ અગ્રવાલ, ડો.કોમલબેન બાસીદા, ડો.નિશાબેન દોશી ઘોડાસરા, ડો.મયુરીબેન લુહાર કાર્ડીયોલોજીમાં ડો.સુધીર ભીમાણી. પેથોલોજીમાં ડો.વિપુલ દોશી, ડો.શ્રધ્ધાબેન ગોંડલીયા, ડો.જીલ શેઠ કાર્ય કરી રહ્યા છે.

પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં ભારતમાં સર્વ પ્રથમ સીમન્સ કંપનીનું એટેલીકા અને ફિલીપ્સનું કાર્ડિયોલોજીમાં ટુડી ઈકો કરવામાં આવે છે. જે મશીનોની કિંમત એક કરોડની છે. આ સંસ્થામાં ટુડી ઈકો, સોનોગ્રાફી, એમ.આર.આઈ., સીટી સ્કેન, ઓપીજી, સીબીસીટી તેમજ બીએમડી એક્સરે વિગેરે ટેસ્ટ રાહતદરે કરાય છે. સૌનો વિશ્વાસ મેળવવા અને રાહતભાવે કાર્ય થાય તે માટે હંમેશા આ નિદાન કેન્દ્ર હમેંશા તૈયાર રહે છે.

### ગાર્ડી વિદ્યાપીઠ...

આંતરશાખાકીય શિક્ષણના વાતાવરણથી પરિચિત કરાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત ડૉ. મિલન ભરાડ દ્વારા આયુર્વેદમાં ક્લિનિકલ ટોક્સિકોલોજીનો ઈતિહાસ અને પરિચય વિષય પર વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, જે વિદ્યાર્થીઓ માટે અત્યંત માહિતીપ્રદ રહ્યું હતું.

વિદ્યાર્થીઓએ કેમ્પસની વિવિધ અદ્યતન પ્રયોગશાળાઓની મુલાકાત લીધી હતી, જેમાં ખાસ કરીને હોમિયોપેથિક અને આયુર્વેદિક વિભાગોમાં ચાલતી સંશોધન પ્રવૃત્તિઓને નજીકથી નિહાળી હતી. એડવાન્સ લેબોરેટરીમાં લાઈવ પ્રયોગો અને ફેકલ્ટી સભ્યો સાથેના વાર્તાલાપ દ્વારા વિદ્યાર્થીઓએ સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારુ અનુભવ સાથે સાંકળ્યું હતું. સંસ્થાના મતે, આ પ્રકારની મુલાકાતો વિદ્યાર્થીઓના પરિણામ આધારિત શિક્ષણને વધુ મજબૂત બનાવશે અને ભવિષ્યમાં તેમના વ્યાવસાયિક ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** કોડીનાર વાળા હાલ રાજકોટ વાલજીભાઈ મેઘજીભાઈ પાબારી ઉંમર વર્ષ ૯૩ તે સ્વ. સુરેશભાઈ તથા વિજયભાઈ (લાલાભાઈ) ના પિતાશ્રી તેમજ પીન્ટુભાઈ તથા હેતાંશના દાદા તા ૨૮.૦૪.૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે શ્રીજીચરણ પામેલ છે સદગત નું ઉઠમણું તા ૩૦.૦૪.૨૬ ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૬ દરમિયાન રામેશ્વર મહાદેવ મંદિર રામેશ્વર ચોક આમ્રપાલી ફાટક પાછળ ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગોંડલ તાલુકાના મોટી ખીલોરી નિવાસી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મધુબેન કાંતિભાઈ દવે(ઉં. ૭૦)તે કાંતિભાઈ પોપટભાઈ દવેના પત્ની શિલ્પાબેન નિરદકુમાર ભટ્ટ (રાજકોટ) તથા વિભૂતિબેન બળભદ્રકુમાર મહેતા (સાવરકુંડલા)ના માતુશ્રીનુ તા.૨૭ ને સોમવારે અવસાન થયેલ છે.બેસણું તા.૩૦ ને ગુરુવારે સાંજે ૪ થી ૭ મોટી ખીલોરીમા તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. ભાવનાબેન (ઉ.વ.૫૧) ભરતભાઈ ફીચડિયા (સોની બાબુલાલ હીરાલાલ ફીચડિયા-કાગદડીવાળા) તા. ૨૭ના રોજ સોમવારે અવસાન પામેલ છે. તે ભરતભાઈ બાબુલાલ ફિચડિયાના પત્ની, દર્શિત અને વ્રજેશના માતા, સ્વ. સુરેશભાઈના નાનાભાઈના પત્ની, રાજુભાઈના ભાભી, તેમજ પીયર પક્ષ, સ્વ. જશવંતલાલ અમૃતલાલ પારેખની દિકરી નરેન્દ્રભાઈ, ચંદુભાઈના બહેન, નીતાબેન નરેન્દ્રકુમાર અને રીટાબેન વિનોદકુમારના બહેનનું તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૩૦ ગુરૂવારના રોજ વાઘેશ્વરી વાડી, યુનિટ નં. ૩ રામનાથપરા બપોરે ૩:૩૦થી ૫ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# "કોંગ્રેસ"ના ૪૬ અને "આપ"ના ૬૨ ઉમેદવારોની ડિપોઝીટ ડૂલ

## જિલ્લા પંચાયતમાં પણ કોંગ્રેસના ૧૮ અને આમ આદમી પાર્ટીના ૧૫ ઉમેદવારોની ડિપોઝીટ ગઈ

**અબતક, રાજકોટ**

ચૂંટણી પંચના નિયમો મુજબ, જો ઉમેદવાર કુલ માન્ય મતોના ઓછામાં ઓછા છઠ્ઠા ભાગના મત એટલે કે ૧૬.૬ ટકા મત મેળવવામાં નિષ્ફળ જાય, તો ઉમેદવારની ડિપોઝિટ જપ્ત કરવામાં આવે છે. આ પછી તેના દ્વારા જમા કરવામાં આવેલી રકમ સરકારની તિજોરીમાં જાય છે. લોકસભાની ચૂંટણી લડવા માટે સામાન્ય કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૨૫,૦૦૦ અને એસ,એસટી કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૧૨,૫૦૦ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે જમા કરાવવાના રહે છે. આ ડિપોઝિટ લેવા પાછળનો હેતુ માત્ર એટલો જ છે કે ડિપોઝિટ ભરવાથી ઉમેદવાર ચૂંટણીમાં ગંભીરતાથી ભાગ લે, જેથી ચૂંટણી પ્રક્રિયા સરળ બને.

રાજકોટ મહાપાલિકામાં ભાજપનું બુલડોઝર ફરી વળતા તેમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કુલ ૧૦૮ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઈ છે. ચુંટણી પંચના નિયમ મુજબ કુલ મતના ૧૬.૬૬ ટકા મત મેળવવામાં ઉમેદવારો નિષ્ફળ જાય તો ઉમેદવારો દ્વારા ભરવામાં આવેલી ડિપોઝીટ જપ્ત કરવામાં આવે છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટ મહાપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકમાં કુલ ૨૩૬ ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતર્યા હતા. તેમા રવિવારે મહાપાલિકામાં કુલ ૫૧.૫૯ ટકા મતદાન થયું હતું. એસઆરઆઈ બાદ થયેલ મતદાનમાં મામુલી વધારો થયો હતો. રાજકોટમાં ત્રિ-પાંખીયા જંગમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મતદારોને અંક કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

રાજકોટ મહાપાલિકામાં આજે હાથ ધરવામાં આવેલી મતગણતરીમાં કુલ ૨૩૬ ઉમેદવારોમાંથી ભાજપના ૭૨ ઉમેદવારોને બાદ કરતા કોંગ્રેસના ૪૬ ઉમેદવારો અને આમ આદમી પાર્ટીના ૬૨ ઉમેદવારો કુલ મતના ૧૬.૬૬ ટકા મત મેળવવામાં નિષ્ફળ જતા તમામ ૧૦૮ ઉમેદવારની ડિપોઝીટ જપ્ત કરવામાં આવી છે. જેમાં અપક્ષ ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લા પંચાયતની ૩૯ બેઠકમાંથી ૧૦૯ ઉમેદવારો ચુંટણી લડ્યા હતા. તેમાં આજે ઉમેદવારોની મત ગણતરી કરવામાં આવતા ૩૬ ઉમેદવારોને બાદ કરતા કોંગ્રેસના ૧૮ અને આમ આદમી પાર્ટીના ૧૫ ઉમેદવારોની ડિપોઝીટ ખાલસા કરવામાં આવી છે. જો મતદાન પહેલા જ ઉમેદવાર મૃત્યુ પામે અથવા તેની ઉમેદવારી રદ થાય કે પછી તે ચૂંટણીપંચે નક્કી કરેલા સમયમાં જ ઉમેદવારી પછી ખેંચી લે છે તો તેતે ડિપોઝિટ પાછી મળી જાય છે. આ સિવાય જો ઉમેદવાર ૧૬.૬ ટકા મત નથી મેળવતો તેમ છતાં તે જીતી જાય છે તો પણ તેને ડિપોઝિટ પાછી મળી રહે છે.

# ડોન દાઉદનો ડ્રગ્સનો સાગરિત અને આંતરરાષ્ટ્રીય મ્યાંઉ-મ્યાંઉનો માફિયા તુર્કીથી ઝડપાયો

## ભારત અને વિદેશી એજન્સીઓના સંયુક્ત ઓપરેશન હેઠળ તેને ઈસ્તંબુલના એક ફ્લેટમાંથી પકડી પાડવામાં આવ્યો હતો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય તપાસ એજન્સીઓને એક મોટી સફળતા મળી છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમનો ખાસ સાગરિત અને આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા મોહમ્મદ સલીમ ડોલાને મંગળવારે સવારે તુર્કીથી ભારત લાવવામાં આવ્યો છે. છેલ્લા બે વર્ષથી ભારતની સેન્ટ્રલ એજન્સીઓ અને નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો તેની શોધમાં હતી. તેને ઈસ્તંબુલથી એક ખાસ વિમાન દ્વારા દિલ્હી લાવવામાં આવ્યો છે.



ગૃહમંત્રી અમિત શાહે આ ઓપરેશનને બિરદાવતા કહ્યું કે, ''મોદી સરકાર ડ્રગ્સના કારોબાર સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ ધરાવે છે. હવે ડ્રગ માફિયા ગમે ત્યાં છુપાયેલા હોય, તેઓ બચી શકશે નહીં. તે 'મ્યાઉ-મ્યાઉ' (મેફેડ્રોન) ડ્રગ્સનો મોટો સપ્લાયર છે અને મુંબઈના ડોંગરીનો રહેવાસી છે. ભારત અને વિદેશી એજન્સીઓના સંયુક્ત ઓપરેશન હેઠળ તેને ઈસ્તંબુલના એક ફ્લેટમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. તેની ધરપકડથી દાઉદ ઈબ્રાહિમના તુર્કી અને બલ્ગેરિયાના ડ્રગ નેટવર્કને મોટો ફટકો પડ્યો છે.

# વોટ્સએપે 'ડિજિટલ અરેસ્ટ' રોકવા માટે એઆઈ સિસ્ટમ લાગુ કરી

## નકલી પોલીસ બનીને છેતરપિંડી કરતા એકાઉન્ટ્સ પર વોટ્સએપની કાર્યવાહીઃ સિમ કાર્ડના નિયમો પણ કડક બનશે

**અબતક, નવી દિલ્હી**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે કેન્દ્ર સરકારને જણાવ્યું છે કે તેણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત લોગો ડિટેક્શન અને મીડિયા મેચિંગ સિસ્ટમ લાગુ કરી છે. આ સિસ્ટમનો ઉદ્દેશ્ય કાયદા અમલીકરણ એજન્સીઓનો ઢોંગ કરી વરિષ્ઠ નાગરિકોને 'ડિજિટલ અરેસ્ટ'ની ધમકી આપીને તેમની જીવનભરની કમાણી લૂંટતા એકાઉન્ટ્સને ઓળખીને દૂર કરવાનો છે.

ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (ઈંજસી) વતી એટર્ની જનરલ આર વેંકટરામણીએ સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો હતો. ટેલિકોમ વિભાગ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય, ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સના પ્રતિનિધિઓ અને વોટ્સએપ સાથે 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડોને રોકવાના પગલાં પર ચર્ચા કર્યા બાદ આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

વોટ્સએપનું આ નિવેદન મહત્વપૂર્ણ છે કારણ કે એન્ક્રિપ્ટેડ મેસેજિંગ સેવાનો ઉપયોગ ગુનેગારો દ્વારા પકડાઈ જવાથી બચવા માટે કરવામાં આવે છે. સ્ટેટસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વોટ્સએપ કાયદા અમલીકરણ એજન્સીઓની નકલ અને સત્તાવાર લોગોના દુરુપયોગને શોધવા માટે એઆઈ અને મશીન લર્નિંગ આધારિત સિસ્ટમ્સને વધુ મજબૂત બનાવશે. શંકાસ્પદ વાતચીત દરમિયાન યુઝર્સને ચેતવણી આપવા માટે વિશેષ મોડલ્સ રજૂ કરવામાં આવ્યા છે. વધુમાં, પ્લેટફોર્મે લાંબા સ્કેમ કોલ્સને અટકાવવા વધારાના સુરક્ષા પગલાં લેવાની અને ૧ મહિનાની અંદર પ્રસ્તાવિત ટેકનિકલ રિપોર્ટ સબમિટ કરવાની ખાતરી આપી છે. વોટ્સએપે કાયદા અમલીકરણ એજન્સીઓ અને ૧૪સી સાથે સહકાર આપવાની પણ ખાતરી આપી છે, જેમાં સ્કેમ નેટવર્ક્સ, એજન્સીઓના ઢોંગ અને પ્લેટફોર્મ દ્વારા થતી કપટપૂર્ણ પ્રવૃત્તિઓને લગતી માહિતી પર સમયસર પગલાં લેવાનો સમાવેશ થાય છે. આ સ્ટેટસ રિપોર્ટમાં સાયબર ક્રાઈમ રોકવા માટેના અન્ય પગલાંની વિગતો પણ આપવામાં આવી છે. જેમાં તમામ ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા સિમ કાર્ડ આપતા પહેલા બાયોમેટ્રિક ઓળખની ચકાસણી અને તમામ સિમ કાર્ડ ધારકોના નેશનલ ડેટાબેઝનો સમાવેશ થાય છે. ટેલિકોમ વિભાગ ૬ મહિનાની અંદર સિમ ઈશ્યુ કરવાની નેશનલ લેવલની ટેકનિકલ સિસ્ટમ લાગુ કરશે, જેથી ઈઈટજ આધારિત ક્રોસ-ઓપરેટર સિમ મોનિટરિંગ સિસ્ટમ ડિસેમ્બર ૨૦૨૬ પહેલા, એટલે કે ૯ મહિનાના સમયગાળામાં કાર્યરત થઈ જાય.

નકલી ટેલિમાર્કેટર્સ અને સાયબર ગુનેગારોને બહુવિધ સિમનો ઉપયોગ કરતા અટકાવવાના એક મહત્વપૂર્ણ પગલામાં, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ટેલિકોમ કંપનીઓને એક જ વ્યક્તિ દ્વારા બહુવિધ પોઈન્ટ ઓફ સેલ ઓળખના દુરુપયોગને રોકવા માટે યોગ્ય સિસ્ટમ વિકસાવવા માટે કહેવામાં આવ્યું છે.

# જનાદેશ શિરોમાન્ય,મજબૂત વિપક્ષ તરીકે જવાબદારી નિભાવીશું: રાજદીપસિંહ જાડેજા

## પ્રજાના કોંગ્રેસ પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા લોકોના અવાજને સશક્ત બનાવવાની દિશામાં સતત કાર્યરત રહીશું

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આજના પરિણામોમાં અનેક જગ્યાએ નોંધપાત્ર બદલાવ જોવા મળ્યો છે. લોકશાહીના આ પવિત્ર પર્વમાં રાજકોટની જનતાએ આપેલો જનદેશ અમારા માટે શિરોમણિ સમાન છે, જેને અમે હૃદયપૂર્વક સ્વીકારીએ છીએ અને તમામ મતદાતાઓનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

કોંગ્રેસ પક્ષે મજબૂતાઈથી અને સકારાત્મક અભિગમ સાથે પોતાની અસરકારક હાજરી નોંધાવી છે.તેમ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ઉમેદવારોએ વધુ સશક્ત રીતે અને વિશ્વાસપૂર્વક લડત આપી છે. ખાસ કરીને, કોંગ્રેસના તમામ ૭૨ એ ૭૨ ઉમેદવારોએ દ્રઢતા, હિંમત અને સમર્પણ સાથે મેદાનમાં ઉતરીને સન્માનજનક અને પ્રેરણાદાયી રીતે લડત આપી છે, જે પક્ષની મજબૂત વિચારધારા અને જનતામાં વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે. કોંગ્રેસ પક્ષ વિપક્ષ તરીકે પોતાની જવાબદારી પૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે નિભાવશે. અમે પ્રજાના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને સતત અવાજ ઉઠાવતા રહીશું અને લોકો વચ્ચે રહીને તેમના પ્રશ્નોના યોગ્ય અને ઝડપી નિરાકરણ માટે કાર્યરત રહીશું. આ પ્રયત્ન પાછળ પક્ષના તમામ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો અને યુવા સાથીઓનું અવિરત પરિશ્રમ અને સમર્પણ રહેલું છે. તેમણે દિવસ-રાત મહેનત કરીને પક્ષના વિચારોને જનતા સુધી પહોંચાડ્યા છે, જે બદલ હું તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમનો જુસ્સો અને પ્રતિબદ્ધતા કોંગ્રેસ પક્ષની સાચી તાકાત છે. કોંગ્રેસ પક્ષ હંમેશા જનહિત, પારદર્શિતા અને વિકાસના માર્ગે પ્રતિબદ્ધ રહ્યો છે અને આગળ પણ રાજકોટ શહેરના સર્વાંગી વિકાસ માટે સકારાત્મક તથા રચનાત્મક ભૂમિકા ભજવતો રહેશે.પ્રજાના વિશ્વાસને વધુ મજબૂત બનાવતા અમે લોકોના અવાજને સશક્ત



બનાવવાની દિશામાં સતત કાર્યરત રહીશું. અંતમાં, રાજકોટની જાગૃત જનતાનો હું હૃદયપૂર્વક આભાર માનું છું, જેમણે કોંગ્રેસ પક્ષ પર વિશ્વાસ વ્યક્ત કર્યો અને અમને સમર્થન આપ્યું.

# અનિલ અંબાણીનો અને ઉષા કિરણનો ફ્લેટ, ફાર્મહાઉસ સહિતની મિલકતને ટાંચમાં લેતું ઈડી

## આ સાથે જ આ કેસમાં અત્યાર સુધીમાં કુલ રૂ.૨૦,૦૦૦ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી છે

**અબતક, નવી દિલ્હી**



મની લોન્ડરિંગ કેસમાં મુશ્કેલીનો સામનો કરી રહેલા અનિલ અંબાણી અને તેમની રિલાયન્સ ગ્રુપની કંપનીઓ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ વધુ એક કડક પગલું ભર્યું છે. ઈડીએ મંગળવારે અનિલ અંબાણીના પરિવારની આશરે રૂ. ૩,૦૩૫ કરોડની મિલકતો ટાંચમાં લીધી છે. આ સાથે જ આ કેસમાં અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૦,૦૦૦ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી છે. મુંબઈમાં ઉષા કિરણ બિલ્ડિંગમાં આવેલો આલીશાન ફ્લેટ, ખંડાલામાં એક મોટું ફાર્મહાઉસ, અમદાવાદમાં 'માઈકા' સાથે જોડાયેલી જમીન, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના રૂ. ૭.૭ કરોડના શેર્સ સહિત ટાંચમાં લીધું. રિલાયન્સ કોમ્યુનિકેશન્સ દ્વારા બેંકો પાસેથી લેવામાં આવેલી રૂ.૪૦,૦૦૦ કરોડથી વધુની લોન ભરપાઈ કરવામાં આવી નથી. ઈડીનો આરોપ છે કે આ જાહેર નાણાંની હેરાફેરી કરવામાં આવી હતી. બેંકો અને જનતાના હિતોનું રક્ષણ કરવા માટે આ મિલકતો ટાંચમાં લેવામાં આવી છે જેથી તે વેચી શકાતી નથી.

અનિલ અંબાણીના પ્રવક્તાએ દાવો કર્યો હતો કે મુંબઈનો ફ્લેટ અને ખંડાલાનું ફાર્મહાઉસ તેમની માતા કોકિલાબેન અંબાણીનું છે. જોકે, ઈડીના જણાવ્યા મુજબ, સરકારી કાગળોમાં ફ્લેટ અનિલ અંબાણીના નામે અને ફાર્મહાઉસ તેમના પુત્ર જય અંશુલ અંબાણીના નામે નોંધાયેલું છે.

# ૧,૨૯,૬૨૯ કરદાતાઓએ કોર્પોરેશનની તિજોરીમાં ૨૨ દિવસમાં રૂ.૭૬.૩૪ કરોડ ઠાલવ્યા

## પ્રામાણીક કરદાતાઓને રૂ.૮.૬૩ કરોડનું અપાયું માતબર ડિસ્કાઉન્ટઃ વેરાવળતર યોજના ૩૧ મે સુધી ચાલુ રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરા તથા પાણી વેરાની વસુલાતની કામગીરી શરૂ કરવામાં આવી છે. કરદાતાઓ દ્વારા મહાનગરપાલિકાની વિવિધ ડિજિટલ તથા ઓફલાઈન સુવિધાઓનો વ્યાપક ઉપયોગ કરી સમયસર વેરા ભરપાઈ કરવામાં આવી રહી છે, જેના પરિણામે વસુલાતમાં ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. આજે સુધીમાં કુલ ૧,૨૯,૬૨૯ કરદાતાઓ દ્વારા રૂ. ૭૬.૩૪ કરોડની વેરા વસુલાત થવા પામી છે. જેમાંથી ઓનલાઈન માધ્યમ દ્વારા ચુકવણી કરનાર કરદાતાઓની સંખ્યા નોંધપાત્ર રહી છે. કુલ ૯૫,૮૯૬ કરદાતાઓએ ઓનલાઈન માધ્યમથી રૂ. ૫૬.૦૧ કરોડની રકમ ભરપાઈ કરી છે, જ્યારે ૩૩,૭૩૩ કરદાતાઓએ ચેક તથા રોકડ મારફતે રૂ. ૨૦.૩૩ કરોડની ભરપાઈ કરી છે.

એડવાન્સ વેરા ભરપાઈ કરનાર કરદાતાઓને પ્રોત્સાહનરૂપ ડિસ્કાઉન્ટ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી કુલ રૂ. ૮.૬૩ કરોડ જેટલી માતબર ડિસ્કાઉન્ટ રકમ કરદાતાઓને આપવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અમલમાં રહેલ ડિસ્કાઉન્ટ યોજના મુજબ તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધી સામાન્ય કરદાતાઓને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ તથા મહિલા કરદાતાઓને વિશેષરૂપે ૧૫ ટકા ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવી રહ્યો છે. ત્યારબાદ તા. ૦૧-૦૬-૨૦૨૬થી તા. ૩૦-૦૬-૨૦૨૬ દરમિયાન મહિલા કરદાતાઓને ૧૦ ટકા તથા સામાન્ય કરદાતાઓને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ મિલકતધારકોને આ બંને ડિસ્કાઉન્ટ યોજનાઓનો વધુમાં વધુ લાભ લઈ સમયસર મિલ્કતવેરા તથા પાણી વેરાની ભરપાઈ કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે. મહાનગરપાલિકાની ઓનલાઈન પેમેન્ટ વ્યવસ્થા સરળ, ઝડપી અને પારદર્શક હોવાને કારણે મોટી સંખ્યામાં કરદાતાઓ ઓનલાઈન ચુકવણી તરફ આગળ વધી રહ્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬ની સરખામણીએ પણ આ વર્ષે વસુલાતને સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧,૩૯,૬૯૨ કરદાતાઓ દ્વારા રૂ. ૮૪.૧૯ કરોડની વસુલાત થવા પામી હતી. જેમાં ૧,૦૩,૫૩૦ કરદાતાઓએ ઓનલાઈન માધ્યમથી રૂ. ૫૯.૭૭ કરોડની ભરપાઈ કરી હતી, જ્યારે ૩૬,૧૬૨ કરદાતાઓએ ચેક તથા રોકડથી રૂ. ૨૪.૪૨ કરોડની ચુકવણી કરી હતી. તે સમયગાળા દરમિયાન કુલ રૂ. ૯.૪૩ કરોડ જેટલી ડિસ્કાઉન્ટ રકમ એડવાન્સ ટેકસ ભરનાર કરદાતાઓને આપવામાં આવી હતી.

# સરગમ ક્લબના ત્રિદિવસીય જયપુર કેમ્પનો શુક્રવારથી થશે પ્રારંભ

## જરૂરિયાતમંદ લાભાર્થીઓને કેમ્પનો લાભ લેવા ગુણુભાઈની અપીલ

**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૫/૨૦૨૬ શુક્રવારથી ૩/૦૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાનો અનુરોધ કર્યો છે.

સરગમ કલબના આ કેમ્પમાં જરૂરત મંદોને વિનામુલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૫/૨૬ શુક્રવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે, અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા. ૧/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. આ કેમ્પમાં મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર, જયુભાઈ ઠકરાર અને શિલ્પાબેન ઠકરાર (લંડન) પરિવારનો સહયોગ મળેલ છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# રાજકોટથી હરીદ્વારની દૈનિક ડાયરેક્ટ ટ્રેન શરૂ કરાવવા ચેમ્બરની માગ

## રાજકોટથી હરિદ્વાર માટે હાલ એક જ સાપ્તાહિક ટ્રેન સેવા હોય, મુસાફરોની સગવડ વધારવા રેલમંત્રીને રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હર હંમેશ રજુઆતો કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરી રહયું છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય હજારોની સંખ્યામાં મુસાફરો રાજકોટથી રેલ્વે મારફતે મુસાફરી કરી રહયા છે. ભારત દેશનું અત્યંત મહત્વ અને ઐતિહાસીક તીર્થધામ હરિદઘાર શ્રધ્ધાનું કેન્દ્ર છે અને હજારો શ્રધ્ધાળુઓ હરિદઘાર ખાતે મુસાફરી કરી રહયા છે. ત્યારે હાલમાં રાજકોટ થી હરિદઘાર જવા માટે માત્ર એક જ સપ્તાહીક ટ્રેન ઓખા-દેહરાદુન ઉતરાંચલ એકસપ્રેસ ચાલુ છે. જેના કારણે મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં ભારે મુશ્કેલી પડે છે અને લાંબુ વેઈટીંગ લિસ્ટ રહે છે. આ કારણોસર મુસાફરોએ કનેકટીંગ ટ્રેનો દઘારા બે થી ત્રણ જગ્યાએ ગાડી બદલવી પડે છે અથવા અમદાવાદથી મુસાફરી કરવી પડે છે.

આશ્ચર્યજનક વાત એ છે કે, રાજકોટની સરખામણીએ નાના શહેર એવા ભાવનગર પાસે હરિદઘાર માટેની ત્રણ ડાયરેકટ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. જયારે રાજકોટ હજુ સુધી એક પણ દૈનિક ટ્રેનની સુવિધા નથી. આમ રાજકોટ થી હરિદઘાર માટે દિન પ્રતિદિન વધતી જતી મુસાફરોની સંખ્યાને તેમજ મુસાફરોને ભોગવવી પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દઘારા કેન્દ્રીય રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય ગુહમંત્રી અમિતભાઈ શાહ તથા વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર હાલની સપ્તાહીક ઉતરાંચલ એકસપ્રેસ ને દૈનીક શરૂ કરવી, વચ્ચગાળાની સુવિધા માટે આ ટ્રેનની ફ્રિકવન્સી ઓછામાં ઓછી સપ્તાહમાં ત્રણ દિવસ કરવી, અમદાવાદ-હરિદઘાર વચ્ચે ચાલતી યોગા એકસપ્રેસ ને તાત્કાલીક અસરથી રાજકોટ સુધી લંબાવવી, રાજકોટ થી હરિદઘાર માટે એક નવી એકસપ્રેસ ટ્રેન શરૂ કરવી. હરિદઘાર માટેની કનેકટીવીટ વધારવાથી માત્ર યાત્રાળુઓને જ સુવિધા નહી મળે, પરંતુ પર્યટનને વેગ મળશે અને પ્રાદેશિક વિકાસમાં પણ ખુબ જ વધારો થશે.

# મવડી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં સ્કવોશ, ટેબલ ટેનિસ અને શુટિંગ જેવી નવી રમતનો પ્રારંભ

## શુક્રવારથી મેમ્બરશીપ અને કોચિંગ બેચ શરૂ થશે ઓનલાઈન તથા ઓફલાઈન રજીસ્ટ્રેશન કાલથી કરી શકાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સંયુક્ત એસ.પી.વી. રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મવડી ખાતે શહેરના રમતપ્રેમી નાગરિકો અને યુવા ખેલાડીઓને વધુ આધુનિક અને ઉચ્ચ સ્તરની રમતગમત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે બેડમિન્ટન કોર્ટ, વોલીબોલ કોર્ટ, ૦૨ લોન ટેનીસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ તેમજ કબડી માટે મેમ્બરશીપ અને કોચીંગ બેચ સફળતાપૂર્વક ચાલી રહ્યા છે, જેને શહેરના રમતપ્રેમીઓ તરફથી સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

આ રમતગમત સુવિધાઓને વધુ વિસ્તૃત બનાવવાના હેતુસર હવે શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મવડી ખાતે સ્કવોશ, ટેબલ ટેનીસ તથા શુટીંગ જેવી નવી રમતોની સુવિધા શરૂ કરવામાં આવનાર છે. જેના પરિણામે રાજકોટ શહેરના યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય રમતોમાં તાલીમ મેળવવાની ઉત્તમ તક પ્રાપ્ત થશે.

આ નવી સુવિધા અંતર્ગત સ્કવોશ તથા ટેબલ ટેનીસ માટે દ્વિમાસિક મેમ્બરશીપની વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે, જ્યારે શુટીંગ રમત માટે કોચીંગ બેચ શરૂ કરવામાં આવશે. આ તમામ નવી બેચ તથા મેમ્બરશીપ શુક્રવારથી કાર્યરત બનશે.

તે ઉપરાંત અગાઉથી ઉપલબ્ધ રમતોમાં પણ નવા માસિક કોચીંગ બેચ શરૂ કરવામાં આવશે. જેમાં બેડમિન્ટન, લોન ટેનીસ, વોલીબોલ, બાસ્કેટબોલ, કબડી તથા નવી શરૂ થનાર શુટીંગ રમતનો સમાવેશ થાય છે. અનુભવી કોચીસના માર્ગદર્શન હેઠળ તાલીમ આપવામાં આવશે.

તમામ રમતો માટે દ્વિમાસિક મેમ્બરશીપ તથા માસિક કોચીંગ બેચ માટેનું રજીસ્ટ્રેશન આગામી ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે. નાગરિકોની સુવિધા માટે ઓનલાઈન તથા ઓફલાઈન બંને પ્રકારની નોંધણી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.

રમતપ્રેમીઓ રાજકોટ મહાનગરપાલિકાની સત્તાવાર વેબસાઈટ www.rmc.gov.in તથા મોબાઈલ એપ્લિકેશન RMC Citizen મારફતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે ઓફલાઈન નોંધણી પણ કરાવી શકાશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રમતગમતની સંસ્કૃતિ વધુ મજબૂત બને, યુવાનોમાં ફિટનેસ અને સ્પર્ધાત્મકતા વધે તેમજ ખેલાડીઓને શહેરમાં જ આધુનિક સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત નવી પહેલ કરવામાં આવી રહી છે. શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ શહેરના રમતગમત ક્ષેત્રે એક આધુનિક કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે, જ્યાં વિવિધ રમતો માટે ઉચ્ચ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# પ્રચંડ જનાદેશ માટે તમામ મતદારોનો આભારઃ સ્માર્ટ વિકાસનું વચન

## રાજકોટમાં કમળ સોળે કળાએ ખિલ્યું ભાજપના શાનદાર વિજયને મહાનુભાવોએ વધાવ્યો



**અબતક, રાજકોટ**

રાકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની ચૂંટણી પરિણામોમાં મતદારોએ વિકાસવાદને વરેલા ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી સતાનું સુકાન સોંપવા ભાજપ તરફી મતદાન કરતા સર્વત્ર કમળ ખીલ્યા જેવો માહોલ ઉભો થયો હતો.

**પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાઃ** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમા શહેરી અને ગ્રામીણ મતદારોનું શાણપણ અને રાજકીય પરિપક્વતાના દર્શન થાય છે પૂર્વ શિક્ષક મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સખત ગરમીમાં પણ ઉંચુ મતદાન કર્યુ – 'પક્ષ અને સરકારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો – 'વ્યક્તિગત, સામૂહિક અને વિકાસના કામોની કદર કરી , બાકીના કામો માટે વિશ્વાસ મૂક્યો – 'મતદારોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે

**ધારાસભ્ય ઉદય કાનગડઃ** રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજય બદલ તમામ મતદાતાઓ, કાર્યકર્તાઓ અને સમર્થકોનો જાહેર આભાર વ્યક્ત કરતાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ નોંધાવ્યો ભવ્ય અને ઐતિહાસિક વિજય માત્ર આંકડાઓનો ખેલ નથી, પરંતુ તે જનવિશ્વાસની ઊંડી છાપ છે. શહેરના ૧ થી ૧૮ વોર્ડની કુલ ૭૨ બેઠકોમાંથી ભાજપે ૬૫ બેઠકો પર વિજય મેળવી પ્રચંડ બહુમતી સાથે રાજકીય દિશાને નવી દિશા આપી છે.

અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડ એ જણાવ્યું કે, રાજકોટની જનતાએ બતાવેલો વિશ્વાસ વિકાસના અગણિત કાર્યો દ્વારા પરત આપવાનો ભાજપનો સંકલ્પ અડગ છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસના સૂત્રને સાકાર કરવા ભાજપ આગામી સમયમાં વધુ તેજી સાથે કાર્ય કરશે

**ચેતનભાઈ રામાણીઃ** ગુજરાતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામો જાહેર થતા ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ ખેડુત નેતા ચેતનભા, રામાણીએ નિવેદન આપતા કહ્યું હતુ કે, મતદારોએ ફરી એકવાર સાબીત કરી દીધઉં છે કે ગુજરાતની જનતા વિકાસ, સુશાસન અને રાષ્ટ્રહિતની રાજનીતિ સાથે અડગપણે ઉભી છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલીકા તેમજ મહાનગરપાલીકામાં ભારતીય જનતા પાર્ટીએ પ્રાપ્ત કરેલા આ વિજય માત્ર રાજકીય જીત નથી, પરંતુ જનતાના અવિચળ વિશ્વાસ અને આશીર્વાદસનું પ્રતિબિંબ છે.

**સામાજીક આગેવાન રાજુભાઈ જુંજાઃ** રાજકોટની શાણી જનતાએ લોકશાહી ઢબે મતદાન કરી ભાજપ અને કોંગ્રેસને પ્રજાની હયાતીના દર્શન કરાવ્યા છે. નવા ચુંટાયેલા ભાજપ-કોંગ્રેસના તમામ કોર્પોરેટરોને શુભેચ્છા પાઠવતા સામાજીક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડીરેકટર રાજુ જુંજાએ જણાવ્યું હતું કે બન્ને પક્ષોએ હારજીતનું આંકલન આક્ષેપ-પ્રતિઆક્ષેપથી નહિ પરંતુ કામથી કરવું પડશે. ચુંટાયેલી બોડીએ

**ડો.ભરત બોઘરાઃ** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ ગુજરાતના મિજાજને સ્પષ્ટ કરી દીધો છે. સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ મેળવેલી આ ભવ્ય અને ઐતિહાસિક જીત એ માત્ર ચૂંટણીનો પરિણામ નથી, પરંતુ ગુજરાતની જનતાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ગુજરાત'ના સ્વપનને આપેલી એક પ્રચંડ મહોર છે.-

**આર્ય, ઢોલરીયા, જાડેજા, હેરભા, માંકડિયાઃ** રાજકોટ જીલ્લાની સ્થાનિક સ્વરાજ્યની જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાની ચૂંટણીમાં રાજકોટ ગ્રામ્યની જનતાએ ભાજપ પર અતુટ વિશ્વાસ મૂકી ભાજપના ઉમેદવારોને બહુમતીથી વિજયી બનાવ્યા છે. તે બદલ રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ તમામ મતદારોનો હૃદયથી આભાર વ્યકત કર્યો હતો.

**ભાજપ અગ્રણી અરૂણભાઈ નિર્મળઃ** સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્યાતીત ભવ્ય વિજય મેળવી એક નવો ઈતિહાસ રચ્યો છે, તમામ વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવતા રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી અરૂણ નિર્મળ એ જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટી એ સ્પષ્ટ બહુમતી મેળવીને રાજકોટના તેમજ રાજકોટ જિલ્લાના મતદારો એ કોંગ્રેસ અને ભાજપના વિરોધીઓને કરારા જવાબ આપ્યો છે.

**ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાઃ** સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની ચૂટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય અને પ્રચંડ બહુમતી સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. શહેરના મતદાતાઓએ ફરી એકવાર વિકાસ, સુશાસન અને પારદર્શક વહીવટને સમર્થન આપતા ભાજપ પર વિશ્વાસ મૂક્યો છે. જે બદલ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટના લોકોનો આભાર માનવામાં આવ્યો છે. તમામ નવનિયુક્ત કોર્પોરેટરોને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આ પરિણામને જનતા દ્વારા વિકાસમાર્ગી નીતિઓને અપાયેલો સ્પષ્ટ સમર્થન તરીકે ગણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા દ્વારા વ્યક્ત કરાયેલા સંદેશમાં જણાવાયું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ દેશમાં તેમજ રાજયમાં થયેલા વિકાસકાર્યોનો સકારાત્મક પ્રતિસાદ મતદાતાઓએ આપ્યો છે. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં આગળ વધતા વિકાસને પણ આ જીત સાથે જોડ્યો હતો. સાથે જ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતના યુવા અને ઊર્જાવાન નેતૃત્વની કામગીરીને પણ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમજ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીના માર્ગદર્શન અને સંગઠનાત્મક વ્યૂહરચનાથી પાર્ટી વધુ મજબૂત બની રહી છે અને કાર્યકર્તાઓમાં નવી ઊર્જાનો સંચાર થયો હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

**ભાજપની ઐતિહાસિક સિદ્ધિને વધાવતા ૦૬ જીલ્લા પંચાયત સીટ, ૧૯ તાલુકા ૫ : ઢોલરીયા, બસીયા, મકવાણા**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જાહેર થયેલા પરિણામોમાં રાજકોટ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ૬ જીલ્લા પંચાયત સીટ અને ૨૨ તાલુકા પંચાયત સીટમાંથી ૬ જીલ્લા પંચાયત અને ૧૯ તાલુકા પંચાયત સીટમાં વિજય સાથે રાજકોટ તાલુકા પંચાયતમાં બહુમતી મેળવી.

આ ચૂંટણીમાં રાજકોટ તાલુકાની જનતાનો ભાજપ પર અતુટ વિશ્વાસ અને ભાજપના ઉમેદવારોને ખોબલે-ખોબલે મત આપી બહુમતીથી વિજયી બનાવ્યા છે. તે બદલ રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઈ ઢોલરીયા, તાલુકા મહામંત્રી વિપુલભાઈ બસીયા, અજયભાઈ મકવાણાએ તમામ મતદારોનો હૃદયથી આભાર માન્યો. સાથે-સાથે રાજકોટ તાલુકાના રાજકીય ઈતિહાસમાં આજે એક નવું પ્રકરણ ઉમેરાયું છે.

**ડો. માધવ દવે, વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાઃ** ફરી એકવાર રાજકોટ શહેર એ ભારતીય જનતા પાર્ટીનો અભેદ્ય ગઢ છે તે પ્રસ્થાપિત કરવા બદલ રાજકોટ શહેરની જનતાનો રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલિયા અને યોગેન્દ્રસિંહ જાડેજાએ હૃદયથી આભાર વ્યકત કર્યો હતો.

**રાજકોટ મહાનગરપાલિકામાં ૬૫ કમળ પ્રદેશ ભાજપને અર્પણ કરતા જીતના મહારથીઓ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ૬૫ ઉમેદવારો જંગી બહુમતીથી વિજય મેળવ્યો છે અને ફરી એકવાર મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે અને કોર્પોરેશનમાં વધુ પાંચ વર્ષ માટે ભાજપનું શાસન સુનિશ્ચિત કરવામાં રાજકોટ મહાનગર સંગઠનના વિવિધ મહારથીઓનો સિંહ ફાળો રહ્યો છે, રાજકોટ મહાનગર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ આ અંગે જણાવ્યું છે કે, આ વર્ષે રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીના ઉમેદવારની જાહેરાત થતાં વિરોધ પક્ષ દ્વારા બહુ બધી અફવાઓ ફેલાવવામાં આવી હતી અને રાજકોટના મતદારોને ગેરમાર્ગે દોરવાનો સોશીયલ મીડીયાના માધ્યમથી ખુબ જ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ રાજકોટ મહાનગર એ ભારતીય જનતા પાર્ટીના આગવી કુનેહ અને સુઝબુઝ ધરાવતાં ઘણાં બધા અગ્રણી મહારથીઓ વાળું મહાનગર છે. જેમાં રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેની સાથે રહી એક વડીલની ગરીમાને શોભે તેમ રાજકોટ લોકસભાના સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ રૂપાપરા, રાજકોટ શહેર પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, નીતીનભાઈ ભારદ્વાજ,

ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજી, સંગઠન મહામંત્રી રત્નાકરજી, રાજકોટ શહેરના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ મહામંત્રી અને રાજકોટ શહેર સંગઠન પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે સહિત ભારતીય જનતા પાર્ટીના તમામ શિર્ષ નેતૃત્વને ૬૫ કમળ રૂપી વિજય ઉમેદવારો સાદર ભેટ સ્વરૂપે અર્પણ કરેલ છે.

**પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયાઃ** ગુજરાત સહિત રાજકોટ મહાનગર અને જિલ્લા પંચાયત અને વિવિધ તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી પર અવિરત વિશ્વાસ મૂકી, ભવ્ય વિજય અપાવવા બદલ રાજકોટની રાષ્ટ્રપ્રેમી જનતાનો પુર્વ મંત્રી ભાનુબેન બાબરીયાએ આભાર માન્યો છે. આ વિજય એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી વિકાસયાત્રા અને 'ડબલ એન્જિન' સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ પર જનતાએ મારેલ મહોર ગણાવી હતી. સમગ્ર ગુજરાત રાજયમાં ભવ્યાતિત થયેલ ભાજપની જીત બદલ જનતાનો ઉત્સાહ અને લાગણી સમજી શકાય તેવી છે. લોકશાહીમાં જ્યારે કોઈ પક્ષ પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવે છે, ત્યારે તે મતદારોના વિશ્વાસનું પ્રતીક છે. આ જીત એ વિરામ નથી, પણ એક નવી શરૂઆત છે. વિજયના ઉત્સાહને સેવામાં બદલીને આપણે છેવાડાના માનવી સુધી પહોંચવાનું છે. કેસરીયો લહેરાયો છે, હવે વિકાસને ઘરે-ઘરે પહોંચાડવાનો છે.

**ધારાસભ્ય ડો.દર્શિતા શાહઃ** રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીમાં ૭૨ બેઠકમાંથી ૬૫ બેઠક સાથે ભારતીય જનતા પાર્ટી ને ગૌરવ પૂર્ણ જીત અપાવવા બદલ વિધાનસભા-૬૯ નાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ એ તમામ નાગરિકોનો તથા દેવ દુલર્ભ કાર્યકર્તાઓનો આભાર માનેલ છે. તેઓ એ જણાવેલ કે રાજકોટવાસીઓ એ ફરી વિકાસને મત આપ્યો છે. તેમજ નરેન્દ્રભાઈ મોદી , કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનજી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ગુજરાતભર માં ભારતીય જનતા પાર્ટી નો ભવ્ય વિજય થયો છે.

# રાજકોટમાં ૯ હજારથી વધુ મતદારોએ "નોટા"ને મત આપ્યા

## કુલ ૪,૭૫,૮૬૬ મહિલાઓ મતાધિકાર ધરાવતા હતા જેમાંથી ૨,૫૪,૩૭૭એ મતદાન કરવાનું ટાળ્યું, તેવી જ રીતે ૫.૧૦,૦૬૮ પુરુષોમાંથી ૨,૨૨,૯૪૨ મતદાન કરવાથી અલિપ્ત રહ્યા




**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં રાજકોટ મહાનગરપાલિકા બેઠક પર થયેલા મતદાનના વિશ્લેષણમાં જાણવા મળ્યું છેકે કુલ ૯,૧૧૯ મતદારોએ પોતાનો મતાધિકાર ઉપયોગ કરીને ૩૬,૪૭૬ જેટલા મત 'નોટા'ને આપ્યા છે. આ આંકડો રાજકીય વિશ્લેષકો માટે અભ્યાસનો વિષય બન્યો છે.મતદારોએ ઉમેદવારો પ્રત્યેની પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે 'નોટા'નું શસ્ત્ર ઉગામ્યું હોય તેમ જણાય છે.ટેકનિકલ રીતે જોતા, જો ૯,૧૧૯ મતદારોએ મતદાન કર્યું હોય અને ૩૬,૪૭૬ મત નોટામાં પડ્યા હોય, તો તેનો અર્થ એ થાય કે સરેરાશ દરેક મતદારે ૪ મત આપ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકાનું ૧૮ વોર્ડમાં કુલ ૫૧.૧૮ ટકા મતદાન નોંધાયું હતું, જેમાં ૫૫.૮૭ ટકા પુરુષ અને ૪૬.૧૫ ટકા મહિલાઓએ મતદાન કર્યું હતું. સૌથી વધુ મતદાન વોર્ડ નંબર ૧૫માં ૬૮.૩૯ ટકા જ્યારે સૌથી ઓછું મતદાન વોર્ડ નંબર ૧માં ૪૩.૧૨ ટકા નોંધાયું હતું.

રાજકોટમાં કુલ ૪,૭૫,૮૬૬ મહિલાઓ મતાધિકાર ધરાવતા હતા જેમાંથી ૨,૫૪,૩૭૭એ મતદાન કરવાનું ટાળ્યું હતું. તેવી જ રીતે ૫.૧૦,૦૬૮ પુરુષોમાંથી ૨,૨૨,૯૪૨ મતદાન કરવાથી અલિપ્ત રહ્યા હતા. નોટા એ એવો વિકલ્પ છે જે મતદારને કોઈ પણ ઉમેદવારને અયોગ્ય લાગતો હોય તો તેને નકારવાની તક આપે છે. આ વિકલ્પ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ પછી ચૂંટણી પ્રક્રિયામાં ઉમેરવામાં આવ્યો હતો. નોટાના મતો વધવાથી રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ચેતવણીનો સંદેશ પણ ગણી શકાય છે કે મતદારો તેમનાથી સંતુષ્ટ નથી.રાજકોટ જેવા મહત્વના ઔદ્યોગિક અને વેપારી શહેરમાં આટલા મોટા પ્રમાણમાં નોટા મતો આવવા પાછળના કારણોમાં સ્થાનિક સમસ્યાઓ, ઉમેદવારોની પસંદગીમાં અસંતોષ, અથવા વિકલ્પના અભાવને કારણે મતદારોનું વિરોધી વલણ હોઈ શકે છે.

# એમબીબીએસની સીટો વધારવા નવી મેડિકલ કોલેજોની મંજૂરી માટેના નિયમો હળવા કરાયા

## ૧૫૦ સીટની મર્યાદા અને ૧૦ લાખની વસ્તીનો નિયમ રદ; પૂરતી માળખાકીય સુવિધાઓ અને ફેકલ્ટી ધરાવતી કોલેજો હવે ૨૦૦ અથવા ૨૫૦ સીટો માટે પણ અરજી કરી શકશે

**અબતક, અમદાવાદ**

નેશનલ મેડિકલ કમિશન દ્વારા દેશભરમાં એમબીબીએસની સીટો વધારવાના હેતુથી નવી મેડિકલ કોલેજોની મંજૂરી માટેની નીતિમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. નવા નિયમો મુજબ કરવામાં આવેલા મુખ્ય ફેરફારોમાં અગાઉની સીટ મર્યાદા દૂર કરવામાં આવી છે. સંસ્થાઓ અગાઉ મહત્તમ ૧૫૦ સીટો માટે અરજી કરી શકતી હતી, તે મર્યાદા હવે નાબૂદ થઈ છે. પૂરતી માળખાકીય સુવિધાઓ અને ફેકલ્ટી ધરાવતી કોલેજો હવે ૨૦૦ અથવા ૨૫૦ સીટો માટે પણ અરજી કરી શકશે.

બીજો મોટો ફેરફાર વસ્તી આધારિત નિયમમાં કરવામાં આવ્યો છે. અગાઉ ૧૦૦ સીટવાળી મેડિકલ કોલેજ માટે તે વિસ્તારની વસ્તી ઓછામાં ઓછી ૧૦ લાખ હોવી ફરજિયાત હતી. હવે આ શરત નાબૂદ થતાં, પ્રદેશની વસ્તીને ધ્યાનમાં લીધા વિના મેડિકલ કોલેજ સ્થાપી શકાશે. આ નિર્ણયથી ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યોને મોટો ફાયદો થશે.



હોસ્પિટલ અને મેડિકલ કોલેજ વચ્ચેના અંતરના માપદંડો પણ બદલવામાં આવ્યા છે. જૂના નિયમ મુજબ હોસ્પિટલ ૩૦ મિનિટના પ્રવાસમાં પહોંચી શકાય તેટલા અંતરે હોવી જોઈતી હતી. નવી માર્ગદર્શિકા મુજબ હવે સામાન્ય વિસ્તારોમાં આ અંતર મહત્તમ ૧૦ કિલોમીટર અને પહાડી તેમજ ઉત્તર-પૂર્વના પ્રદેશોમાં ૧૫ કિલોમીટર સુધીનું નક્કી કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફેરફારોને પગલે મેડિકલ સીટોની સંખ્યામાં મોટો વધારો થવાની સંભાવના છે, કારણ કે હવે વસ્તીના ગુણોત્તરને બદલે સંસ્થાકીય ક્ષમતા અને સુવિધાઓના આધારે જ મંજૂરી આપવામાં આવશે. જોકે, આ ફેરફારો લાગુ કરવાના સમયને લઈને ચિંતા ઉભી થઈ છે. ૧૦૦ કરતા વધુ સંસ્થાઓ પહેલેથી જ અગાઉની માર્ગદર્શિકાના આધારે અરજી કરી ચૂકી છે. આ સંસ્થાઓને જૂના નિયમો હેઠળ મંજૂરી મળશે કે નવા સુધારેલા નિયમો હેઠળ, તે અંગે અસમંજસ ઊભી થઈ છે, કારણ કે એનએમસી દ્વારા આ બાબતે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતમાંથી ૧૦માં કેસરિયો લહેરાયો

## જામકંડોરણા, ગોંડલ અને રાજકોટ તાલુકામાં કોંગ્રેસ ખાતું પણ ના ખોલાવી શક્યુંઃ રાજકોટ તાલુકા પંચાયતમાં બે બેઠક આપને મળી

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકા પંચાયત ની ૨૨ બેઠકોમાંથી ૨૧ બેઠકો પર ભાજપે કબજો જમાવ્યો છે, જ્યારે માત્ર ૧ બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. જિલ્લાની કુલ ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૧૦ પર ભાજપનો ભગવો લહેરાયો છે, જે જિલ્લાના દરેક ખૂણે ભાજપના સંગઠનની મજબૂતી દર્શાવે છે. માત્ર ઉપલેટા તાલુકા પંચાયતમાં શાસન મેળવવા માટે રસાકસીની સ્થિતિ જોવા મળી હતી, જ્યાં રાજકારણ ગરમાયું છે.ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે રાજકોટમાં ભાજપનું સંગઠન માળખું અને નેતૃત્વ પ્રજાના દિલ જીતવામાં સફળ રહ્યું છે. વિરોધ પક્ષો માટે આ પરિણામો આત્મમંથનનો વિષય બન્યા છે, જ્યારે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.જિલ્લાના ૧૧ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૬૦.૩૬ ટકા જેટલું મતદાન થયું છે. રાજકોટ જિલ્લાની અલગ અલગ ૧૧ તાલુકા પંચાયતની બેઠક માટે ૬૦.૩૬ ટકા મતદાન થયું છે. જેમાં પુરુષ મતદારોની ટકાવારી ૬૫.૩૩ ટકા અને મહિલા મતદારોની ટકાવારી ૫૪.૯૪ ટકા રહી છે. ગોંડલ નગરપાલિકામાં અગાઉ જ ૨૩ જેટલી બેઠકો બીનહરીફ થઈ હતી. સાત વોર્ડની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૪૮.૫૧ ટકા રહી હતી. જેમાં પુરુષ મતદારોની ટકાવારી ૫૩.૪૧ ટકા અને મહિલા મતદારોની ટકાવારી ૪૩.૨૫ ટકા જેવી રહેવા પામી હતી. જિલ્લા પંચાયતની મોટાભાગની બેઠકો પર ખુબ જ સારૂ મતદાન થયું હતું. બેડલા બેઠક પર તો મતદાનની ટકાવારી ૭૫ ટકાથી પણ વધુ રહેવા પામી હતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | આણંદપર-૧ | વિજયભાઈ સોલંકી- ભાજપ | ૧૨. | ખારચીયા | નીતાબેન મેવાસીયા- ભાજપ |
| ૨. | અમરપર-૨ | રાજેશભાઈ ઝાપડિયા- ભાજપ | ૧૩. | ખેરડી | કિરણબેન રામાણી- ભાજપ |
| ૩. | બામણબોર | હંસાબેન સારદિયા- ભાજપ | ૧૪. | કાઠારીયા. | કરશનભાઈ લીબાસીયા- ભાજપ |
| ૪. | બેડી | શિલ્પાબેન ડાભી - ભાજપ | ૧૫. | કુવાડવા | પ્રકાશભાઈ કાકડિયા- ભાજપ |
| ૫. | બેડલાં | ભારતીબેન સોરાણી- ભાજપ | ૧૬. | લોધીડા | નિશિતભાઈ ખુંટ- ભાજપ |
| ૬. | ભુપગઢ | જશુબેન ડોડ- ભાજપ | ૧૭. | માલિયાસણ | ચતુરભાઈ ધોળકિયા- ભાજપ |
| ૭. | ગૌરીદળ | મયુરીબેન રાઠોડ- ભાજપ | ૧૮. | પરાપીપળીયા | વિજયાબેન દાફડા-ભાજપ |
| ૮. | હલેન્ડા | વનરાજભાઈ ગૈરયા- ભાજપ | ૧૯. | પારેવળા | શોભનાબેન ટોપીયા- આપ |
| ૯. | જિયાણા | પ્રવિણભાઈ મેઘાણી- ભાજપ | ૨૦. | સણોસરા | પ્રીતિબેન ચૌહાણ- ભાજપ |
| ૧૦. | કાળીપાટ | વરજાંગભાઈ મારુ- ભાજપ | ૨૧. | સરધાર | ગીતાબેન વસોયા- આપ |
| ૧૧. | કસ્તૂરબાધામ | વર્ષાબેન ખુંટ- ભાજપ | | | |

તાલુકા પંચાયતની વાત કરવામાં આવે તો રાજકોટ તાલુકા પંચાયત માટે ૭૨.૧૦ ટકા, કોટડા સાંગાણી તાલુકા પંચાયતમાં ૬૦.૩૦ ટકા, લોધીકા તાલુકા પંચાયતમાં ૬૯.૦૭ ટકા, પડધરી તાલુકા પંચાયતમાં ૬૬.૮૨ ટકા, ગોંડલ તાલુકા પંચાયતમાં ૫૩.૩૬ ટકા, જેતપુર તાલુકા પંચાયતમાં ૫૪.૬૬ ટકા, ધોરાજી તાલુકા પંચાયતમાં ૫૬.૮૩ ટકા, ઉપલેટા તાલુકા પંચાયતમાં ૫૮.૭૦ ટકા, જામકંડોરણા તાલુકા પંચાયતમાં સૌથી ઓછુ ૫૧.૨૯ ટકા, જસદણ તાલુકા પંચાયતમાં ૬૦.૭૦ ટકા અને વિછિયા તાલુતા પંચાયતમાં ૬૦.૦૧ ટકા મતદાન થયું હોવાનું નોંધાયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત યોજાયેલી ૧૫ મહાપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારે તડકા વચ્ચે મતદાનની ટકાવારી ૫૦ ટકાથી વધુ રહી છે તે ખરેખર સારી કહી શકાય ગ્રામ્ય વિસ્તારોના મતદારોમાં શહેરી વિસ્તારના મતદારો કરતા સારીએવી જાગૃતતા જોવા મળી હતી.

# ગંગા એક્સપ્રેસ-વેઃ ભારતની આર્થિક ક્રાંતિનો નવો રાજમાર્ગ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૫૯૪ કિમી લાંબા ગંગા એક્સપ્રેસ-વેનું લોકાર્પણ




## મેરઠથી પ્રયાગરાજની ૧૨ કલાકની મુસાફરી હવે માત્ર ૬ કલાકમાં



**શાહજહાંપુરમાં ૩.૫ કિમી લાંબી ઈમરજન્સી એરસ્ટ્રીપ બનાવવામાં આવી છે. આ સુવિધા રાષ્ટ્રીય સુરક્ષા માટે અત્યંત મહત્વની છે, જેનો ઉપયોગ કટોકટીના સમયે વાયુસેનાના વિમાનોના લેન્ડિંગ માટે થઈ શકશે.**

**અબતક**

વૈશ્વિક ઈતિહાસ સાક્ષી છે કે અમેરિકા, ચીન અને યુરોપના દેશોએ જો આજે સમૃદ્ધિના શિખરો સર કર્યા છે, તો તેની પાછળનું મુખ્ય કારણ તેમનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર રહ્યું છે. ભારત પણ હવે આ જ મંત્ર સાથે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. આ દિશામાં આજે એક ઐતિહાસિક સીમાચિહ્ન ઉમેરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશના સૌથી લાંબા 'ગંગા એક્સપ્રેસ-વે'નું લોકાર્પણ કરીને રાષ્ટ્રને અર્પણ કર્યો છે.

જ્યારે આપણે ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમીનું લક્ષ્ય રાખતા હોઈએ, ત્યારે આધુનિક એક્સપ્રેસ-વે માત્ર મુસાફરીના સાધનો નથી, પરંતુ તે દેશની આર્થિક રક્તવાહિનીઓ છે. ૫૯૪ કિમી લાંબો આ ગંગા એક્સપ્રેસ-વે માત્ર ઉત્તર પ્રદેશ માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારત માટે અનિવાર્ય છે. તે માલસામાનની હેરફેરનો ખર્ચ ઘટાડીને ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવવામાં મદદ કરશે.

આ એક્સપ્રેસ-વે પશ્ચિમ યુપીના મેરઠથી શરૂ થઈને પૂર્વી યુપીના પ્રયાગરાજને જોડે છે. તે મેરઠ, હાપુર, બુલંદશહેર, અમરોહા, સંભલ, બદાયું, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજ એમ કુલ ૧૨ જિલ્લાઓ અને ૫૦૦ થી વધુ ગામોને સીધો લાભ આપશે.

અત્યાર સુધી મેરઠથી પ્રયાગરાજ પહોંચવામાં ૧૦ થી ૧૨ કલાકનો સમય લાગતો હતો, જે હવે ઘટીને માત્ર ૬ થી ૭ કલાક થઈ જશે. ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપ માટે ડિઝાઈન કરાયેલ આ માર્ગ પર ૨૧ ઈન્ટરચેન્જ આપવામાં આવ્યા છે.

શાહજહાંપુરમાં ૩.૫ કિમી લાંબી ઈમરજન્સી એરસ્ટ્રીપ બનાવવામાં આવી છે. આ સુવિધા રાષ્ટ્રીય સુરક્ષા માટે અત્યંત મહત્વની છે, જેનો ઉપયોગ કટોકટીના સમયે વાયુસેનાના વિમાનોના લેન્ડિંગ માટે થઈ શકશે.

આ પ્રોજેક્ટને 'એક્સપ્રેસ-વે-કમ-ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર' તરીકે ઓળખવામાં આવે છે.સરકાર દ્વારા માર્ગની આસપાસ ૧૨ ઔદ્યોગિક નોડ્સ વિકસાવવાની યોજના છે. જેમાં અત્યાર સુધીમાં ₹૪૭,૦૦૦ કરોડના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે.પૂર્વી ઉત્તર પ્રદેશના ખેડૂતો હવે તેમના ઉત્પાદનો (જેમ કે પ્રયાગરાજના આમળા અને ફતેહપુરની મગફળી) ને ૨૪ કલાકની અંદર દિલ્હી-એનસીઆરના બજારોમાં પહોંચાડી શકશે.પ્રયાગરાજમાં કુંભ અને માઘ મેળા દરમિયાન દેશ-વિદેશથી આવતા કરોડો શ્રદ્ધાળુઓ માટે મુસાફરી સુગમ બનશે, જેનાથી સ્થાનિક પ્રવાસન ઉદ્યોગને મોટો ફાયદો થશે.


અંદાજે ₹૩૬,૨૩૦ કરોડના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ અદાણી એન્ટરપ્રાઈઝ અને IRB ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે. ૩૦ વર્ષ માટે ટોલ વસૂલાતની જવાબદારી આ કંપનીઓને સોંપવામાં આવી છે. પીપીપી મોડલથી આ પ્રોજેક્ટ સાબિત કરે છે કે ખાનગી મૂડી અને સરકારી દ્રષ્ટિકોણ ભેગા થાય ત્યારે નિર્ધારિત સમયમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી શકાય છે.

ગંગા એક્સપ્રેસ-વે એ પશ્ચિમ અને પૂર્વી ઉત્તર પ્રદેશ વચ્ચેની 'વિકાસની ખાઈ'ને પૂરવાનું કામ કરશે. તે ભારતની એ કલ્પનાનું સાકાર સ્વરૂપ છે, જ્યાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આર્થિક ઉન્નતિના નવા દ્વારા ખુલશે. ઉત્તર પ્રદેશ હવે સાચા અર્થમાં દેશનું 'એક્સપ્રેસ-વે કેપિટલ' બની ગયું છે, જે આગામી દાયકામાં ભારતની પ્રગતિનું એન્જિન સાબિત થશે.

### ગુજરાતના પ્રવાસન ધામો હવે વધુ સુરક્ષિત

# ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં શરૂ થશે હાઈટેક 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશન'

## પ્રવાસીઓ માટે ખાસ યુનિફોર્મ, અલગ લોગો અને સેન્ટ્રલ એપ્લિકેશન લોન્ચ કરાશેઃ પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં લેવાયો નિર્ણય



**અબતક મહેન્દ્ર કક્કડ દ્વારકા**

ગુજરાતમાં દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધામાં વધારો કરવા માટે રાજ્ય પોલીસ વિભાગ દ્વારા એક ક્રાંતિકારી પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પ્રથમ તબક્કે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને ડાંગ જિલ્લામાં અત્યાધુનિક 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન' સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમલી બનનારી આ યોજનાનો મુખ્ય હેતુ પર્યટકોને સુરક્ષિત અને મિત્રતાભર્યું વાતાવરણ પૂરું પાડવાનો છે. આ સ્પેશિયલ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે એક ખાસ યુનિફોર્મ ડિઝાઈન કરવામાં આવશે, જેથી પ્રવાસીઓ તેમને સરળતાથી ઓળખી શકે. આ ઉપરાંત, પ્રવાસન પોલીસના વાહનો માટે પણ એક અલગ 'લોગો' તૈયાર કરવામાં આવશે.

ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકતા ડો. કે.એલ.એન. રાવે તમામ એસ.પી.ને એક સેન્ટ્રલ 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવા સૂચના આપી છે. આ એપ્લિકેશન દ્વારા પ્રવાસીઓને સુરક્ષા સંબંધી સેવાઓ અને જરૂરી માહિતી એક જ પ્લેટફોર્મ પર મળી રહેશે. પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની ત્વરિત સહાય માટે કન્ટેનર આધારિત 'હેલ્પ ડેસ્ક' અને 'કિયોસ્ક' પણ ઊભા કરવામાં આવશે.

બેઠકમાં જણાવ્યા અનુસાર, જે સ્થળોએ પહેલેથી જ પોલીસ ચોકીઓ છે તેને અપગ્રેડ કરવામાં આવશે અને દરેક સ્ટેશનમાં પૂરતું માનવબળ તેમજ નવા વાહનો ફાળવવામાં આવશે. આ નવી પહેલથી ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર વૈશ્વિક સ્તરે વધુ સુરક્ષિત અને પ્રવાસી-અનુકૂળ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ બેઠકમાં આઈજીપી (વહીવટ) અને સંબંધિત જિલ્લાઓના પોલીસ અધિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**બ્રહ્માકુમારીઝ આયોજિત**

# માય મોબાઈલ માય ફ્રેન્ડ કાર્યક્રમ ડિજિટલ જીવનમાં સંતુલન અને આધ્યાત્મિકતા અપનાવવાનો સંદેશ



## બ્રહ્માકુમારીઝના નવ દશકોત્સવ નિમિતે વર્કિંગ, કૂકિંગ અને સ્લીપીગમાં મોબાલનો ત્યાગ કરવા અનુરોધ

**અબતક,રાજકોટ**

બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નવ દશકોત્સવની ઉજવણી નિમિત્તે બ્રહ્માકુમારીઝ - રાજકોટ તેમજ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રાવેલિંગ વિંગ (આર.ઈ.આર.એફ.) દ્વારા આયોજિત ''માય મોબાઈલ - માય ફ્રેન્ડ વિષયક પ્રેરણાદાયક કાર્યક્રમ ગત શનિવારે રાજકોટ ખાતે ભવ્ય રીતે સંપન્ન થયો. આ પ્રેરણાદાયી કાર્યક્રમ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર 'જગદંબા ભવન', અવધપુરી સોસાયટી, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, રાજકોટ ખાતે યોજાયો હતો.

બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોન ડાયરેક્ટર રાજયોગીની વરિષ્ઠ બ્રહ્માકુમારી ભારતીદીદીજીની શુભ પ્રેરણા અને વિશેષ અતિથિઓની પાવન ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય અને ત્યારબાદ નિરાકાર શિવ પરમાત્માની યાદ સાથે કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરાયો હતો.

આ તકે બ્રહ્માકુમારી કિંજલ દીદીએ મહેમાનો અને શ્રોતાઓનું સુમધુર શબ્દોથી સ્વાગત તથા સંચાલન કર્યું હતું. જયારે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર 'જગદંબા ભવન'ના બ્રહ્માકુમારી રેખાબેનએ કાર્યક્રમના અંતમાં ભાવનાત્મક શબ્દોથી આભાર વિધિ કરી હતી.

આધુનિક જીવનમાં ટેકનોલોજી અને આધ્યાત્મિકતાનું સંતુલન જાળવવાનો સંદેશ આપતો આ કાર્યક્રમ સૌ માટે પ્રેરણારૂપ સાબિત થયો હતો. ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટે આ વિષય અત્યંત લાભદાયી રહ્યો હતો. જેમાં તેમને લક્ષ્યવેધ માટે ઘણી મહત્વની ટિપ્સ આપવામાં આવી હતી.

મુંબઈથી ખાસ પધારેલા પ્રેરણાદાયક વક્તા બ્રહ્માકુમારી કવિતા દીદીએ માય મોબાઈલ - માય ફ્રેન્ડ વિષયને અત્યંત સરળ, લાગણીસભર અને અસરકારક રીતે રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે - આજના સમયમાં મોબાઈલ માત્ર સાધન નથી રહ્યું, પરંતુ તે આપણા જીવન પર પ્રભુત્વ જમાવી રહ્યું છે. પહેલાં આપણે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હતા, આજે મોબાઈલ ફોન આપણો ઉપયોગ કરે છે - આ વાક્યએ સૌને આંતરિક રીતે વિચારવા પ્રેરિત કર્યા.

તેમણે વધુમાં સમજાવ્યું હતું કે - માણસ જ્યારે માણસને

(અનુ. આઠમા પાને)

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીએ બ્રહ્માકુમારીઝ બહેનો સાથે કરી જ્ઞાન ગોષ્ઠી



ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજીના રાજકોટ આગમનથી સમગ્ર શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મુલાકાત દરમિયાન રાજકીય અને વહીવટી કાર્યક્રમોની વચ્ચે એક અત્યંત પ્રેરણાદાયી અને આધ્યાત્મિક દ્રશ્ય સર્જાયું હતું, જયારે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના બહેનોએ રાષ્ટ્રપતિજીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વર્ષોથી આધ્યાત્મિકતા અને રાજયોગના માર્ગે ચાલનારા રાષ્ટ્રપતિજીએ બ્રહ્માકુમારીઝ પરિવારના બહેનો સાથે અત્યંત આત્મીયતાથી જ્ઞાન ગોષ્ઠી કરી હતી.

આ મુલાકાત દરમિયાન બ્રહ્માકુમારીઝના વરિષ્ઠ બહેનોએ રાષ્ટ્રપતિજીને તિલક લગાવી અને પુષ્પગુચ્છ અર્પણ કરીને આવકાર્યા હતા. જ્ઞાન ગોષ્ઠી દરમિયાન વર્તમાન સમયમાં વધતા જતા તણાવ વચ્ચે આંતરિક શાંતિ, સકારાત્મક વિચારધારા અને નૈતિક મૂલ્યો આધારિત સમાજ વ્યવસ્થાના નિર્માણ અંગે ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિજીએ સંસ્થા દ્વારા કરવામાં આવતા સામાજિક અને આધ્યાત્મિક કાર્યોની પ્રશંસા કરી હતી, જયારે સંસ્થાના બહેનોએ તેમને સ્મૃતિચિહ્ન અને ઈશ્વરીય સાહિત્ય અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી. સત્તાના ઉચ્ચ શિખર પર હોવા છતાં રાષ્ટ્રપતિજીની સાદગી અને આધ્યાત્મિકતા પ્રત્યેની તેમની રુચિએ ઉપસ્થિત સૌ કોઈને પ્રભાવિત કર્યા હતા.

### ગૌધામ શિવકથામાં ભકિતનો મહાસાગર

# ગીરીબાપુએ કરાવ્યું સતી પ્રાગટ્ય અને અર્ધનારેશ્વર સ્વરૂપનું દર્શન

## સંપ્રદાયોમાં વહેંચાયા વગર સનાતન ધર્મને એક કરવા ગીરીબાપુનું આહ્વાન; શિવાલયને માનસિક શાંતિનું સર્વોત્તમ 'યંત્ર' ગણાવ્યું



**અબતક રાજકોટ**

મવડી વિસ્તારના અમૃતવાટિકા ગ્રાઉન્ડ ખાતે જય સરદાર ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત પવિત્ર 'ગૌધામ શિવકથા'ના છઠ્ઠા દિવસે ભક્તિ અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ રચાયો હતો. સુપ્રસિદ્ધ કથાકાર ગીરીબાપુએ વ્યાસપીઠ પરથી શિવ-શક્તિના મહિમા સાથે સૃષ્ટિના સર્જનની ગૂઢ વાતો સમજાવી હતી. કથા દરમિયાન જ્યારે નાની બાળાઓ 'મા સતી'ના સ્વરૂપમાં પ્રગટ થઈ ત્યારે સમગ્ર મંડપ 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

આ ધાર્મિક અવસરે પૂર્વ મંત્રી ગોવિંદભાઈ



ધર્મના લોકો જો એક નહીં થાય તો હિન્દુ ધર્મ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તેમણે કહ્યું કે આજે હજારો સંપ્રદાયોના પ્રભાવને કારણે અનેક લોકો મૂળ શિવ પૂજાથી વંચિત રહી ગયા છે. શિવલિંગની પૂજા એ સમગ્ર વિશ્વના દેવી-દેવતાઓની પૂજા સમાન છે. જેમ વૃક્ષના થડને પાણી પાવાથી આખું વૃક્ષ તૃપ્ત થાય, તેમ શિવની આરાધનાથી પિતૃઓ પણ શાંત થાય છે.

વર્તમાન સમયમાં યુવાનોમાં વધતા જતા નકારાત્મક વિચારો સામે લાલબત્તી ધરતા બાપુએ ટકોર કરી હતી કે, ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ

(અનુ. આઠમા પાને)

## સ્પોર્ટ્સ અબતક

# આઈપીએલ સીઝનમાં પંજાબની પહેલી હાર: રાજસ્થાનના રોયલ્સનો ૬ વિકેટે વિજય

## વૈભવ સૂર્યવંશીનો વધુ એક ઝંઝાવાત, ૨૨૩નો ટાર્ગેટ રાજસ્થાને આસાનીથી વટાવ્યો, ફરેરા ઝળક્યો




**અબતક, રાજકોટ**

યુવાન ઓપનર વૈભવ સૂર્યવંશીએ તેની પાસેથી રખાતી અપેક્ષાને ફરી એક વાર પૂરી કરતાં અત્યંત વેગીલી બેટિંગ કરીને તથા શ્રીલંકન ક્રિકેટર ડોનોવાન ફરેરાએ અણનમ અડધી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સે મંગળવારે અહીં રમાયેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ મેચમાં પંજાબ સામે છ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. આ સાથે પંજાબ કિંગ્સની ટીમ આઈપીએલની ૨૦૨૬ની સિઝનમાં પહેલી વાર મેચ હારી હતી. જોકે તે હજી પણ મોખરાના ક્રમે છે. મેચમાં પંજાબ કિંગ્સે પહેલી બેટિંગ કરીને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૨૨ રનનો માતબર સ્કોર રજૂ કર્યો હતો પરંતુ રાજસ્થાન રોયલ્સે ૧૯.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૨૮ રન કરીને મેચ જીતી લીધી હતી. મેચ જીતવા માટે ૨૨૩ રનના ટારગેટ સામે રમતાં રાજસ્થાન રોયલ્સ માટે વૈભવ સૂર્યવંશીએ આદત મુજબ આક્રમક શરૂઆત કરી હતી. તેણે ચોથી ઓવર સુધીમાં જ જયસ્વાલ સાથે ૫૧ રન ફટકારી દીધા હતા. યશસ્વી જયસ્વાલે ૨૭ બોલમાં ૫૧ રન ફટકાર્યા હતા પરંતુ તેના કરતાં પણ ઝંઝાવાતી બેટિંગ સૂર્યવંશીએ કરી હતી. તેણે ચોથી ઓવરમાં આઉટ થતાં અગાઉ માત્ર ૧૬ બોલમાં પાંચ સિક્સર સાથે ૪૩ રન ફટકાર્યા હતા અને આ દરમિયાન વર્તમાન આઈપીએલમાં તે સૌથી વધુ રન ફટકારનારા બેટ્સમેન તરીકે ઓરેન્જ કપ જીતી ચૂક્યો હતો. આ બંનેની વિકેટ પડ્યા બાદ રિયાન પરાગે ઉપયોગી ૨૯ રન કર્યા હતા તો ટીમને ટારગેટ સુધી પહોંચાડવામાં ડોનોવાન ફરેરાએ ૨૬ બોલમાં બાવન તથા શુભમ દૂબે ૧૨ બોલમાં ૩૧ રન ફટકાર્યા હતા. બંનેએ પાંચમી વિકેટની અણનમ ભાગીદારીમાં ૩૨ બોલમાં ૭૭ રન ઉમેર્યા હતા.અગાઉ રાજસ્થાન રોયલ્સે ટોસ જીત્યા બાદ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પંજાહ કિંગ્સ માટે માર્કસ સ્ટોઈનિસે આક્રમક બેટિંગ કરી હતી અને તેના ૨૨ બોલમાં ૬૨ રનની મદદથી જ પંજાબની ટીમ ૨૨૨ રનનો સ્કોર કરી શકી હતી. ઓસ્ટ્રેલિયન બેટર સ્ટોઈનિસે ચાર ચોગ્ગા ઉપરાંત છ સિક્સર ફટકારી હતી. સ્ટોઈનિસની આ વિસ્ફોટક બેટિંગે ૫ુ૧। લેગ-સ્પિનર યશ રાજ પુંજાના શાનદાર બોલિંગ પ્રદર્શનને ઢાંકી દીધું હતું.પંજાબના ટોચના ત્રણ બેટ્સમેન ભસિમરન સિંહ (૪૪ બોલમાં ૫૯), પ્રિયાંશ આર્યા (૧૧ બોલમાં ૨૯) અને કૂપર કોનોલી (૧૪ બોલમાં ૩૦)એ આક્રમક રમત દર્શાવી હતી. જોકે અહીંના સ્ટેડિયમની પિચ સખત હોવા છતાં અને ઉછાળો મળતો હોવા છતાં આ ત્રણેયમાંથી કોઈ મોટી ઈનિંગ્સ રમી શક્યું ન હતું. અસલી ધમાકેદાર રમત સ્ટોઈનિસે બતાવી હતી રાજસ્થાનના લગભગ તમામ બોલરને આસાનીથી ફટકાર્યા હતા. જેને પરિણામે પંજાબે છેલ્લી ત્રણ ઓવરમાં જ ૫૫ રન ફટકારી દીધા હતા.



### રિયાન પરાગેનો ડ્રેસિંગ રૂમમાં વેપિંગ કરતો વીડિયો વાયરલ



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ટ્વિટર) પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગ ડ્રેસિંગ રૂમમાં બેસીને 'વેપ' પીતા જોવા મળી રહ્યા છે. વીડિયોમાં પરાગ ખૂબ જ સાવધાનીપૂર્વક વેપિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તે કેમેરાની નજરમાંથી બચી શક્યા નહીં. આ સમયે તેમની બાજુમાં યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલ પણ હાજર હતા. મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં વેપિંગ કરતો રિયાનનો આ વાયરલ વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. પંજાબ સામે જીત બાદ રિયાન પરાગના આ કૃત્યથી સમગ્ર ચર્ચા બદલી નાખી.


### વૈભવ સૂર્યવંશીના સૌથી ઓછા બોલમાં ૪૦૦ રન



વૈભવ સૂર્યવંશી આઈપીએલની એક સિઝનમાં સૌથી ઓછા બોલમાં ૪૦૦ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. વૈભવે ૧૬૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા જે એક રેકોર્ડ છે. સૂર્યવંશીએ આન્દ્રે રસેલનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે વર્ષ ૨૦૧૯માં ૧૮૮ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. વર્ષ ૨૦૨૪માં અભિષેક શર્માએ ૧૯૫ બોલમાં ૪૦૦ રન બનાવ્યા હતા. ગયા વર્ષે નિકોલસ પૂરને ૧૯૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. પરંતુ હવે આ રેકોર્ડ સૂર્યવંશીના નામે થઈ ગયો છે. ૧૫ વર્ષના આ ઓપનિંગ બેટ્સમેને આ સિઝનમાં ૩૭ છગ્ગા અને ૩૪ ચોગ્ગા ફટકાર્યા છે. તે એક સદી અને ૨ અડધી સદી ફટકારી ચૂક્યો છે.

# મજબૂત હૈદરાબાદની ટીમનો વિજય રથ મુંબઈ ઈન્ડિયન્સ રોકી શકશે?

## મુંબઈ ઈન્ડિયન્સને લીગમાં હવે સાતમાંથી કમસે કમ પાંચ મેચ જીતવી ફરજિયાત બની ગયુ



**અબતક, રાજકોટ**

આઈપીએલના ઈતિહાસમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સની હાલની સ્થિતિ એવી છે કે ૨૦૨૬ની આ ટી૨૦ ક્રિકેટ લીગમાં તેને હવે સાતમાંથી કમસે કમ પાંચ મેચ જીતવી ફરજિયાત બની ગયું છે. આ સંજોગોમાં હાર્દિક પંડ્યાની ટીમ શાનદાર ફોર્મ ધરાવતી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ સામે ટકરાશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.પોતાના હોમગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈની ટીમ રમશે ત્યારે તેની પાસેથી એકદમ બહેતર પ્રદર્શનની અપેક્ષા રખાશે કેમ કે આ મેદાન પર તેનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે. તાજેતરની મેચોમાં મુંબઈએ ગુજરાત ટાઈટન્સ સામે ૯૯ રનથી શાનદાર વિજય હાંસલ કર્યો ત્યારે એમ મનાતું હતું કે તે ફોર્મમાં આવી ગઈ છે પરંતુ ઈન્ટરનેશનલ સુપર સ્ટાર ધરાવતી હોવા છતાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ત્યાર પછીની મેચમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૦૩ રનથી હારી ગઈ હતી. મુંબઈ પાસે મજબૂત બોલિંગ આક્રમણ છે પરંતુ હકીકત એ છે કે જસપ્રિત બુમરાહ સહિત તેના મોટા ભાગના બોલર્સ વિકેટો ખેરવી શકતા નથી. આમ મુંબઈ ઈન્ડિયન્સ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની બુધવારની મેચ કરો યા મરોના જંગ સમાન બની રહેશે. મુંબઈ માટે ૨૦૨૬ની આ ટી૨૦ ક્રિકેટ લીગમાં ટકી રહેવા માટે હવે ખાસ મોકા રહ્યા નથી ત્યારે તેણે દરેક મેચ જીતવાની તૈયારી સાથે જ રમવી પડશે.પ્રથમ સાત મેચોમાં પાંચ હાર સાથે મુંબઈ ઈન્ડિયન્સ અત્યારે પોઈન્ટ ટેબલમાં નવમા ક્રમે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૦૩ રનથી મળેલી તેમની ઈતિહાસની સૌથી મોટી હાર બાદ ટીમનું મનોબળ તૂટી ગયું છે. ચાર પોઈન્ટ અને -૦.૭૩૬ ના નેટ રન રેટ સાથે મુંબઈના દિગ્ગજ ખેલાડીઓ આ સિઝનમાં ફ્લોપ સાબિત થયા છે.ભારતની ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમના ચાર સદસ્ય પોતાની પાસે હોવા છતાં મુંબઈની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લેતી. કેપ્ટન હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવ હજી સુધી લય મેળવી શક્યા નથી. જોકે તિલક વર્માએ ગુજરાત ટાઈટન્સ સામે ફટકારેલી તેની પ્રથમ આઈપીએલ સદીએ ટીમને જીત અપાવી હતી પરંતુ ચેન્નાઈ સામેની હારે તેમને ફરીથી પછડાટ આપી છે.જસપ્રિત બુમરાહ પણ આ વખતે સંઘર્ષ કરતો દેખાય છે. અન્ય નવા બોલરો નિષ્ફળ રહેતા બુમરાહને છેલ્લી બે મેચમાં શરૂઆતની ઓવરોમાં બોલિંગ કરવાની ફરજ પડી છે. ટ્રેન્ટ બોલ્ટ અને દીપક ચાહર પણ પાવરપ્લેમાં વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યા છે જેને કારણે હરીફ ટીમો મોટો સ્કોર બનાવી રહી છે.



# એક મેચમાં ૨૬૪ પછી ૭૦માં ઓલઆઉટ! દિલ્હીની હાલત રોલર કોસ્ટર જેવી બની!!!



**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬માં દિલ્હી કેપિટલ્સનું પ્રદર્શન એક રોલરકોસ્ટર જેવું બની ગયું છે. એક તરફ જ્યાં ટીમે એક મેચમાં ૨૬૪/૨ જેવો વિશાળ સ્કોર બનાવ્યો, તો બીજી તરફ માત્ર ૭૫ રન પર ઓલઆઉટ થઈને શરમજનક હારનો સામનો કરવો પડ્યો.

યુવા ઈંગ્લિશ લેગ-સ્પિનર રેહાન અહેમદ જેઓ આ સિઝનમાં દિલ્હી કેપિટલ્સમાં જોડાયા છે, તેમણે ટીમના સાથીઓ વચ્ચે આ વાત કહીને હાસ્યનું વાતાવરણ જગાવી દીધું: વેરી ગુડ વન ગેમ ૨૬૦, સેકન્ડ ગેમ ૭૦! આ ટિપ્પણી સાંભળીને ટીમના સાથી ખેલાડીઓ પણ હસી પડ્યા.

એક મેચમાં દિલ્હી કેપિટલ્સે પંજાબ કિંગ્સ સામે ૨૬૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો પરંતુ બોલિંગ અને ફિલ્ડિંગમાં થયેલી ભૂલોને કારણે તેઓ આ સ્કોરનું રક્ષણ કરી શક્યા નહીં અને હારી ગયા.માત્ર ૪૮ કલાક પછીની મેચમાં જ ટીમની બેટિંગ તૂટી પડી અને તેઓ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે માત્ર ૭૫ રન પર ઓલઆઉટ થઈ ગયા. આ સિઝનનો તેમનો સૌથી નીચો સ્કોર બન્યો.

આ બે મેચો વચ્ચેનો આ વિશાળ તફાવત ટીમની અંદરની અસ્થિરતા, ફિલ્ડિંગની ભૂલો, નિર્ણયોમાં અનિશ્ચિતતા અને બેટિંગ કોલેપ્સને સ્પષ્ટ રીતે દર્શાવે છે. કેપ્ટન અક્ષર પટેલ પણ આ બાબતે મૂંઝવણ વ્યક્ત કરી ચૂક્યા છે અને કહ્યું છે કે ટીમ નાની-નાની ભૂલોને કારણે હારી રહી છે.

રેહાન અહેમદ આ સિઝનમાં દિલ્હી કેપિટલ્સમાં બેન ડકેટના રિપ્લેસમેન્ટ તરીકે જોડાયા છે. તેઓ મુખ્યત્વે લેગ-સ્પિન બોલિંગ માટે જાણીતા છે, પરંતુ તેમની બેટિંગ ક્ષમતા પણ ટીમને મદદરૂપ થઈ શકે છે.આઈપીએલ ૨૦૨૬માં દિલ્હી કેપિટલ્સ હાલ પોઈન્ટ્સ ટેબલમાં મધ્યમ સ્થાને છે. ટીમમાં અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વિપ્રજ નિગમ જેવા સ્પિનર્સનું સ્ટ્રોંગ ડિપાર્ટમેન્ટ છે, તેમ છતાં બેટિંગ અને ફિલ્ડિંગની સુસંગતતાના અભાવે તેઓ સતત સફળતા મેળવી શકતા નથી.

રેહાનની આ વાત ટીમ માટે એક વેક-અપ કોલ પણ બની શકે છે. ક્રિકેટમાં સુસંગતતા જ સફળતાની કુંજી છે અને દિલ્હી કેપિટલ્સે હવે પ્લેઓફની દોડમાં ટકી રહેવા માટે પોતાના પ્રદર્શનમાં સ્થિરતા લાવવી પડશે.

# ટેબલ ટેનિસ વર્લ્ડકપ માટેની ભારતીય ટીમમાં હરમિત, માનુષ અને માનવનો સમાવેશ

**અબતક, રાજકોટ**

લંડનના ઓવો એરેના વેમ્બલી ખાતે ૨૮ એપ્રિલથી દસમી મે દરમિયાન યોજાનારી આઈટીટીએફ વર્લ્ડ ટીમ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ફાઈનલ્સ ૨૦૨૬માં ભાગ લેનારી ભારતીય મેન્સ ટીમમાં ગુજરાતના હરમિત દેસાઈ, માનુષ શાહ અને માનવ ઠક્કરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલી વાર નથી જ્યારે ગુજરાતના આ ત્રણ ખેલાડી આ પ્રકારની પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા હોય. અગાઉ તેમણે ૨૦૨૨માં ચેંગડુ ખાતે યોજાયેલી ૫૬મી વર્લ્ડ ટીટી ટીમ ચેમ્પિયનશિપમાં ભારતીય ટીમ માટે ભાગ લીધો હતો અને બુસાન ખાતેની આવૃત્તિમાં પણ તેઓ ભારતીય ટીમનો હિસ્સો રહી ચૂક્યા હતા. સુરતના હરમિત (૩૨ વર્ષ), માનવ (૨૬) અને માનુષ શાહ (૨૫) સિવાય આ વખતે લંડનમાં રમનારી ભારતીય ટીમમાં જી. સાથિયાન અને પાયસ જૈનને પણ સામેલ કરાયા છે.ગ્રૂપ ૭માં રમનારી ભારતીય ટીમ ૩૮મો વિશ્વ ક્રમાંક ધરાવતા માનવ પર આધારિત રહેશે જે ભારતનું આક્રમણ સંભાળશે. તેને જી. સાથિયાન (વિશ્વમાં ૪૨મો ક્રમ), માનુષ (વિશ્વમાં ૫૧મો ક્રમ), હરમિત (વિશ્વમાં ૮૦મો ક્રમ) અને પાયસ (વિશ્વમાં ૧૨૭મો ક્રમ)નો મજબૂત સપોર્ટ રહેશે. સ્લોવેકિયા સામેના પ્રથમ મુકાબલામાં ભારત મજબૂત ફેવરિટ તરીકે પ્રારંભ કરશે. ત્યાર બાદ તેને ગ્રૂપ મુકાબલામાં ટ્યુનિશિયા અને ગુટેમાલા સામે રમવાનું છે.ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના પ્રમુખ પ્રમોદ ચૌધરીએ આ ટીમ અંગે જંગી આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હરમિત, માનુષ અને માનવ બહોળો અનુભવ ધરાવે છે અને વર્ષોથી ટોચના ઈન્ટરનેશનલ ખેલાડીઓ સામે રમવાનો તેમને સારો અનુભવ છે. અમને આશા છે કે આ વખતે દેશ માટે આ ટીમ બહેતર પ્રદર્શન કરશે. તેમ તેમણે ઉમેર્યું હતું.



# ઉબેર કપમાં ચીન સામે ૦-૫થી પરાજય સાથે ભારતના અભિયાનનો અંત

## પીવી સિંધૂની લડાયક રમત એળે ગઈ, ચીને વર્ચસ્વ જાળવી રાખ્યું



**અબતક, રાજકોટ**

ઉબેર કપ બેડમિન્ટન ફાઈનલ્સમાં ભારતીય વિમેન્સ બેડમિન્ટન ટીમના અભિયાનનો મંગળવારે નિરાશાજનક રીતે અંત આવ્યો હતો. સોમવારે રમાયેલા ગ્રૂપ-એના નિર્ણાયક મુકાબલામાં શક્તિશાળી ચીન સામે ભારતનો ૦-૫થી કારમો પરાજય થયો હતો. બે વખતની ઓલિમ્પિક્સ મેડાલિસ્ટ પીવી સિંધુ વિજયની નજીક પહોંચીને લડત ગુમાવી બેસતા ભારત તેને મળેલી સારી તકોનો ફાયદો ઉઠાવી શક્યું ન હતું.પ્રથમ સિંગલ્સમાં પીવી સિંધૂએ વિશ્વની બીજા ક્રમની ખેલાડી વાંગ ઝી યી સામે શાનદાર શરૂઆત કરી હતી. એક તબક્કે નિર્ણાયક ગેમમાં સિંધૂ ૧૮-૧૨થી આગળ હતી અને તેની જીત લગભગ નિશ્ચિત જણાતી હતી. જોકે, વાંગ ઝી યીએ અદભૂત પુનરાગમન કર્યું હતું તો છેલ્લી ક્ષણોમાં સિંધૂએ કરતા તે ૧૬-૨૧, ૨૧-૧૯, ૧૯-૨૧થી મેચ હારી ગઈ હતી. આ હાર સાથે ચીને ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી.ભારતીય ટીમે આ મેચ માટે ઉન્નતિ હુડા અને તન્વી શર્માના સ્થાને ઈશારાની બરુઆ અને દેવિકા સિહાગને તક આપી હતી. ૧૬ વખતનું ચેમ્પિયન ચીન હંમેશાથી ભારત માટે મજબૂત હરીફ રહ્યું છે. પ્રિયા કોનજેંગબામ અને શ્રુતિ મિશ્રાની જોડી વિશ્વની નંબર વન જોડી લિયૂ શેંગ શુ અને તાન નિંગ સામે ટકી શકી ન હતી અને ૧૧-૨૧, ૮-૨૧થી હારી ગઈ હતી. બીજી સિંગલ્સમાં ઈશારાની બરુઆએ ટોક્યો ઓલિમ્પિક્સ ચેમ્પિયન ચેન યૂ ફેઈ સામે આક્રમક રમત દાખવી હતી. પ્રથમ ગેમમાં ઈશારાનીએ ૨૦-૧૯ પર ગેમ પોઈન્ટ મેળવ્યો હતો પરંતુ તે તકનો લાભ લઈ શકી ન હતી અને અંતે ૨૦-૨૨, ૧૩-૨૧થી પરાજિત થઈ હતી. આ સાથે ચીને ૩-૦ની અજેય સરસાઈ પ્રાપ્ત કરી લીધી હતી. ચોથા મુકાબલામાં ટ્રિશા જોલી અને કવિપ્રિયા સેલ્વમે ચીની જોડી સામે સખત લડત આપી હતી. ૫૯ મિનિટ ચાલેલા આ સંઘર્ષમાં તેઓ ૧૦-૨૧, ૨૧-૧૨, ૧૯-૨૧થી હારી ગયા હતા. અંતિમ સિંગલ્સમાં દેવિકા સિહાગે પ્રથમ ગેમ જીતીને આશા જગાવી હતી પરંતુ ત્યારબાદ તે લય જાળવી શકી નહીં અને વિશ્વની ૯૭ ક્રમની ખેલાડી ઝુ વેન જિંગ સામે ૨૧-૧૯, ૧૭-૨૧, ૧૦-૨૧થી મેચ ગુમાવી દીધી હતી.

# ધ્રોલ નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતા સાધુ સહિત બેના મોત

## ઉપલેટાના હરિયાસણ ગામે હનુમાનજી મંદિરની સેવા પૂજા કરતા પુજારી સહિત બંનેના અંતરીયાળ મૃત્યુથી શોક

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર-રાજકોટ હાઈવે પર ભયાનક હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો, જેમાં ટ્રકની જોરદાર ટક્કર લાગતાં બાઈક પર સવાર બે સાધુઓનાં કરુણ મૃત્યુ નિપજ્યાં છે. આ અંગે સીંધાતભાઈ રમેશભાઈ ડાંગર (ઉ.વ. ૩૪, રહે. ઉમાપાર્ક, જામજોધપુર) દ્વારા ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ કરી છે. ધ્રોળ પોલીસ મથકમાં જાહેર થયેલી ફરિયાદ મુજબ, ગઈકાલે મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના આસપાસ ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામે આવેલા ચૈતન્ય હનુમાનજી મંદિરમાં સેવા પૂજા કરતા સાધુ બ્રિજેન્દ્રમુની સુખસમુનીજી પોતાનો મોટરસાયકલ નંબર જી.જે. -૩૬ કે.૨૪૮૨ લઈને પોતાની સાથેજ સેવાપૂજા કરતા ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુની ધર્મસિંહ સાથે ધ્રોળ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ધ્રોળ માર્કેટિંગ યાર્ડ નજીક જી.જે.૧૨ સી.ટી. ૧૨૫૪ નંબરના ટ્રક ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી હંકારતા બાઈકને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માતમાં બંને સાધુઓને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક ધ્રોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુનીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે બ્રિજેન્દ્રમુનીને વધુ સારવાર માટે જામનગર રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ધ્રોળ પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ (બેફીકરાઈથી વાહન હંકારવું), ૩૦૪(અ) (બેદરકારીથી મોત નિપજાવવું), ૩૩૭ અને ૩૩૮ (ઈજા અને ગંભીર ઈજા પહોંચાડવી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૩૪(અ) (બ) હેઠળ ગુનો નોંધી લેવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પુરાવા એકત્રિત કર્યા છે, અને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી છે તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# લોધિકાના વીરવા ગામે યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

## મૂળ યુપીના શ્રમિક શાહબુદિને અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના વીરવા ગામમાં આશાસ્પદ યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ વીરવા ગામે નોકરી કરતા ૨૮ વર્ષીય યુવાનના આ આત્મઘાતી પગલાંથી પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ લોધિકાના વીરવા ગામમાં આવેલ 'ડી.એન. એન્જિનિયરિંગ' પાસે ગોલ્ડન રૂમમાં રહેતા શાહબુદિન નિશાર અહમદ ઈદ્રીસી (ઉં.વ. ૨૮) એ ગઈકાલે સાંજે આશરે ૬:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે અગમ્ય કારણોસર પંખા સાથે ચૂની બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ તેમને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક શાહબુદિન સ્થાનિક કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈ અને ચાર બહેનોમાં સૌથી મોટા હતા. તેમના મોતથી એક માસૂમ દીકરાએ પિતાની છત્રછાયા ગુમાવી છે, જેને પગલે હોસ્પિટલ પરિસરમાં પરિવારજનોના આક્રંદથી ગમગીની છવાઈ ગઈ હતી. યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી. હાલમાં આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

# દોઢ લાખના ચેક રીટર્ન કેસમાં વેપારીને દોઢ વર્ષની જેલ

## ધંધાના વિકાસ અર્થે મિત્રતાના દાવે હાથ ઉછીના આપેલી રકમ સમય મર્યાદામાં ચૂકવવા હુકમ

**અબતક, રાજકોટ**

ધંધાના વિકાસ અર્થે મિત્રતાના દાવે હાથ ઉછીના આપેલા રૂપિયા દોઢ લાખનો ચેક રીટર્ન કેસમાં આરોપી મિત્રને દોઢ વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ચુકવવા અદાલતે હુકમ કર્યો છે. શહેરના કરણપરા વિસ્તારમાં રહેતા પારસભાઈ મનહરલાલ શાહએ મિત્રતાના દાવે મહેશભાઈ આશીયાણીને ધંધાના વિકાસ અર્થે ૧ વર્ષમાં માટે રૂ. ૧.૫૦ લાખ હાથ ઉછીના આપેલા હતા. પરંતુ એક વર્ષ પૂરું થવા છતાં રકમ પરત નહી આપતા અને અલગ અલગ વાયદાઓ આપી, સમય પસાર કરેલ જેથી પારસભાઈએ અવારનવાર રકમ પરત માંગતા આખરે મહેશભાઈએ નાગરિક બેન્કનો રૂ. ૧,૫૦ લાખનો ચેક પારસભાઈને આપ્યો હતો. ચેક પારસભાઈએ બેન્કમાં જમા કરાવતા સદરહુ ચેક ખાતામાં પુરતું ભંડોળ ન હોવાના કારણે પરત ફરેલ જેથી પારસભાઈએ ચેક રીટર્ન થવા સબબ વકીલ મારફત મહેશભાઈને લીગલ ડીમાન્ડ નોટીસ મોકલેલ તેમ છતાં મહેશભાઈ દ્વારા નિયત સમય મર્યાદામાં ચેક મુજબની રકમ ન ચુકવતા, પારસભાઈએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

કોર્ટ દ્વારા મહેશભાઈને હાજર થવા સમન્સ ઈસ્યુ કરતા મહેશભાઈ તેમના વકીલ સાથે કોર્ટમાં હાજર થયેલ અને સમગ્ર કેસ ચાલવા પર આવતા જેમાં બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ લેખીત, મૌખિક પુરાવાઓ અને દલીલો ધ્યાને લઈ કોર્ટ દ્વારા મહેશભાઈ આશીયાણીને દોઢ વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ સમય મર્યાદામાં ફરિયાદી પારસભાઈને ચૂકવી આપવાનો આખરી હુકમ ફરમાવેલો છે. ફરિયાદી પારસભાઈ શાહ વતી પી. એમ. શાહ લો ફર્મના એડ્વોકેટ પીયષુભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ ધૂળકોટીયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, રાજેન્દ્રભાઈ જોષી, રવિરાજભાઈ વાળા, આસિસ્ટન્ટ તરીકે રાજાભાઈ ભટ્ટ અને વિપુલભાઈ દેવમુરારી રોકાયા હતા.

# મંડળીના નાણા ડુબાડનાર ડિફોલ્ટરને એક વર્ષની સજા

## વિશાખા ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીને લોન ચૂકવવા આપેલો ચેક રિટર્ન થયો તો

**અબતક, રાજકોટ**

વિશાખા ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીમાંથી સભાસદ દરજ્જે લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે ડિફોલ્ટરને એક વર્ષની સજા, દંડ અને ચેક મુજબનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા જયદેવભાઈ બટુકભાઈ વાઘેલાએ સભાસદ દરજ્જે વિશાખા ક્રેડિટ કોપરેટીવ સોસાયટીમાંથી લોન લીધી હતી જે લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ જયદેવભાઈ વાઘેલાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે મંડળીના રિકવરી મેનેજર વિશાલભાઈ વાઘેલા દ્વારા અદાલતમાં લોનધારક જયદેવભાઈ વાઘેલા સામે ચેક રીટનની ફરિયાદ નોંધાવી હતી બાદ જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી મંડળીના એડવોકેટ અનિરુદ્ધ નથવાણી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો તેમજ દસ્તાવેજી પુરાવા, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જે.એ.પટેલ ને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની કેદ અને વળતર ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ તરીકે અનિરુદ્ધ નથવાણી, દિવ્યેશ રૂડકીયા, દર્શિત સોલંકી, દર્શિત પાટડીયા અને ધાર્મિક પોપટ રોકાયા છે

# અકસ્માતમાં મૃત્યુ પામેલા ટ્રક ચાલકના પરિવારને રૂ.૪૫.૪૨લાખ વળતર ચુકવવા હુકમ

## મહુવા નજીક ટ્રક પલ્ટી જતા ચાલકનું મોત નીપજતા પરિવારે ક્લેઈમ કેસ કર્યો

**અબતક, રાજકોટ**

મહુવા નજીક ટ્રક પલ્ટી ખાઈ જતા ચાલકનું મોત નીપજયાના બનાવમાં અકસ્માત વળતરનાં કેસમાં મૃતકના વારસદારોને રૂ.૪૫,૪૨,૬૬૫ વળતર ચુકવવા અદાલતે હુકમ કર્યો છે.આ કેસની હકિકત મુજબ મુળ મહુવા ગામનાં વતની અને ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ફારૂકભાઈ સુલેમાનભાઈ કલાણીયા ગત તા.૧૯/૧૨/૨૦૨૩ નાં રોજ ટ્રક લઈ જઈ રહ્યા હતા. ત્યારે ડ્રાઈવિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક પલ્ટી ગયો હતો. જે અકસ્માતમાં ટ્રક ચાલક ફારૂકભાઈ કલાણીયાનું મોત નીપજ્યું હતું. જેથી મૃતકના વારસો દ્વારા ટ્રીબ્યુનલમાં ટ્રકનાં માલીક ધીરૂભાઈ નાગજીભાઈ ડાભી અને વીમા કંપની સામે વળતર મેળવા અરજી દાખલ કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા જેમા વીમા કંપનીએ પોતાની વાંધા રજૂ કરી અકસ્માત મૃતકની બેદરકારીનાં કારણે બનેલ હોય આથી અરજદારની અરજી રદ કરવા રજુઆત કરી હતી. જેની સામે મૃતકનાં વારસદારોના વકીલ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે મૃતક ટ્રકનાં માલીકને ત્યાં નોકરી કરી પોતાના પરીવારનું ગુજરાન ચલાવતા હતા. ટ્રકની પોલીસી ધ્યાને લેતા પોલીસીમાં પેઈડ ડ્રાઈવર તરીકેની પ્રીમીયમ માલીક દ્વારા લેવામાં આવેલ છે. મૃતકનું ડ્રાઈવીંગ લાયસન્સ રજુ કરવામાં આવેલ અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટનાં ચુકાદાઓ રજુ કરી મૃતકનાં વારસદારોને કાયદા મુજબ મળવાપાત્ર થતી રકમ અપાવવા રજુઆત કરેલ જે તમામ હકીકતો અને રેકર્ડ ઉપર રજુ થયેલ દલીલો ધ્યાને લઈ ટ્રીબ્યુનલ દવારા મૃતકનાં વારસદારોને રૂ.૪૫,૪૨,૬૬૫ ચુકવવા હુકમ કર્યો હતો. ફારૂકભાઈ કલાણીયાનાં વારસદારો વતી એડવોકેટ કલ્પેશ વાઘેલા, કરણ કારીયા (ગઢવી), ભાવીન હદવાણી (પટેલ), અર્જુન કારીયા (ગઢવી), શ્રધ્ધા અકબરી, કૃણાલ ચાવડા, આદિત્ય મકવાણા, માનવ ચાવડીયા, સોહમ દત્તા અને ઉદીત આંબલીયા રોકાયા હતા.

# ઉનાના ડમાસા ગામે ચાર વર્ષની બાળકીને ફાડી ખાનાર સિંહને પાંજરે પુરાયો

## વન વિભાગની ભારે જહેમતના અંતે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો

**અબતક, ઉના**

ઊના તાલુકાના ડમાસા ગામે વાડી વિસ્તારમાં રહેતા જીવાભાઈ બિજલ ભાઈ પામક તેમની પત્ની અને એક દીકરી અને એક દીકરા સાથે રહી ખેતી કામ કરે છે. ગઈ કાલે સાંજે ૭, ૩૦ વાગે તેમની પત્ની સવિતા બેન અને ચાર વર્ષ ની દીકરી હેમાકસી ઓસરી માં બેઠા હતા અને નાનો દીકરો વિશાલ ને તાવ આવ્યો હતો તેથી તેમને દવા પીવડાવી અને રસોડા માં રસોઈ બનાવવા માટે ગયા હતા ત્યારે હેમાકસી ઓસરી માં બેઠી હતી ત્યારે એક પુખ્ત વયનો નર સિંહ શિકાર ની લાલચ માં ફળિયા માં આવી ઓસરી માં બેઠેલ હેમાકસી ને જીવ લેણ હુમલો કરી મોઢામાં દબોચી લઈ નાસવા લાગતા માતાની નજર પડતા હેબતાઈ ગઈ હતી અને રાડા રાડિ કરતા આજુબાજુ ના લોકો ભેગા થઈ ગયા હતા ત્યાં સુધીમાં સિંહ ઘરથી ૫૦૦ મીટર દૂર બાજરા ના ઊભા પાકમાં ઘૂસી ગયો હતો લોકો એ હાકલા પડકારા કરતા સિંહ એ દીકરી ને મૂકી નાસી ગયો હતો. લોકો એ જોતા દીકરી હેમાકસી મૃત હાલત માં પડી હતી.

આ અંગે લોકો એ ગીર પૂર્વ વન વિભાગ ની જસાધાર રેન્જ ની કચેરી એ જાણ કરતા આર.એફ.ઓ.કે.સી. ચૌહાણ અને ફોરેસ્ટર જીતેન્દ્ર ભાઈ બાંભણિયા ટીમ સાથે પહોંચી ગયા હતા. સિંહ નું લોકેશન રાત્રિ ના શોધતા બાજરાના પાકની અંદર ચાર કલાક ની જહેમત બાદ મળી આવતા વન વિભાગના વેટરનરી ડોક્ટર પિયુષ ભાઈ માળવી ના સહકાર થી સિંહ ને બેભાન થવાનું ઈન્જેક્શન મારી બેભાન કરી પાંજરે પૂર્યો હતો. અને માનવ ભક્ષી સિંહ પાંજરે પુરાતા ગામ ના લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો. આ સિંહ ને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે તપાસ માટે લઈ જવામાં આવ્યો છે.

# બાઈકમાં અન્યના વાહનની નંબર પ્લેટ લગાડવાના ગુનામાં આરોપી નિર્દોષ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં બાઈકમાં અન્યના વાહનની નંબર પ્લેટ લગાવવાના ૧૦ વર્ષ પહેલાના કેસમાં અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ તા. ૧૭/ ૧૨/ ૨૦૧૬ના રોજ પ્રકાશભાઈ નેણસીભાઈ પરમાર પોતાના પોલીસે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીજે-૦૩- ડીએમ- ૭૦૩૬ નંબર પ્લેટ લગાડી મોટર સાઈકલ લઈ નીકળતા પ્રકાશભાઈ નેણસીભાઈ પરમાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૫, ૪૬૮ અને ૪૭૧ મુજબનો ફરિયાદ નોંધવામાં આવી હતો. આ કેસ પુરાવાઓ ઉપર આવતાં કુલ સાત સાહેદોને તપાસવામાં આવેલા. અને તે તમામ સાહેદોની આરોપી પક્ષ દ્વારા લંબાણ પુર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ અને ફરિયાદ પક્ષ દ્વારા સદરહુ કેસ સંદર્ભે નંબર પ્લેટ કયાં બની, કોને બનાવી તેમજ સદરહુ નંબર પ્લેટવાળું વાહન કોઈ ગુન્હામાં સંડોવાયેલ છે કે કેમ તે અંગેની કોઈ હકીકકત ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય

અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. આ કામમાં આરોપી પક્ષે વકીલ અમીત એસ.ભગત, ધમેન્દ્ર ડી. બરવાડીયા તથા યોગીરાજસિંહ રાણા રોકાયા હતા.

# શાપરમાં બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

## ૧૦ દિવસ પહેલા ગાયે ઢીંક મારતા ફેક્ચર થતા ડાયાબિટીસને કારણે ઓપરેશન ન થઈ શકતા અંતિમ પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળ વિસ્તારમાં આવેલ ભૂમિગેટ પાસે ૨૦ વર્ષીય આશાસ્પદ યુવકે શારીરિક પીડાથી કંટાળી એસિડ ગટગટાવી લેતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ડાયાબિટીસની બીમારીને કારણે ફેક્ચરનું ઓપરેશન ન થઈ શકતા યુવકે અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, શાપરના ભૂમિગેટ પાસે રહેતા નિતેશભાઈ નાજાભાઈ મકવાણા (ઉં ૨૦) ૧૦ દિવસ પહેલા રસ્તે ચાલીને જઈ રહ્યા હતા ત્યારે ગાયોના ધણે તેમને ઉલાળી દેતા તેમનો પગ ભાંગી ગયો હતો. જેને લઈ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા પરંતુ નિતેશભાઈને ડાયાબિટીસની જૂની બીમારી હોવાથી પગનું ઓપરેશન થઈ શકે તેમ નહોતું, પગમાં ફ્રેક્ચર અને ઓપરેશન ન થઈ શકવાને કારણે શારીરિક પીડા અને બિમારીથી કંટાળીને ગઈકાલે સવારે ૯:૦૦ વાગ્યાની આસપાસ તેમણે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. હાલત લથડતા તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નિતેશભાઈ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં બીજા નંબરના સંતાન હતા. તેમના પિતા ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ડાયાબિટીસની ગંભીર બીમારીને કારણે નિતેશભાઈએ અભ્યાસ અધવચ્ચે છોડી દીધો હતો અને તેઓ કોઈ કામધંધો કરી શકતા નહોતા. યુવાન વયના પુત્રના અકાળે મોતથી મકવાણા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નાણાવટી ચોક પાસે બેભાન થઈ ગયેલી મહિલાને રૂ.૫૮,૪૫૦ રોકડ રકમ પરત કરતી પોલીસ

## હોસ્પિટલના બિછાને મહિલા ભાનમાં આવતા જ પોલીસે પૈસા સોંપ્યા

**અબતક, રાજકોટ**

કહેવાય છે કે 'સેવા એ જ પરમો ધર્મ' અને જ્યારે આ સેવાની સાથે પ્રામાણિકતા ભળે ત્યારે તે સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ બની જાય છે. રાજકોટમાં યુનિવર્સિટી પોલીસની સમયસૂચકતા અને પ્રામાણિકતાને કારણે એક મહિલાના જીવની સાથે તેમની મહેનતની મૂડી પણ બચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મોરબીના શાનાળા રોડ પર રહેતા ભાવનાબેન મનોજભાઈ (ઉં.વ. ૪૦) ના માતાની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ આજે સવારે ૧૦:૩૦ વાગ્યે તેમને મળવા માટે રાજકોટ આવ્યા હતા. રાજકોટના નાણાવટી ચોક પાસેથી પસાર થતી વખતે અચાનક તબિયત લથડતા અને કદાચ ચિંતાના કારણે તેઓ રસ્તા પર જ બેભાન થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી તેમને સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.



આ દરમિયાન યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જયશ્રીબેન અને તેમની ટીમે મહિલાની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ભાવનાબેન પાસેથી ₹૫૮,૪૫૦ ની રોકડ રકમ મળી આવી હતી.

ભાવનાબેન હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને તેમની સ્થિતિ નાજુક હતી, ત્યારે હેડ કોન્સ્ટેબલ જયશ્રીબેને આ તમામ રકમ અત્યંત નિષ્ઠાપૂર્વક સાચવી રાખી હતી. મહિલા ભાનમાં આવતા જ પોલીસે ₹૫૮,૪૫૦ ની પૂરેપૂરી રકમ તેમને પરત સોંપી હતી. પોતાની પરસેવાની કમાણી સુરક્ષિત પાછી મળતા ભાવનાબેને પોલીસનો આભાર માન્યો હતો.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૭૪ | ૪૨૫ | ૬૪૮ |
| લીંબુ | ૪૯૧ | ૨૦૦૪ | ૪૦૩૮ |
| સાકરટેટી | ૧૨૫ | ૧૪૮ | ૨૯૦ |
| તરબુચ | ૧૩૧ | ૧૧૮ | ૨૨૯ |
| પપૈયા | ૨૯ | ૭૬ | ૧૪૭ |
| બટેટા | ૩૩૦૦ | ૯૮ | ૨૫૭ |
| ડુંગળી સુકી | ૩૩૩૮ | ૪૧ | ૨૪૦ |
| ટમેટા | ૬૨૫ | ૪૯૪ | ૮૩૯ |
| સુરણ | ૨ | ૭૭૪ | ૯૩૫ |
| કોથમરી | ૨૮૫ | ૪૦૧ | ૬૦૩ |
| મુળા | ૨૧ | ૩૩૧ | ૫૨૪ |
| રીંગણા | ૪૬૮ | ૧૧૪ | ૩૦૫ |
| કોબીજ | ૩૦૭ | ૯૮ | ૧૯૦ |
| ફલાવર | ૧૨૨ | ૩૩૨ | ૫૮૮ |
| ભીંડો | ૪૨૬ | ૯૩ | ૧૪૯ |
| ગુવાર | ૧૮૬ | ૨૬૮ | ૬૦૪ |
| ચોળાસીંગ | ૧૨૪ | ૨૮૫ | ૪૯૮ |
| ટીંડોળા | ૨૧ | ૨૬૯ | ૫૭૭ |
| દુધી | ૩૬૧ | ૯૩ | ૧૮૭ |
| કારેલા | ૧૦૧ | ૧૯૦ | ૩૩૪ |
| સરગવો | ૫૬ | ૨૨૬ | ૫૧૧ |
| તુરીયા | ૫૪ | ૨૨૧ | ૪૧૮ |
| પરવર | ૨ | ૬૨૯ | ૮૧૧ |
| કાકડી | ૩૪૪ | ૧૫૬ | ૩૧૧ |
| ગાજર | ૩૩૧ | ૨૬૧ | ૪૮૯ |
| વટાણા | ૬ | ૧૪૩૧ | ૧૭૭૯ |
| ગલકા | ૯૮ | ૧૩૧ | ૨૦૩ |
| બીટ | ૯૭ | ૧૮૮ | ૩૯૭ |
| મેથી | ૧૧૨ | ૫૫૬ | ૯૩૬ |
| ડુંગળી લીલી | ૧૧૧ | ૨૭૯ | ૪૦૪ |
| આદુ | ૭૧ | ૮૪૯ | ૧૦૨૪ |
| મરચા લીલા | ૯૮૦ | ૪૧૨ | ૭૩૯ |
| મકાઈ લીલી | ૮૮ | ૧૭૬ | ૨૪૫ |
| ગુંદા | ૪૩ | ૨૨૫ | ૪૩૩ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૪૨૦ | ૧૫૩૦ | ૧૭૭૭ |
| ઘઉં લોકવન | ૮૦૦ | ૪૪૮ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૩૪૦૦ | ૪૫૦ | ૫૮૨ |
| જુવાર સફેદ | ૩૧૦ | ૮૦૦ | ૯૭૦ |
| જુવાર લાલ | ૧૦ | ૭૫૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૧૦ | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૧૮ | ૩૭૦ | ૪૪૧ |
| તુવેર | ૭૦૦ | ૧૦૫૦ | ૧૫૨૫ |
| ચણા પીળા | ૦ | ૯૨૫ | ૧૦૬૨ |
| ચણા સફેદ | ૦ | ૧૧૫૧ | ૧૮૨૧ |
| અડદ | ૫૦ | ૧૨૭૧ | ૧૬૭૫ |
| મગ | ૨૭૦ | ૧૦૦૫ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૯૦ | ૭૨૦ | ૧૦૦૦ |
| વટાણા | ૬૦૦ | ૬૫૦ | ૧૦૫૧ |
| કળથી | ૫૦ | ૩૦૬ | ૩૪૨ |
| રાજમા | ૭૦ | ૬૩૦ | ૧૬૦૨ |
| સીંગદાણા | ૧૨ | ૧૮૦૦ | ૧૯૦૦ |
| મગફળી જાડી | ૨૦૦ | ૧૨૫૦ | ૧૪૩૦ |
| મગફળી જીણી | ૨૦૦ | ૧૨૭૦ | ૧૬૦૦ |
| તલી | ૪૫૦ | ૧૮૧૦ | ૨૧૪૪ |
| સુરજમુખી | ૨૫ | ૧૦૫૩ | ૧૦૫૩ |
| એરંડા | ૧૫૦૦ | ૧૦૫૦ | ૧૨૭૮ |
| અજમો | ૧૦ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| સુવા | ૨૦ | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૮૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સીંગફાડા | ૨૭૦ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| કાળા તલ | ૪૨૦ | ૨૬૫૦ | ૩૬૭૨ |
| લસણ | ૧૪૦૦ | ૭૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૮૦ | ૨૩૦૦ | ૨૫૧૦ |
| મરચા સુકા | ૧૦ | ૨૦૦૦ | ૪૫૦૦ |
| ધાણી | ૨૦૦ | ૨૩૨૫ | ૨૫૭૫ |
| વરીયાળી | ૨૬૦ | ૧૩૦૦ | ૨૧૫૦ |
| જીરૂ | ૬૦૦ | ૩૬૦૦ | ૪૦૦૦ |
| રાય | ૧૨૦ | ૧૧૬૦ | ૧૫૨૫ |
| મેથી | ૮૦૦ | ૧૧૭૪ | ૧૯૨૧ |
| ઈસબગુલ | ૨૪ | ૧૭૦૦ | ૨૦૫૧ |
| કલોંજી | ૪૪૦ | ૩૦૦૦ | ૩૫૭૫ |
| રાયડો | ૩૨૦ | ૧૦૫૦ | ૧૨૦૩ |

# રાજસ્થાની બુટલેગર શૈલેન્દ્ર ગોદારા પાસાના પાંજરે પુરાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે વોરંટની બજવણી કરી આરોપીને અમદાવાદ જેલહવાલે કર્યો

**અબતક, રાજકોટ**

દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રાજસ્થાની શખસ સામે પોલીસ કમિશનરે પાસાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે આ વોરંટની બજવણી કરી આરોપીની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલહવાલે કર્યો હતો. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ દારૂના ગુનામાં એકથી વધુ વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલા શૈલેન્દ્ર ઉર્ફે મુકેશ ઉર્ફે ઢોલુ પુરખામ ગોદરા(ઉ.વ. ૩૨ રહે. ટીબી, રાજસ્થાન) વિરૂધ્ધ ક્રાઈમ બ્રાંચે પાસાની દરાખસ્ત તૈયાર કરી પોલીસ કમિશરને મોકલી હતી. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ દરખાસ્ત પર મંજૂરીની મહોર લગાવી આરોપી સામે પાસાનું વોરંટ ઈશ્યુ કર્યું હતું. ક્રાઈમ બ્રાંચની ટીમે વોરંટની બજવણી કરી આરોપી શૈલેન્દ્ર ઉર્ફે મુકેશની પાસા હેઠળ અટકાયત કરી તેને અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.



આરોપી સામે અમદાવાદ ગ્રામ્યના બગોદરા, રાજકોટ ગ્રામ્યના વિંછીયા અને રાજકોટના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં દારૂ સહિતના ગુના નોંધાઈ ચૂકયા છે. પાસાની વોરંટ બજવણીની આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ. જાવદની રાહબરીમાં એએસઆઈ ભરતભાઈ વનાણી, ઘનશ્યામભાઈ મેણીયા, હેડ કોન્સ. પ્રદીપસિંહ જાડેજા, કોન્સ. પોપટભાઈ ગમરા સાથે રહ્યા હતાં.

## સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં

# પદાધિકારીઓની વરણી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી કરાશે

### ૧૫ મહાપાલિકામાં મેયર અને ૩૩ જિલ્લા પંચાયતના પ્રમુખની વરણીમાં ભાજપ જ્ઞાતિ-જાતિના સમીકરણોને ફીટ બેસાડશેઃ તમામ સમાજને સાચવી લેવાની નીતિ

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપનો જય જયકાર થઈ ગયો છે. તમામ ૧૫ મહાપાલિકામાં કમળ ખીલ્યું છે. ૩૪ પૈકી ૩૩ જિલ્લા પંચાયતમાં ભાજપને બહુમતી પ્રાપ્ત થઈ છે. ૮૪માંથી ૭૮ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આડે હવે માત્ર દોઢ વર્ષ બાકી છે. ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા મહાપાલિકા અને જિલ્લા પંચાયતોમાં પદાધિકારીઓની વરણી સંપૂર્ણ પણે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ કરશે તમામ સમાજની સત્તામાં પણ ભાગીદારી વધે તેવા ભરપૂર પ્રયાસો કરવામાં આવશે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન ખૂબજ શાનદાર રહ્યું છે. કોંગ્રેસની બેઠકો ચોકકસ વધી છે. પણ વોટશેર ઘટયો છે. આમ આદમી પાર્ટી ગાજી એટલી વરસી શકી નથી. ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમવાર આટલી મોટી ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપને અકલ્પનીય સફળતા મળી છે. જો જનાદેશનો આ ટ્રેન્ડ જળવાય રહે તો વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૧૮૨ બેઠકોમાંથી ૧૭૦ બેઠકો જીતી લેશે. આગામી એકાદ સપ્તાહમાં ચૂંટાયેલા તમામ જન પ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિધ્ધ થયા બાદ નવા

(અનુ. આઠમા પાને)

## રાજકોટ સહિત ૧૦ મહાપાલિકાઓમાં ‘કોંગ્રેસ’ને વિપક્ષનો દરજ્જો નહીં મળે

### કુલ બેઠકોની ૧૦ ટકા બેઠકો જીતવામાં અસફળ રહેલા કોંગ્રેસને હવે માન્ય વિપક્ષ તરીકે પણ સ્વીકારાશે નહીં : સુરતમાં તો પંજા કરતા સાવરણાનું પ્રદર્શન સારૂ રહ્યું

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું છે. કોંગ્રેસનો સફાયો બોલી ગયો છે. પરિવર્તનનો પવન ફુંકવા નિકળેલા આપનો સાવરણો પણ ચાલ્યો નથી. હવે ફાઈનલ પરિણામ બાદ રાજયની ૧૫ પૈકી ૧૦ મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસ કે આપને વિપક્ષનો દરજ્જો પણ મળે તેટલી બેઠકો પ્રાપ્ત થઈ નથી. રાજકોટમાં સતત બીજી વખત કોંગ્રેસ માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો જીતવામાં અસફળ રહ્યો છે. અમદાવાદ, ગાંધીધામ, ભાવનગર, કરમસદ-આણંદ અને નવસારીમાં જનતાએ કોંગ્રેસને વિરોધપક્ષ તરીકે લાયક ગણી શકાય તેટલી બેઠકો આપી છે.

ગાંધીધામ મહાનગરપાલિકાની ૫૨ બેઠકો પૈકી કોંગ્રેસ ૧૧ બેઠકો જીત્યું છે. જેના કારણે તેને માન્ય વિરોધપક્ષનો દરજ્જો મળશે જયારે અમદાવાદમાં ૧૯૨ બેઠકો પૈકી કોંગ્રેસને ૩૨ બેઠકો મળી છે. જયારે ભાવનગર મહાપાલિકામાં ૫૨માંથી ૮, કરમસદ-આણંદ મહાપાલિકામાં ૫૨ માંથી ૮ અને વાપી મહાનગરપાલિકામાં ૫૨ માંથી ૧૧ બેઠકો જીતીને કોંગ્રેસે નિયમ મુજબ માન્ય વિપક્ષની લાયકાત મલે તેટલી બેઠકો જીતવામાં ચોક્કસ સફળતા મેળવી છે. મહેસાણા મહાનગરપાલિકામાં કોંગ્રેસ ૫૨ માંથી ૫ બેઠકો જીત્યું છે. જયારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ૫૨ માંથી માત્ર ૧ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બન્યા છે. રાજકોટ મહાનગરપાલિકામાં

(અનુ. આઠમા પાને)

# ભવ્ય જીતથી સરકાર – સંગઠનની જવાબદારી વધી છેઃ મુખ્યમંત્રી

- ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીમાં હરિફોનો સંપૂર્ણ સફાયો થશેઃ જગદીશ વિશ્વકર્મા
- ગુજરાતની જનતા અને ભાજપ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બન્યોઃ હર્ષ સંઘવી



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયને વધાવવા કર્ણાવતી મહાનગરના ખાનપુર સ્થિત જે.પી. ચોક ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા દ્વારા વિજયોત્સવ મનાવાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ભવ્ય વિજય બદલ સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનને સહૃદય કોટી કોટી વંદન કરતાં જણાવ્યું કે આજનો વિજય જનતાના ભાજપા પ્રત્યેના

(અનુ. આઠમા પાને)

## આકરા તાપમાં ભાજપના કાર્યકરો કરેલા પ્રચંડ પુરૂષાર્થની જીત : અમિત શાહ

### મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષને અભિનંદન પાઠવતા ગૃહમંત્રી




કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે સમગ્ર ગુજરાત અને ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાને મળેલા ભવ્ય વિજય બદલ રાજયના તેમજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સર્વે નાગરિકોનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ અમદાવાદ મહાનગરપાલિકા ઉપરાંત કલોલ, સાણંદ અને બાવળા તાલુકા પંચાયત, કલોલ નગરપાલિકા તેમજ અમદાવાદ અને ગાંધીનગર જીલ્લા પંચાયત તમામમાં

(અનુ. આઠમા પાને)

### વિકાસની જીત, ગુજરાતની જીતઃ વડાપ્રધાને ગુજરાતીઓનો આભાર માન્યો



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજય બદલ સૌ વિજેતા ઉમેદવારોને, પક્ષના દેવદુર્લભ કાર્યકર્તાઓને તથા પક્ષના શીર્ષ નેતૃત્વને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા હતાં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે છેલ્લા ત્રણ દાયકામાં વિકાસની

(અનુ. આઠમા પાને)

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ

# આચારસંહિતા ઉઠાવી લેવાઈઃ ફરી વિકાસ ‘હડી’ કાઢશે

### અલગ-અલગ ત્રણ તાલુકામાં માત્ર આચાર સંહિતા અમલમાં રહેશે લોકાર્પણ અને ખાતમુહુર્ત સહિતના સરકારી કામો વેગવાન બનશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે ગત ૧ એપ્રિલથી અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતા ગઈકાલે ચૂંટણીના પરિણામો જાહેર થતાની સાથે જ ઉઠાવી લેવામાં આવી છે. હવે વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહુર્ત કરી શકાશે કોઈ પણ સરકારી કામો પણ થઈ શકશે. માત્ર ત્રણ તાલુકામાં આચારસંહિતા અમલમાં રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર મુજબ તા. ૧ એપ્રિલથી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણી માટે આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ હતી.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ અનુસાર ૬-ચિતરીયા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા, (૨) ૩-અસ્તાન તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બારડોલી, જિ. સુરત અને (૩) ૪-દહેગામડા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બાવળા, જિ. અમદાવાદની ચૂંટણી માટે ચૂંટણી કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

આ ત્રણ બેઠકોના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ-૨૦૨૬ અંગેની મતગણતરી ઉક્ત ત્રણ બેઠકો સિવાય આજ તા.૨૮-૦૪-૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ હોવાથી, તા. ૦૧-૦૪-૨૦૨૬ ના પરિપત્રથી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં આવેલ આદર્શ આચારસંહિતા મતગણતરી પૂર્ણ થતા ઉક્ત ત્રણ તાલુકા પંચાયત મતદાર મંડળોના વિસ્તાર સિવાયના વિસ્તારમાં આચારસંહિતા અમલમાં રહેતી નથી.

# કાલે “સ્વાગત” કાર્યક્રમઃ સીએમ અરજદારોને રૂબરૂ સાંભળશે

### સવારે ૮ થી ૧૧ ગાંધીનગર ખાતે રૂબરૂ જઈ ફરિયાદ કરી શકાશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો - ફરિયાદોના ઓનલાઈન નિવારણનો એપ્રિલ મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ કાલે ગુરૂવારે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ-૨૦૨૬નો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા.૩૦મી એપ્રિલે યોજવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની આદર્શ આચાર સંહિતાને અનુલક્ષીને રાજ્ય કક્ષાનો ગત તારીખ ૨૩ એપ્રિલના રોજ યોજાનારો સ્વાગત કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો.

આ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ-૨૦૨૬નો રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ પાંચમા ગુરૂવાર એટલે કે ૩૦ એપ્રિલ, ગુરૂવારના રોજ યોજવામાં આવશે.

નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા.૩૦મી એપ્રિલના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

# કેબીનેટ બેઠકમાં મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીને શાનદાર જીત બદલ અભિનંદન આપતો ઠરાવ

### આચારસંહિતા ઉઠતાની સાથે જ ચાર સપ્તાહ પછી કેબીનેટની બેઠક મળીઃ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના કારણે છેલ્લા ૨૮ દિવસથી રાજ્યમાં અમલમાં રહેલી આંચારસંહિતા ગઈકાલે મોડી રાત્રે ઉઠાવી લેવાની જાહેરાત કરવામાં આવતાની સાથે જ આજથી સરકાર ફરી એક્ટિવ મોડમાં આવી ગઈ છે. આજે બુધવાર હોય રાબેતા મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય સરકારના મંત્રી મંડળની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સાનદાર જીત બદલ મંત્રી મંડળના તમામ સભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો હતો. કેબીનેટમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

દર સપ્તાહે બુધવારે કેબીનેટની બેઠક મળે છે. જેમાં અલગ અલગ વિષયો પર ચર્ચા કરી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવતા હોય છે. ગત ૧ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ રાજ્યભરમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ હતી. જેના કારણે કોઈ પણ વિકાસ કામોને મંજુરી આપી શકાય નહીં કે કોઈ વહીવટી નિર્ણય લઈ શકાય નહીં ગઈકાલે ચૂંટણીના પરિણામો જાહેર થતાની સાથે જ ત્રણ તાલુકાને બાદ કરતા

(અનુ. આઠમા પાને)

# સૂર્યદેવ રાતાચોળઃ ૪૩.૬ ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર

### ૪૮ કલાક ગરમીનો પારો યથાવત રહેશે પારો ૪૪ ડિગ્રીએ પહોંચે તેવી શક્યતા રાજ્યના પાંચ શહેરોનું તાપમાન ૪૨ ડિગ્રી કરતા વધુ નોંધાયું

#### બપોરના સમયે રસ્તાઓ પર કર્ફ્યુ જેવો માહોલ

સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં રાત્રિના સમયે પણ ભારે બફારાનો અનુભવ થઈ રહ્યો હતો. ખાસકરીને હાઈવે માર્ગો પર પણ રાત્રીના સમયે ઉકળાટ અનુભવાયો હતો.ગરમી અને ઉકળાટના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. ખાસ કરીને ૧૨થી ૪ વાગ્યા દરમિયાન લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. કામકાજ માટે નીકળતા લોકો પણ છાંયો અને ઠંડક શોધતા જોવા મળ્યા હતા. ગરમીથી બચવા લોકો ઠંડા પીણાં, છાશ અને લીંબુ પાણી તરફ વળી રહ્યા છે.

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં હાલ અંગ દઝાડતી ગરમીએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી બે દિવસ સુધી રાજ્યમાં ગરમીનો પારો સતત ઊંચો રહેશે. રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી અને અમદાવાદમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસને વટાવી શકે છે, જેના કારણે પ્રશાસન દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

બપોરે અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો અને ભેજનું પ્રમાણ ઘટી જતા રાત્રે પણ બફારાનો અનુભવ થઈ રહ્યો હતો.

સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર રાજકોટ ૪૩.૬ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. તે જ સમયે અમદાવાદમાં પણ ૪૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સતત વધતા તાપમાનના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હીટવેવની આ સ્થિતિ આગામી ૪૮ કલાક સુધી યથાવત રહેવાની શકયતા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની ધારણા છે આ આકરી ગરમીમાં લૂથી બચવા માટે બપોરના સમયે કામ વગર ઘરની બહાર ન નીકળવા અને વધુમાં વધુ પાણી અને પ્રવાહી પીવા માટે તબીબો દ્વારા સલાહ આપવામાં આવી છેતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરી નાગરિકોએ પોતાના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બની ગયું છે.

**ક્યાં શહેરનું કેટલું તાપમાન**

| | |
|---|---|
| અમદાવાદ | ૪૩.૨ |
| ડીસા | ૪૧.૮ |
| ગાંધીનગર | ૪૨.૮ |
| વડોદરા | ૪૧.૬ |
| ભુજ | ૪૦.૦ |
| કંડલા | ૪૧.૫ |
| અમરેલી | ૪૨.૯ |
| ભાવનગર | ૩૯.૭ |
| દ્વારકા | ૩૩.૫ |
| રાજકોટ | ૪૩.૬ |
| સુરેન્દ્રનગર | ૪૨.૮ |